कर भला होगा भला
- છગનભા



વર્ષ : 12 ◆ અંક : 3
મે-જૂન 2022
સળંગ અંક : 69

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ



હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા યુનિવર્સિટીના કુલાધિપતિ અને ગુજરાત રાજ્યના ગવર્નર મહામહિમ આચાર્ય દેવવ્રતજી, શિક્ષણવિદ ડૉ. મફતલાલ પટેલને D. Litt.ની ડિગ્રીથી વિભૂષિત કરી રહ્યા છે.




'ઈન્ટરનેશનલ બુકર પ્રાઈઝ'થી અલંકૃત હિન્દી ઉપન્યાસ 'રેત સમાધિ' (English tr. Tomb of Sand)નાં સર્જક ગીતાંજલિ શ્રી



# મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટરનું ગૌરવ



## પ્રણવ ગોવિંદભાઈ અગ્જા

જન્મ તા. : 22 ડિસેમ્બર, 1989

વતન : સાંગણપુર, જિ. મહેસાણા

શિક્ષણ : ધોરણ 1થી 11 સેંટ ઝેવિયર્સ, ગાંધીનગર

કૉલેજ : B. Tech. Nirma, Ahmedabad

પ્રણવ અગ્જાએ મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગમાંથી અભ્યાસ કરીને યુપીએસસી દ્વારા વર્ષ 2019માં લેવાયેલ પરીક્ષામાં 755મો રેન્ક મેળવ્યો હતો અને તેમને ICLS (Indian Corporate Law Service) મળી હતી. તેઓશ્રીએ વધુ સારી સર્વિસ મેળવવા સતત અધ્યયનશીલ બની રહેતાં 2021માં પુનઃ સિવિલ સર્વિસની પરીક્ષા ઉત્તીર્ણ કરી AIR (All India Rank) 665 મેળવ્યો છે. અભિનંદન.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૧૨, અંક : ૩, મે-જૂન ૨૦૨૨; સળંગ અંક : ૬૯

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : D. Litt.ની ડિગ્રીથી અલંકૃત શિક્ષણ અને સમાજસેવાને સમર્પિત પ્રતિભાપુરુષ ડૉ. મફતલાલ પટેલ (૧૯૩૭-) મણિભાઈ પ્રજાપતિ ૧
- પ્રાસંગિક 'International Booker Prize'થી વિભૂષિત ગીતાંજલિ શ્રી ૧૪

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર ઇતિહાસની અટારીએથી : શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ (પ્રથમ વાર્ષિક સંમેલન, કડી; ૧૯૨૧) : સેક્રેટરીનો રિપોર્ટ નગીનભાઈ વ્રજલાલ પટેલ ૧૬

૨. વિશ્વ સાહિત્યની અટારીએથી : બુચી એમેચેટા : ૧૯૪૪-૨૦૧૭ ડૉ. મનીષ વ્યાસ ૨૦

૩. રાષ્ટ્રીય શિક્ષણનીતિ - અમલીકરણ ડો. કમલેશ જોશીપુરા ૨૩

૪. જીવનની ગુણવત્તા વધારવા માટે શિક્ષણ તુલસીભાઈ શાહ ૨૪

૫. તાતા પરિવાર (Tata Family) વિઠ્ઠલભાઈ અં. પટેલ ૨૭

૬. અમેરિકાની સુપ્રીમ કોર્ટના પહેલા નીગ્રો ન્યાયમૂર્તિ થુરગુડ માર્શલ શરદભાઈ શાહ ૩૮

૭. ગ્રંથસૌરભ મણિભાઈ પ્રજાપતિ ૪૨

– માણસાઈના મશાલચી ડૉ. મફતલાલ પટેલ / લેખક - સંપાદક : દધિચી ઠાકર

– અનોખા માનવરત્ન અને સવાયા જીવનશિલ્પી અનિલભાઈ પટેલ / સંપાદક : ભિખેશ ભટ્ટ, રમેશ તન્ના અને અનિતા તન્ના

૮. સંસ્થા સમાચાર ૪૬


**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, **કડી સર્વ વિશ્વવિદ્યાલય,**

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,

સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬

e-mail : manibhaiprajapati@gmail.com

ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### D. Litt.ની ડિગ્રીથી અલંકૃત શિક્ષણ અને સમાજસેવાને સમર્પિત પ્રતિભાપુરુષ ડૉ. મફતલાલ પટેલ (૧૯૩૭ -)

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી અને ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના વરદ્હસ્તે શિક્ષણ અને સમાજસેવાને સમર્પિત પ્રતિભાપુરુષ ડૉ. મફતલાલ પટેલ અને સ્વામિનારાયણ સંત જ્ઞાનવત્સલ સ્વામીને યુનિવર્સિટીમાં તા. ૨૭ મે, ૨૦૨૨ના રોજ આયોજિત પદવીદાન સમારોહમાં D.Litt.ની માનદ્ ઉપાધિ એનાયત કરીને વિભૂષિત કરવામાં આવ્યા. આ ગૌરવશીલ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ આ બંને મહાનુભાવોને પ્રસન્નતાપૂર્વક સાદર અભિવંદના પાઠવવાની સાથે સુદીર્ઘકાળ સુધી તેમના અધીતનો લાભ સમાજને મળતો રહે એવી અભિલાષા સેવે છે. આ સાથે જ કુલપતિ ડૉ. જે. જે. વોરાસાહેબ અને યુનિવર્સિટીનાં વિવિધ સત્તામંડળોને આ દષ્ટિપૂત સમારોહના

આયોજન માટે અભિનંદન પાઠવે છે.

● ● ●

**પ્રસ્તાવના**

સુપ્રસિદ્ધ સૂકિત **'देवायत्तं कुले जन्म मदायत्तं तु पोरुषम्'**ને પોતાનાં ધ્યેયનિષ્ઠા, કઠોર પરિશ્રમ, વિદ્યાસાધના અને પ્રામાણિકતાનાં સાંગોપાંગ નિર્વાહથી ચરિતાર્થ કરનાર ડૉ. મફતલાલ પટેલ સમાજજીવનનું એક ગૌરવશિખર છે. તેમણે એક સામાન્ય ખેડૂત

પરિવારના કર્મઠ અને ભાવનાશીલ પુત્ર, વિદ્યાર્થી, ઋષિકુળ પરંપરાના શિક્ષક-અધ્યાપક, કેળવણીકાર, રાજકીય કાર્યકર, લોકસેવક વગેરેની ભૂમિકાઓ ઉદાહરણસ્વરૂપ સત્કાર્યોથી દીપાવી હોવાથી આવા મૂઠી ઊંચેરા અલગારી સારસ્વતના અસ્તિત્વથી **'कुलं पवित्र, जननी कृतार्था, वसुंधरा च पुण्यवती अेन'** (પદ્મપુરાણ) અર્થાત્ તેમનં કુળ, જનની અને માતૃભૂમિ ખરા અર્થમાં ગૌરવ અનુભવે છે. આ શબ્દો તેમના પ્રતિ અહોભાવ વ્યકત કરવા કે પ્રશંસા માટે નથી, પણ નરસિંહ મહેતા અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને અભિપ્રેત એવા સાચા અર્થમાં **'વૈષ્ણવજન'** જેવું જીવન જીવનાર ડૉ. મફતભાઈ માટે છે, કે જેમની સેવાની સરવાણીથી સેંકડો માણસો લાભાન્વિત થવાની સાથે પોતાના રોલ મોડેલ તરીકે સ્વીકારેલ છે, એવા ગૌરવપુરુષની અભિવંદના કરતો આ હૃદયોલ્લાસ છે.

ડૉ. મફતભાઈના બહુશ્રુત અને બહુઆયામી વ્યક્તિત્વને ઉજાગર કરવા માટે આપણે આભારી છીએ ડૉ. અનિલાબહેન પટેલના કે જેમણે આત્મસ્ફુરણાથી શ્રી મફતભાઈની અને આવશ્યકતાનુસાર સંબંધિત વ્યક્તિઓ/સંસ્થાઓની મુલાકાત લઈને **'સેવાની સોનોગ્રાફી'** શીર્ષક હેઠળ એક પ્રેરક ગ્રંથની રચના કરી છે. શ્રી મફતભાઈએ કેવા સંજોગો અને પરિસ્થિતિમાં વિવિધ વ્યક્તિઓને ઉપયોગી નીવડ્યા તે સંબંધી ૧૦૦ જેટલી ઘટનાઓનું અનિલાબહેને જીવ રેડીને સંવેદનશીલ કથાઓનું સર્જન કર્યું છે. સંભવ છે કે દસ્તાવેજીકરણના અભાવે આ ઘટનાઓ કાળના પ્રવાહમાં વિગલિત થઈ જતાં ઝાઝો સમય ન લાગત. આ ગ્રંથથી આપણને મફતભાઈના વ્યક્તિત્વનાં વિવિધ ઊજળાં પાસાંઓ જેમ કે વિનમ્ર સંવેદનશીલ સમાજસેવક, આદર્શ અને કર્મઠ શિક્ષક, કન્યાકેળવણીના હિમાયતી, કાયદાના તજ્જ્ઞ, કેળવણીવિદ્, ન્યાયના રખેવાળ, મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અધ્યયનને પોતાના વ્યવહારમાં ક્રિયાન્વિત કરનાર, કોમી એખલાસતાના પુરસ્કર્તા, રાજકારણમાં રહીને પણ નીતિના હિમાયતી, ગાંધીજીના ટ્રસ્ટીશિપના સિદ્ધાંતને આત્મસાત કરનાર, પક્ષીય રાજકારણથી દૂર રહેવું વગેરે વિશે સુપરિચિત થઈએ છીએ. નોંધ લેવી રહી કે આ ગ્રંથ ડૉ. અનિલા પટેલની સર્જકપ્રતિભાનો દ્યોતક છે. આ ઉપરાંત તેમના અમૃતપર્વની ઉજવણી પ્રસંગે તેમના શુભેચ્છકો દ્વારા તેમનું અભિવાદન કરતો ગ્રંથ ડૉ. મોહનભાઈ પંચાલ વગેરે ધ્વારા સંપાદિત **'આનર્તના અલગારી સારસ્વતઃ સત્વથી સત્ય સુધી'** (૨૦૧૨) પ્રગટ કર્યો છે, જેમાં સમાજજીવનના અનેકવિધ અગ્રણીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, સ્નેહીજનો, વિવિધ ક્ષેત્રોના સહકાર્યકરો વગેરે કૃત શતાધિક લેખો અને આનુષંગિક મૂલ્યવાન સામગ્રી ગ્રંથસ્થ કરવામાં આવી છે. વધુમાં, ડૉ. બાલશૌરિ રેડ્ડી, ડૉ. કમલકિશોર ગોયન્કા વગેરે સંપાદિત 'સમસામયિક હિન્દી સાહિત્ય : વિવિધ આયામ : ડૉ. મફતલાલ પટેલ અભિનંદન ગ્રંથ' (૨૦૧૨, ૨ ભાગ, ૧૩૯૪ પૃ.) એ હિન્દી ભાષા-સાહિત્યનો એક અણમોલ સંદર્ભ ગ્રંથ છે કે જેમાં ગુજરાત, વિદેશોમાં અને સ્વદેશમાં હિન્દી ભાષા-સાહિત્યની વ્યાપક પરિપેક્ષ્યમાં સ્થિતિને ઉજાગર કરતા અભ્યાસમૂલક લેખો ગ્રંથસ્થ છે. આ બધી સામગ્રી તેમના બહુઆયામી અને બહુશ્રુત અંતરંગ વ્યક્તિતત્વની ઓળખ માટે મૂલ્યવાન બની રહે છે. આ ઉપરાંત મફતભાઈના નિર્ભીક અને આખાબોલા વ્યક્તિત્વની first hand જાણકારી હેતુ તેમણે સ્વયં લખેલા **'મારું સામાજિક જીવન'** અને **'મારું જીવન અંજલિ થાઓ'** શીર્ષકો હેઠળના આત્મચરિત્રાત્મક લેખો કે જે અભિવાદન ગ્રંથમાં તથા હીરાલાલ પ્રજાપતિ કૃત **'જાગ્રત કેળવણીકાર, સાહિત્યકાર અને સમાજસેવક ડૉ. મફતલાલ પટેલ'** (૨૦૧૧)માં ગ્રંથસ્થ છે તે દષ્ટવ્ય બની રહે છે. આ બંને લેખો મફતભાઈના જીવનની કરુણ કથની તેમજ હૃદયની સચ્ચાઈથી કડવી અને વાસ્તવિક હકીકતો ઉજાગર કરતા હોવાની સાથે તત્કાલીન રૂઢિગ્રસ્ત અને ગરીબાઈમાં સબડતા સમાજની તાસીર રજૂ કરતા હોઈ દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. આ બંને લેખોની સીધી અને સરળ તથા હૃદય સોંસરવી ઉતરી જાય તેવી ભાષા અને વિષયવસ્તુ ધ્યાનાર્હ બની રહે છે. આ ઉપરાંત તાજેતરમાં જ તેમના વિશે પ્રગટ થયેલા બે ગ્રંથો : **'ગ્રંથવૈભવ** : ડૉ. મફતલાલ પટેલના સાહિત્યાસ્વાદનો સંચય' (૨૦૨૧) અને **'માણસાઈના મશાલચી ડૉ. મફતલાલ પટેલ'** (૨૦૨૨) તેમના સાહિત્યિક પ્રદા અને મૂઠી ઊંચેરા વૈષ્ણવજનીય વ્યક્તિત્વને ઓળખવા પર્યાપ્ત બની રહેશે.

● **જન્મ - શિક્ષણ - પરિવાર**

આવા ગૌરવપુરુષ મફતભાઈનો જન્મ તેમના વતન કડા, તા. વિસનગરમાં ઉત્તરાયણપર્વના દિને તા. ૧૪ જાન્યુઆરી, ૧૯૩૭ ના રોજ થયો હતો. માતાનું નામ મણિબા અને પિતાશ્રીનું નામ જેઠાભાઈ તુલસીદાસ પટેલ. તેમનાં પત્નીનું નામ શ્રીમતી આનંદીબહેન પટેલ કે જેઓશ્રી ગુજરાતનાં પૂર્વ-મુખ્યમંત્રી અને હાલમાં ઉત્તર પ્રદેશનાં રાજ્યપાલ છે. તેમના પરિવારમાં પુત્રી અનાર અને પુત્ર સંજય છે. નોંધવું રહ્યું કે ડૉ. મફતભાઈએ પોતાનું એક અન્ય નામ **'મધુવીર'** પણ રાખ્યું છે અને આ નામ હેઠળ **'ચાલો જીવી લઈએ'** (૨૦૨૦) પુસ્તક પણ પ્રકાશિત કર્યું છે.

ઔપચારિક શિક્ષણ મેળવવાની વયથી જ તેમનામાં ઉચ્ચતમ શિક્ષણ મેળવવાનો અને અન્યોને પણ શિક્ષણ લેતા કરવાનો ધખારો જોવા મળે છે. વર્નાકયુલર ફાઇનલ પરીક્ષા પાસ કરવાના કારણે માધ્યમિક શિક્ષણનો અભ્યાસ પડતો મૂકીને પોતાના પરિવારની સાધારણ આર્થિક સ્થિતિના કારણે સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે જોડાયા. નોકરીની સાથે અભ્યાસ ચાલુ રાખતાં S.S.C.E. થી Ph.D સુધીનું એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે શિક્ષણ મેળવ્યું. વિસનગર તાલુકાના બબ્બે વાર **'વ્યાયામ વીર'**નું સન્માન પણ પામ્યા હતા. ગર્વરૂપ ઘટના તો એ છે કે એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે ગુજરાત યુનિવર્સિટીમાંથી **B.A. (Hindi)ની ડિગ્રી ગોલ્ડ મેડલ** સાથે મેળવી અને **ત્રણ-ત્રણ વિષયો હિન્દી, સંસ્કૃત અને માનસશાત્રમાં M.A.**ની ડિગ્રીઓ ત્રણ વખત મેળવવા સાથે અનેકવિધ પરીક્ષાઓ જેમ કે, 'રાષ્ટ્રભાષા રત્ન', 'સેવક', 'સાહિત્યરત્ન', 'સાહિત્ય રત્નાકર', 'હિન્દી રત્નાકર', 'એચ.એસ.એસ', 'સંસ્કૃત વિશારદ', 'સંસ્કૃત સાહિત્યશાત્રી' વગેરે પાસ કરી. **Ph.D.**ની ડિગ્રી **હિન્દી** વિષયમાં મેળવી. **સંસ્કૃત અને મનોવિજ્ઞાન**ના માર્ગદર્શક અધ્યાપકોનાં આકસ્મિક અવસાન થતાં પૂર્ણતાને આરે આવેલા શોધપ્રબંધો અધૂરા રહેતાં આ બે વિષયોમાં પણ પીએચ.ડી. ની ડિગ્રી મેળવવાના મનોરથો અધૂરા રહ્યા. વિદ્યાપ્રાપ્તિની આ ભૂખ આર્ષગ્રંથ ગીતાને અભિપ્રેત એવા **'યોગભ્રષ્ટ'** વ્યક્તિની સદ્યઃ પ્રતીતિ કરાવે છે. પૂર્વજન્મની અધૂરી સાધના આ જન્મમાં પૂર્ણ કરી રહ્યા છે.

● **ઉત્સાહી, કર્મઠ અને પ્રતિજ્ઞાબદ્ધ નવયુવક**

આ ઉત્સાહી અને કર્મઠ નવયુવક પોતાની કારકિર્દીના પ્રારંભથી જ પોતાના સમાજમાં પ્રચલિત કુરિવાજો અને કૃષિ આધારિત નભતા સમાજની સાધારણ આર્થિક સ્થિતિને ધ્યાને લઈ શિક્ષણના પ્રચાર-પ્રસારની સાથે સામાજિક કુરૂઢિઓ દૂર કરવા પ્રતિજ્ઞાબદ્ધ બની રહેલ છે. આ સંદર્ભે તેમણે સ્વયં નોંધ્યું છે કે ''હું ભણતો હતો ત્યારે મને રવિશંકર મહારાજ મળેલા. તેમના વિચારો મારા જીવનમાં કવચ કુંડલ બની ગયેલા અને બબલભાઈ મહેતા તથા શંકરભાઈ પટેલે (શેલાવીવાળા) શાળાનાં બાળકોને બારમું (પ્રેત ભોજન) નહિ ખાવાની પ્રતિજ્ઞા લેવડાયેલી. મેં પણ લીધેલી, જે જીવનપર્યંત પાળી.'' તેમજ ધોરણ-૫ના અભ્યાસ દરમિયાન ''૧. પ્રેતભોજન નહીં ખાઉં, ૨. બાળ લગ્ન નહીં કરું, ૩. સાટા પેટામાં નહી પડું, ૪. સોનાનો ત્યાગ કરીશ, અને ૫. લગ્નના ખોટા ખરચાઓ અને દહેજનો ત્યાગ કરીશ'' (હીરાલાલ પ્રજાપતિ, પૃ. ૧૫, ૧૩) આ પાંચ પ્રતિજ્ઞાઓ લીધી અને તેને આજ સુધી વળગી રહ્યા છે. પ્રેતભોજન (બારમા) માટે પિતાનો ઠપકો અને માર પણ ખાધો તેમજ પોતાની બહેનને સાટા વગર પરણાવવા માટે મક્કમ રહેતાં મામાનો વિરોધ સહન કર્યો અને છેવટે માતા-પિતાએ પણ તેનું અનુમોદન આપ્યું. આ જ રીતે અત્યંત સાદાઈથી પોતાનાં લગ્ન કર્યાં. આ સાદગી તેમના જ શબ્દોમાં જોઈએ : **''મેં સો રૂપિયામાં લગ્ન કરવાનો નિર્ણય કર્યો. આમાં મારાં કપડાં, સામે પક્ષે લઈ જવાનાં કપડાં, ભોજન વ્યવસ્થા બધું જ... એક ખાદીનો ઝભ્ભો, ને એક લેંઘો. એ વખતે ૫ થી ૬ રૂપિયામાં આ આવી ગયું. ચંપલ જૂનાં ચલાવી લીધાં. મારી પત્ની માટે સાડી ખાદી ભંડારમાંથી ખરીદી. દાગીના લઈ જવાના ન હતા. વરઘોડો કાઢવાનો નહી... સોનું નહી પહેરવાની મેં પ્રતિજ્ઞા લીધી હતી... લગ્નમંડપમાં આનંદીએ પહેરેલા દાગીના ઉતારવાની હઠ લેતાં છેલ્લે દાગીના ઉતાર્યા''**. આર્થિક રીતે પગભર થવા છતાં પોતાનાં પુત્ર-પુત્રીઓનાં લગ્ન પણ કોઈ જાતના ભભકા વગર સાદાઈથી કર્યાં હતાં. આ સાથે જ પિતાશ્રીની શીખ ''તું નોકરી ભલે કરે પણ એક પણ પૈસો કોઈનો લેતો નહિ, કોઈની આંતરડી કકળાવીએ

તો ભગવાન આપણને સુખી રાખે નહિ''ને હૈયામાં કોતરી રાખવાની સાથે આ સંદર્ભે તેમણે નોંધ્યું છે કે, ''બાપા તો અભણ હતા, છતાં આવી સમજ હતી, ને બાપાના બોલ આજે મને સતત યાદ આવે છે. હું જીવનભર પ્રામાણિક રહ્યો હોય કે ભ્રષ્ટાચારથી એક પણ પાઈ ઘરમાં લાવ્યો ન હોય તો તેનું કારણ મારા બાપા હતા''નું પણ અણીશુદ્ધ પાલન કરતા રહ્યા છે. આમ, સમાજસુધારણા અને ગ્રામોત્થાન માટે જે કોઈએ માર્ગ ચીંધી આપ્યો તેનું પોતે પાલન કરતા રહ્યા છે.

**● વ્યવસાયિક કારકિર્દી**

વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ ગોઝારિયા પાસેના અમરાપુરા ગામમાં સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકથી કર્યો. અહીંથી આનંદપુરા (કુકરવાડા)માં પ્રાયઃ એકાદ વર્ષ નોકરી કર્યા બાદ ૧૯૬૦ -૬૬ સુધી વિવિધ હાઈસ્કૂલો - અમદાવાદ, ખેરવા અને છેલ્લે નૂતન સર્વ વિદ્યાલયમાં શિક્ષક તરીકે સેવાઓ આપી. ૧૯૬૬-૬૯ અમદાવાદ આર્ટ્સ-સાયન્સ કૉલેજમાં હિન્દીના અધ્યાપક અને ૧૯૬૯-૯૫ સુધી (સ્વૈચ્છિક નિવૃત્તિપર્યંત) સરસપુર આર્ટ્સ-કૉમર્સ કૉલેજમાં મનોવિજ્ઞાનના અધ્યાપક તરીકે સેવાઓ આપી હતી. આ ત્રણેય પદો ઉપર વિવિધ સ્થળો/ સંસ્થાઓમાં ભારે ઉત્સાહ, કર્તવ્યનિષ્ઠા, કોઠાસૂઝ અને પ્રતિબદ્ધત્તાથી સેવાઓ આપતાં આ બધી સંસ્થાઓમાં તેમની સુવાસ આજે પણ મઘમઘી રહી છે. અધ્યયન-અધ્યાપનની નિષ્ઠા સાથે સાથે જરૂરતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહયોગ આપવો તેમજ તેજસ્વી કારકિર્દીના ઘડતર માટે સતત પ્રયત્નશીલ બની રહેવું એ તેમના લોહીનો લય બની રહ્યો હતો. તેમની આ પ્રકૃતિ તેમનામાં આજે પણ દ્વિગુણિત ઉત્સાહથી સભર જોવા મળે છે.

અધ્યાપક તરીકેની કારકિર્દી દરમિયાન રાજકીય રંગે રંગાતાં 'અમદાવાદ જિલ્લા પંચાયત'ની 'શિક્ષણ સમિતિ'ના ચૅરમૅન અને ઉપપ્રમુખ તરીકેનાં આ બે પદો ૧૯૯૫-૨૦૦૦ સુધી એક અદના શિક્ષકની નિષ્ઠાથી નિભાવ્યાં. તેમના આ કાર્યકાળ દરમિયાન અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓના શિક્ષણનું સ્તર સુધારવામાં તેમજ લોકભાગીદારીથી શાળાઓની કાયાપલટ કરવામાં તેમનું યશસ્વી અને સીમાચિહ્નરૂપ પ્રદાન રહ્યું છે. પ્રસંગોપાત્ત વિવિધ શાળાઓના શિક્ષકોની અને ગ્રામજનોની રૂબરૂ મુલાકાત લઈને પોતાની ફરજો અને હકો વિશે જાગ્રત કર્યા અને સંબંધિત અધિકારીઓને પણ કર્તવ્યપથ ઉપર આરૂઢ કર્યા. આ સાથે જ રાજકીય કિન્નાખોરીનો ભોગ બનનાર અધિકારીઓના પક્ષે ઊભા રહીને તેમને ન્યાય અપાવવો અને શિક્ષકોની સમસ્યાઓનો સહૃદયતાથી ઉકેલ લાવવો એ તેમના જીવનનો અંતરંગ હિસ્સો બની રહ્યો હતો.

**● લોકસેવક અને રાજકારણી**

નૂતન સર્વ વિદ્યાલય, વિસનગરમાં શિક્ષક તરીકેની કારકિર્દી દરમિયાન ઉત્તર ગુજરાતની સહકારી પ્રવૃત્તિના ભીષ્મપિતા અને લોકસેવક શ્રી સાંકળચંદ પટેલ, ઉપરાંત પીતાંબર પટેલ, ઈશ્વર પેટેલીકર વગેરેના સંપર્ક અને પ્રોત્સાહનથી સમાજ સુધારણાના **crusader** બની રહ્યા. **'સમાજ કો બદલ ડાલો'** શીર્ષક હેઠળ નાટિકાની રચના કરીને વિદ્યાર્થીઓ પાસે ગામેગામ તેની ભજવણી કરીને લોકજાગૃતિ આણવા અથાક પ્રયાસો કર્યા. વિસનગર છોડીને કૉલેજમાં પ્રોફેસર તરીકેની ઉજ્જ્વળ કારકિર્દી (પ્રારંભમાં અમદાવાદ આર્ટ્સ-સાયન્સ અને ત્યાર બાદ સરસપુર આર્ટ્સ-કૉમર્સ કૉલેજ) હેતુ અમદાવાદ સ્થાનાન્તરિત થયા. અધ્યાપકીય ફરજોના પાલન સાથે પોતે લેઉવા પાટીદાર હોવા છતાં કડવા પાટીદારોની સંસ્થા 'ધરતી વિકાસ મંડળ'ની પ્રવૃત્તિઓમાં સક્રિયપણે જોડાયા. આ મંડળના મુખપત્ર 'ધરતી'ના તંત્રી તરીકે સતત ૧૪ વર્ષ સેવાઓ આપીને 'ધરતી'ને પાટીદાર સમાજના પોતીકા લોકપ્રિય અને ઉપયોગી માસિક તરીકે ઓળખ અપાવી, તેમજ કડવા-લેઉઆના ભાવાત્મક એકીકરણના એક સ્તંભ બની રહ્યા. લોકસેવક તરીકે સમાજના બહુવિધ વર્ગોના – સવિશેષતઃ નિમ્ન વર્ગના ખરા અર્થમાં પરદુઃખભંજક રહ્યા છે અને તે પણ મુખરિત થયા સિવાય.

એક પ્રતિભાશાળી અધ્યાપક અને લોકસેવાનો જીવ હોવાના નાતે સમાજના વિવિધ વર્ગોમાં તેમજ પોતાના રહેઠાણના વિસ્તાર મેમનગરમાં ભારે લોકચાહના મેળવતાં 'જનસંઘ' - 'ભારતીય જનતાપાર્ટી'માં જોડાઈને તેના અદના કાર્યકર બની રહેવાની સાથે તેની ટિકિટ ઉપર અમદાવાદ જિલ્લા પંચાયતના સભ્ય તરીકે સતત ૨૦ વર્ષ સુધી (૧૯૮૧-

૨૦૦૦) ચૂંટાતા રહ્યા. શરૂઆતનાં વર્ષોમાં તો પોતે ભાજપની ઓળખનો ચેહરો બની રહ્યા હતા. ૧૯૮૧માં જિલ્લા પંચાયતની ચૂંટણી થતાં ભાજપમાંથી તેઓ એકમાત્ર ચૂંટાઈ આવ્યા હતા. અમદાવાદ જિલ્લા પંચાયતમાં ભાજપ પૂર્ણ બહુમતી સાથે ૧૯૯૫- ૨૦૦૦ ચૂંટાઈ આવતાં જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચૅરમૅન અને જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ તરીકે ખૂબ જ પ્રશસ્ય સેવાઓ આપી. સાવ પછાત એવા હરિપુરા ગામને દત્તક લઈને તેને એક આદર્શ ગામ તરીકે વિકસિત કરતાં તેઓશ્રી **'હરિપુરાના ગાંધી'** તરીકે પ્રસ્થાપિત થયા. જિલ્લા પંચાયત હસ્તકનાં અનેકવિધ લોકોપયોગી કાર્યો પ્રસન્નતા સાથે સંપન્ન કર્યાં. તેમણે સ્વયં નોંધ્યું છે કે : ''૧૯૯૧માં જિલ્લા પંચાયતમાં ઊભો રહ્યો ત્યારે હું પ્રતિજ્ઞા લઈને આવેલો કે મારા પ્રોફેસરના પગાર સિવાય એક પણ પાઈ વધારાની મારા ત્યાં આવવી જોઈએ નહીં. વહીવટમાં પડ્યા પછી પણ મેં પ્રામાણિકપણે મારું કાર્ય કર્યું. ક્યાંય ભ્રષ્ટાચાર ના થાય તેની પૂરી કાળજી રાખીશ. (આનર્તના અલગારી... પૃ. ૪૮૮) આ બાબતની સાહેદી પુરતો કિસ્સો ડૉ. અનિલાબહેન પટેલે નોંધ્યો છે : ''નાથાભાઈ ઝઘડા (તત્કાલીન ભાજપના સર્વેસર્વા) એ ખુશ થઈને કહ્યું.'' મફતભાઈ અમારી સાથે ભાજપમાં જોડાયા છે'' ત્યારે ઈશ્વરભાઈએ કહ્યું ''તમે ભાજપમાં ક્યાં લીધા ? એક સારા માણસને બગાડશો. ત્યારે અમારે શું ગુંડાઓને લેવાના ?'' એવું નાથાભાઈએ કહ્યું. ઈશ્વરભાઈએ કહ્યું ''આ સજ્જન માણસ છે, રાજકારણમાં આવા પવિત્ર માણસોને સાચવવા મુશ્કેલ હોય છે.'' (આનર્તના અલગારી...પૃ. ૩૯૮) જે દષ્ટવ્ય બની રહે છે. તેમની અભ્યાસનિષ્ઠા અને નિયમોની જાણકારીના કારણે સત્તાપક્ષ પણ તેમની વાત ગ્રાહ્ય રાખવા મજબૂર થતો. આમ છતાં પોતાની વિનમ્રતાને સદાય વળગી રહ્યા છે. આમ, તેઓશ્રી અનોખા રાજકારણી અને નિર્દંભી તથા સર્વને સુલભ એવા લોકસેવક તરીકે સૌના આદરના અધિકારી બની રહ્યા છે.

**● આર્ષદ્દષ્ટા વિશ્વપ્રવાસી**

ડૉ. મફતભાઈએ ઉઘાડી આંખે અને આજીવન વિદ્યાર્થી બની રહીને દેશનો અને વિશ્વના ઘણા ખરા દેશોનો જેમ કે અમેરિકા, ઇંગ્લૅન્ડ, કૅનેડા, ઇજિપ્ત, ઇઝરાયલ, ઑસ્ટ્રેલિયા, ફ્રાન્સ, જર્મની, સિંગાપુર, મલેશિયા વગેરેનો એકાધિક વખત અભ્યાસકીય નિષ્ઠા અને હૃદયના ઉમળકાથી પ્રવાસ કર્યો છે. એકલા અમેરિકાનો જ પ્રાયઃ ૨૦ વખત પ્રવાસ કર્યો છે. આ બધા પ્રવાસોના આધારે પ્રવાસગ્રંથો આપીને જે તે દેશો પાસેથી શું શીખવું જોઈએ તે સ્પષ્ટ તારવી આપ્યું છે, તેમજ આ બધા દેશોમાં નિવાસ કરતા ગુજરાતી પ્રતિભા-પુરુષોનાં ચરિત્રો પણ ઉજાગર કરી આપ્યાં છે.

**● શિક્ષણપ્રહરી અને લેખન પ્રવૃત્તિ**

**– 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ'ના અધિષ્ઠાતા અને 'અચલા'ના તંત્રી**

રાજકીય પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ બાદ 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ'ની સ્થાપના અને આ ટ્રસ્ટના ઉપક્રમે 'અચલા' સામયિકના તંત્રી તરીકેની અને શિક્ષણક્ષેત્રની અન્ય આનુષંગિક કામગીરીએ તેમને મૂઠી ઊંચેરા કેળવણીવિદ તરીકે પ્રસ્થાપિત કરી દીધા છે. તેમણે **'અચલા'**ની શરૂઆત ૨૦૦૧માં કરી જે આજે પણ માસિક સ્વરૂપે નિયમિત રીતે પ્રકાશિત થાય છે. ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રનાં પ્રગટ થતાં 'અચલા', 'પ્રગતિશીલ શિક્ષણ', 'કેળવણી', 'જીવન શિક્ષણ', 'ઘરશાળા', 'સારસ્વત' વગેરે સત્ત્વશીલ સામયિકોમાં 'અચલા' પોતાની નિયમિતતા, શિક્ષણનાં વિવિધ ક્ષેત્રોને સ્પર્શતા ગુણવત્તાશીલ લેખો, શિક્ષણક્ષેત્રના સામ્પ્રત પ્રવાહો અને ચિંતન, પ્રબુદ્ધ ચિંતકોની સાથે જ નવોદિત લેખકોના લેખો, ઔપચારિક શિક્ષણ સંબંધી સમસ્યાઓ વગેરે સાથે માનવઘડતર, સ્વાસ્થ્ય માટે પર્યાવરણની સમસ્યાઓ વગેરે બાબતોને આવરી લેતા લેખો તેની સમૃદ્ધિના અને વિવિધ સ્તર અને રસના વિષયોના વાચકોની જરૂરિયાતોને પરિતોષ આપતા હોવાથી તેની આગવી ઓળખ ધરાવે છે. ધ્યાનપાત્ર બાબત તો એ છે કે પ્રત્યેક અંકમાં ખાલી જગ્યામાં સૂકિતઓ અને બોધપ્રદકથાઓના ઉમેરણથી 'અચલા' સમૃદ્ધત્તર બની રહે છે. 'અચલા' માટે તેમની શ્રદ્ધા અને નિષ્ઠા તેમના જ શબ્દોમાં જોઈએ : 'અચલા' ગુણવત્તાસભર સારું બને તે માટે સતત પ્રયત્નશીલ છું, પણ મૅગેઝિન ચલાવવું અઘરું છે. આર્થિક રીતે પહોંચી વળવું મુશ્કેલ હોય છે, છતાં હિંમત એટલા માટે રાખી છે કે હજુ સરકારે પેન્શન

બંધ નથી કર્યું, તે મારા માટે સારું છે. હું મારા પેન્શનમાંથી પણ થોડો ભાગ 'અચલા' માટે વાપરું છું. તે મને ગમે છે, કારણ કે માબાપને પોતાનું બાળક ઉછેરવું ગમે છે, મને 'અચલા' જીવંત રહે, ને હું જીવું ત્યાં સુધી જ નહિ, પણ કાયમ 'અચલા' ચાલ્યા કરે , એવી ભાવના અંદરથી સક્રિય છે. આજે તો હું શિક્ષણના પ્રવાહોને વાચા આપવા માટે 'અચલા' ચલાવી રહ્યો છું. 'અચલા'ને જીવન સાથે જોડી દીધું છે. માત્ર માનસિક આનંદ માટે 'અચલા' મારી સાથે છે.''

'અચલા'ની વાચનસમૃદ્ધિ સાથેસાથે તેના તંત્રી લેખોમાં લેખકની નિર્ભીકતા, જાગરૂકતા, શિક્ષણની સમસ્યાઓના મૂળમાં જઈને તેના ઉદ્‌ભવનાં કારણો અને યથોચિત ઉપાયો વગેરેની ધારદાર રજૂઆત એક પીઢ શિક્ષણકારનાં દ્યોતક બની રહેવાતી સાથે વાચકના દિલો-દિમાગને સ્પીર્શી જાય છે. જે તે પ્રશ્નના મૂળમાં જઈને જવાબદાર સંબંધિત stake holdersની શેહ-શરમમાં આવ્યા સિવાય રાજ્યના રાજ્યપાલશ્રી, શિક્ષણમંત્રીશ્રી, શિક્ષણવિભાગના અધિકારીઓ, શિક્ષકો, વાલીઓ વગેરેની ઉપસ્થિતિમાં દો–ટૂક શબ્દોમાં રોકડું પરખાવતા જોવા મળે છે. 'અચલા'નો પ્રત્યેક તંત્રીલેખ તાજગીપૂર્ણ, અધ્યયનશીલ અને વાચકને વિચારતા કરી મૂકે તેવો હોય છે, ઉદા. તરીકે 'ટ્યૂશનપ્રથા', 'પર્યાવરણ', 'ગુજરાતનું શિક્ષણ બગડી રહ્યું છે... સરકાર ચેતે', 'શિક્ષણ સુધારણાનો ઉત્તમ પ્રયોગ – ધારાસભ્યો, સંસદસભ્યા', પ્રધાનો, સરકારી કર્મચારીઓ, શિક્ષકોનાં બાળકોને ફરજિયાત સરકારી શાળામાં ભણાવવા', 'ભારતમાં માનવીઓ ક્યાં છે ? – જે છે તે 'મતદારો' છે વગેરે વિષયક લેખો આપણી આંખ ઘાડનારા છે.

'અચલા' ના તંત્રીલેખો ઉપરાંત 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ'ના ઉપક્રમે પ્રતિવર્ષ યોજવામાં આવતી શિક્ષણ પરિષદો - પરિસંવાદો - કે જેમાં રાજ્યના શિક્ષણવિદોને ખાસ નિમંત્રીને તથા કોઈ એક સમસ્યા વિશે પૅનલ બનાવીને અર્થસભર નિષ્પન્ન થતો વિચાર-વિમર્શ ધ્યાનાર્હ બની રહે છે. વળી, આ હેતુ અગોતરાં નિમંત્રણો પાઠવીને શિક્ષણવિદો પાસેથી લેખો મંગાવીને 'અચલા'ના વિશેષાંક તરીકે તેને પ્રસિદ્ધ કરવા. આ બધા વિશેષાંકો 'અચલા'ની એક મોટી મૂડી છે કે જે નીતિનિર્ધારકો તથા શિક્ષણક્ષેત્ર સાથે નાતો ધરાવનારાઓ માટે ચિંતનનું ભાથું પૂરું પાડે છે. આ પરિસંવાદોના વિષયો પણ સામ્પ્રત સમસ્યાઓ અને તેની પ્રસ્તુતતાને ધ્યાને લઈને પસંદ કરવામાં આવે છે. તાજેતરનાં છેલ્લાં કેટલાક વર્ષો દરમિયાન આયોજિત પરિસંવાદો અને પ્રકાશિત વિશેષાંકો આ રહ્યા : 'પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા વિશેષાંક', (૨૦૧૫), 'નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૧૫ વિશેષાંક' (૨૦૧૭), 'ઉચ્ચત્તર શિક્ષણની દશા અને દિશા' (૨૦૧૮), 'ગાંધીજીના શૈક્ષણિક વિચારો અને કાર્યોની અસર' (૨૦૧૯), 'પ્રારુપ રાષ્ટ્રીય શિક્ષા નીતિ ૨૦૧૯' (૨૦૨૦), 'બાલ્યાવસ્થાની કેળવણી અને સંભાળ' (૨૦૨૨) વગેરે. આ બધા વિશેષાંકો તેની તરોતાજગી, અધ્યયનશીલતા વગેરેની દૃષ્ટિએ મૂલ્યવાન છે, જેમાં તંત્રીશ્રી નિષ્ઠા, પરિશ્રમ અને દૃષ્ટિનાં સ્વતઃ દર્શન થાય છે.

'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ' દ્વારા આયોજિત પરિસંવાદોનો શુભારંભ સામાન્યતઃ રાજ્યના શિક્ષણમંત્રીશ્રી અને રાજકીય અગ્રણીઓ, શિક્ષણવિદોના સાંનિધ્યમાં અને તેનો સમાપન સમારોહ રાજ્યના રાજ્યપાલશ્રીનાં આશીર્વચન સહ ભારે ગૌરવપૂર્ણ અને સ્તરીય રીતે સંપન્ન કરવામાં આવે છે. આ પ્રસંગે રાજ્યની પ્રાથમિક શાળાઓના શિક્ષકો પૈકી ક્રિયાશીલ, ઉત્સાહી, સ્વધર્મના પાલન માટે પ્રતિબદ્ધ, પ્રયોગશીલ વગેરે ગુણોથી સંપન્ન એવા પસંદગીના **૧૦ જેટલા શિક્ષકોને** 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ' દ્વારા પ્રતિવર્ષ પસંદ કરીને પ્રત્યેકને **રા.૧૦,૦૦૦/- અને પ્રશસ્તિપત્ર એનાયત કરીને,** તેમજ શિક્ષણ અને સમાજ - સેવા ક્ષેત્રે પ્રશંસનીય સેવા કરનાર **૧૦ જેટલા સારસ્વતોને 'સારસ્વત સન્માન'** માનનીય રાજ્યપાલશ્રીના વરદહસ્તે અર્પણ કરીને સન્માનિત કરવામાં આવે છે. ડૉ. મફતભાઈની આ દૂરંદેશિતાશીલ સેવા બહુવિધ રીતે ઉપકારક હોઈ શ્લાઘનીય બની રહે છે. આપણે સૌ જાણીએ છીએ કે ડૉ. મફતભાઈ પોતે ધનકુબેર ન હોવા છતાં અન્યોનો સહયોગ મેળવીને અનાસક્તભાવે નિજાનંદની મસ્તીથી 'સ્વાન્તઃ સુખાય' આ કાર્ય કરી રહ્યા છે.

### ● વતન કડાના સાર્વજનિક પુસ્તકાલયના પ્રાણપુરુષ

વતન કડા, તા. વિસનગરમાં ગાયકવાડી શાસનમાં ૧૯૧૨માં સાર્વજનિક પુસ્તકાલયની સ્થાપના કરવામાં

આવી હતી અને વર્ષ ૧૯૩૫માં સ્વતંત્ર ભવનનું બાંધકામ પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકાલય ભવન સમયાંતરે જીર્ણ અને નિષ્પ્રાણ થઈ જતાં વતનપ્રેમી કેળવણીવિદ ડૉ. મફતભાઈએ ગ્રામ્ય પુસ્તકાલયની મહત્તાને આત્મસાત્ કરીને તેનો જીર્ણોદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો. આ સાથે જ સૌને પુસ્તકાલયનું મહત્ત્વ સમજાવીને દાન આપવા અપીલ કરતાં સૌ પ્રથમ તેમના પરિવારે સાર્વજનિક પુસ્તકાલય માટે, મહિલા પુસ્તકાલય માટે શ્રીમતી કાશીબહેન લક્ષ્મણભાઈ પટેલ પરિવારે, વાચનાલય માટે શ્રીમતી મણિબહેન જીવણભાઈ પ્રભુદાસ પટેલ પરિવારે અને રમેશભાઈ શાહના પરિવારે બાળપુસ્તકાલય માટે મોટી રકમોનાં દાન આપ્યાં. આ ઉપરાંત ગ્રામજનોએ ઉદારચેતા હૃદયે દાન આપતાં ગામના ચોકમાં ચાર માળનું અદ્યતન ગ્રંથાલયભવનનું બાંધકામ કરી વિવિધ સ્તરના વાચકોની માંગ સંતોષે તેવાં પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો તથા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી બને તેવું સાહિત્ય અને જરૂરી અદ્યતન ફર્નિચર, બાળકો માટે જરૂરી ફર્નિચર અને ઇન્ટરનેટ કનેકશન સાથે ૧૦ કમ્પ્યૂટર્સ વસાવવામાં આવ્યાં છે. પુસ્તકાલયના સંચાલન માટે કરોડરજ્જુ સમાન ગ્રંથપાલ અને અન્ય આવશ્યક ૩ કર્મચારીઓની ભરતી કરીને સવારે ૮.૦૦થી સાંજના ૭.૦૦ કલાક સુધી ખુલ્લું રાખવામાં આવે છે. ઉપરના ત્રીજા માળનો ગામના વિદ્યાર્થીઓ રાત્રે વાંચનખંડ તરીકે યથેચ્છ ઉપયોગ કરી શકે છે. કમ્પ્યૂટરો વસાવવાની સાથે બાળકોને અને અન્ય જિજ્ઞાસુઓને કમ્પ્યૂટર શિક્ષણ આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે અને તે કોઈ પણ જાતની ફી લીધા સિવાય. આ પુસ્તકાલયનો ઉપયોગ કરતા આ ગામના ૨૪ વિદ્યાર્થીઓ કોન્સ્ટેબલ અને ૨૩ વિદ્યાર્થીઓ તલાટીની પરીક્ષા ઉત્તીર્ણ કરવા યશભાગી નીવડ્યા છે. પુસ્તકાલયનું કમ્પ્યૂટરાઈઝેશન, સુચારુ ગોઠવણી, માનવજીવન ઘડતર અને વાંચનરસ કેળવે તેવી સૂક્તિઓનાં બોર્ડ, દેશભક્તોના ફોટોગ્રાફ્સ, 'ડૉ. મફતલાલ પટેલ સંગ્રહ', 'સર્વોદયી વસંતભાઈ શાહ સંગ્રહ' અને 'સ્મૃતિ સંસ્કૃતિખંડ' આ પુસ્તકાલયની શોભા અને સમૃદ્ધિમાં વિશેષ ઉપકારક બની રહે છે. આ પુસ્તકાલયમાં હાલમાં કુલ ૩૮,૦૦૦ જેટલાં પુસ્તકો (૨૬,૦૦૦ સાર્વજનિક, ૭,૦૦૦ મહિલા અને ૫,૦૦૦ બાળપુસ્તકાલય) ધરાવે છે. આ પૈકી ૫,૦૦૦ જેટલાં પુસ્તકો ગાયકવાડ શાસન સમયના પુસ્તકાલયનાં તેનાં મૂળ કબાટો સાથે અલાયદાં સુરક્ષિત રાખવામાં આવ્યાં છે, જેમાં દુર્લભ એવાં ઘણાં પુસ્તકો, જેમ કે, ૮,૦૦૦ પુસ્તકોની નામાવલિ, સરસ્વતીચંદ્ર ભાગ-૪ની પ્રથમ આવૃત્તિ, કલાપીના કેકારવની ૧૯૦૩ની આવૃત્તિ ગ્રંથ અને ગ્રંથકાર શ્રેણી, નિર્ણયસાગર પ્રેસનાં સંસ્કૃત પ્રકાશનો, વગેરે ઉલ્લેખનીય છે. નવીન સંગ્રહમાં પણ બહુવિધ વિષયોનાં પુસ્તકો, સંદર્ભગ્રંથો, સામયિકોના પાછળના અંકો વગેરે ઉપલબ્ધ છે. નોંધવું રહ્યું કે આ પુસ્તકાલયના પ્રમુખ તરીકે ડૉ. મફતભાઈ પટેલ ૨૦૧૧થી સેવાઓ આપી રહ્યા છે અને નિયમિતરીતે સમયાંતરે વતન કડાની અને પુસ્તકાલયની મુલાકાત લેતા રહે છે. તેમના જ અંગત રસ અને પ્રયત્નોના કારણે કડા ગામનું આ પુસ્તકાલય એક દર્શનીય સ્થળ તરીકે વિકાસ પામ્યું છે. ગ્રામ્ય ગ્રંથાલયો માટે પ્રેરણાદાયી – રોલ મોડેલ એવા આ ગરવા ગ્રંથાલયનું ઉદ્ઘાટન વર્ષ ૨૦૧૭માં સ્વામી અધ્યાત્માનંદજી, રાજ્યના તત્કાલીન ગવર્નર શ્રી ઓ. પી. કોહલીજી અને રાજ્યનાં પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રકાશિત સ્મરણિકા પણ દર્શનીય બની રહે છે. શિક્ષણ અને ગ્રંથાલય પ્રવૃત્તિમાં રસ ધરાવતાં સૌ કોઈ માટે એક તીર્થસ્થળ સમાન આ પુસ્તકાલય છે. આ લખનાર તા. ૧૧ જૂન, ૨૦૨૨ના રોજ આ પુસ્તકાલયની મુલાકાત લેતાં સમૃદ્ધ ગ્રંથસંગ્રહ, પુસ્તકોની ગોઠવણી, આકર્ષક ફર્નિચર અને ખાસ તો સ્વચ્છતાને ધ્યાને લેતાં ગર્વ અને ધન્યતાની લાગણી અનુભવે છે. આ પુસ્તકાલયના આર્ષદૃષ્ટા પ્રાણસ્વરૂપ શિલ્પી ડૉ. મફતલાલ પટેલ શત શત અભિનંદનના અધિકારી બની રહે છે.

**● લેખન-પ્રવૃત્તિ**

ડૉ. મફતલાલ પટેલે યુવાવયથી જ અર્થાત્ શિક્ષક તરીકેની કારકિર્દીના પ્રારંભથી સમાજ સુધારણા / સમાજમાં જાગૃતિ લાવવા હેતુ એક નાટક લખવા ઉપરાંત લેખો લખવાનું ચાલુ રાખતાં દિનપ્રતિદિન તેમની આ લેખનપ્રવૃત્તિ બળવત્તર બની રહેતાં વિવિધ વિષયો જેમ

કે હિન્દી, માનસશાસ્ત્ર, સમાજ-પાટીદાર સમાજ, નારીજીવન, શિક્ષણ, પ્રવાસ, ચરિત્ર, વગેરે ક્ષેત્રોના મૌલિક, અનુવાદિત અને સંપાદિત સહિત ૬૦ થી અધિક ગ્રંથો આપ્યા છે. હિન્દી અને માનસશાસ્ત્રના ગ્રંથોમાં તેમની સંશોધકીય અને અધ્યાપકીય નિષ્ઠા ઉજાગર થાય છે, તો ચરિત્રગ્રંથો, પાટીદાર સમાજ, નારીજીવન અને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સમાજ વિશેના ગ્રંથો સામાજિક નિસબતના દ્યોતક બની રહે છે. શિક્ષણ વિશેના ગ્રંથો તથા 'અચલા'ના તંત્રી તરીકેના લેખોમાં રાષ્ટ્રહિતમાં શિક્ષણની સમસ્યાઓ અને સંભવાનાઓ વિશે અહર્નિશ ચિંતન કરતા એક સંનિષ્ઠ કેળવણીકારનાં દર્શન થાય છે, જ્યારે એક વિશ્વપ્રવાસી તરીકે વિવિધ દેશોના પ્રવાસ દરમિયાન જે કંઈ જોયું-અનુભવ્યું – અપનાવવા જેવું લાગ્યું તેને પોતાના દેશબાંધવો અનુસરે તેવા ઉદાત્ત હેતુસર અધ્યયનશીલ પ્રવાસગ્રંથોની રચના કરતા જોવા મળે છે. આમ, તેમના બહુઆયામી સર્જનોમાં સમાજ માટે ચિંતા અને ચિંતન કરતો એક નર્યા શિક્ષકનો જીવ ધબકતો સાંભળવા મળે છે. તેમની આ બહુઆયામી લેખનપ્રવૃત્તિથી પ્રભાવિત થતાં આપણા ક્રાંતિકારી સમાજહિત ચિંતક સંતશ્રી સ્વામી સચ્ચિદાનંદજીએ યોગ્ય જ નોંધ્યું છે કે, ''ડૉ. મફતભાઈ પટેલ જન્મજાત લેખક રહ્યા છે. તેમની કલમ હંમેશાં રાષ્ટ્ર, સમાજને ઊર્ધ્વગતિ આપનારી રહી છે. સમાજના દૂરદૂરના ખૂણે પડેલી જ્યોતને તેઓ નિહાળે છે અને તે ખૂણામાંથી ઓરડામાં મધ્ય સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે.''

**આવો, આપણે તેમના ધ્વારા રચાયેલાં વિવિધ વિષયોના પુસ્તકોની ગુણવત્તાનું દર્શન કરીએ :**

**● મનોવિજ્ઞાન**

'અસાધારણ મનોવિજ્ઞાન' (૧૯૭૮, છઠ્ઠી આ. ૨૦૧૨) એ સ્નાતક-અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ ઉપરાંત અધ્યાપકોને પણ ખપમાં આવે તેવો એક અધ્યયનશીલ અને પ્રમાણભૂત ગ્રંથ છે. ગ્રંથાન્તે અંગ્રેજી - ગુજરાતી, ગુજરાતી - અંગ્રેજી પારિભાષિક કોશ અને વિષયસૂચિ આપવાથી મૂલ્યસંવર્ધિત ગ્રંથ બની ઊઠ્યો છે. આ ગ્રંથની આગવી વિશેષતા એ છે કે પ્રસ્તુત વિષયક અદ્યતન માહિતી અહીં સમાવિષ્ટ છે.

**● હિન્દી સાહિત્ય : સંશોધન અને વિવેચન**

'હિન્દી કે મનોવૈજ્ઞાનિક ઉપન્યાસ' (૧૯૯૩, રજી. આ. ૨૦૧૯) એ લેખકે ગૂજરાત વિદ્યાપીઠમાંથી ડૉ. કુંજાવિહારી વાર્ષ્ણેયના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. ડિગ્રી હેતુ રજૂ કરેલ શોધપ્રબંધનું સંવર્ધિત પ્રકાશન છે. પ્રસ્તુત ગ્રંથ શોધપ્રબંધોની પરંપરામાં આગવી ભાત ઉપસાવનાર એ રીતે બની રહે છે કે લેખક મનોવિજ્ઞાન વિષયના અધ્યેતા અને વિદ્વાન અધ્યાપક તથા લેખક તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. પરિણામે અભ્યાસ હેઠળના સર્જકો સર્વશ્રી ઇલાચંદ્ર જોશી, જૈનેન્દ્ર અને અજ્ઞેયના ઉપન્યાસોમાં અભિવ્યક્ત મનોવિજ્ઞાનનાં વિવિધ પાસાંઓનું ઊંડાણપૂર્વક અધ્યયન-વિશ્લેષણ ઉજાગર કરી શક્યા છે. અહીં લેખકનો સંશોધનપૂર્વક સઘન અભ્યાસ સ્વતઃ ઊપસી આવે છે અને તેથી જ ડૉ. વાર્ષ્ણેય આ ગ્રંથને આંતરવિદ્યાશાખાના સંશોધન ક્ષેત્રમાં સીમાસ્તંભ તથા આલોચનાની દિશામાં એક સારસ્વત ઉપલબ્ધિ ગણાવે છે, જ્યારે હિન્દીના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન ડૉ. અંબાશંકર નાગરે પણ આ ગ્રંથને આવકારતાં 'એક મૌલિક શોધ અને પ્રમાણિક પ્રબંધ ગણાવ્યો છે.' પ્રસ્તુત સંશોધનની આડપેદાશ તરીકે ઇલાચંદ્ર જોશી, જૈનેન્દ્ર અને અજ્ઞેયના મનોવૈજ્ઞાનિક ઉપન્યાસો વિશે અભ્યાસગ્રંથો પણ લેખકે આપ્યા છે, જે આ ક્ષેત્રમાં રસધરાવતાઓ માટે ઉપાદેય બની રહે તેવા સત્વશીલ છે. લેખક વ્યવસાયે મનોવિજ્ઞાનના અધ્યાપક રહ્યા હોવા છતાં હિન્દી ભાષા-સાહિત્યના અધ્યયન-સંશોધનમાં વિશેષ રસ-રુચિ દાખવતા રહ્યા છે.

**● ચરિત્ર-ચિત્રણ**

સમાજજીવનના કેટલાક મૂઠી ઊંચેરા માનવીઓ પૈકી શ્રી વસંતભાઈ શાહ (૨૦૧૮), 'ડૉ. જે. પી. અમીન' (૨૦૧૯), 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય' (૨૦૧૭, બીજી આ. ૨૦૧૯), 'યુગપુરુષ પં. દીનદયાલ' (૨૦૦૧), 'પ્રભાતકુમાર દેસાઈ' (૨૦૧૦), 'શ્રી સીતારામભાઈ પટેલ' (૨૦૧૫), 'શ્રી જિતુભાઈ પટેલ' (૨૦૧૪), 'શ્રી રામજીભાઈ પટેલ' (૨૦૦૮), ડૉ. રાધાકૃષ્ણન, વગેરે વિશે સ્વતંત્ર ચરિત્રગ્રંથો આપ્યા છે. આ ઉપરાંત અમેરિકા, યુરોપ, દુબઈ વગેરેના પ્રવાસ દરમિયાન આ બધા દેશોમાં સ્થાયી થયેલી વિવિધ ક્ષેત્રોની ગુજરાતી પ્રતિભાઓનાં સંક્ષિપ્ત છતાં સંતર્પક જીવનચરિત્રોને 'વિદેશોમાં પાટીદારો' (૧૯૯૪), 'પરદેશે પાંગરતી

ગુજરાતીપ્રતિભાઓ' (૨૦૧૨), 'પરદેશે પાંગરતી પાટીદાર પ્રતિભાઓ' (૨૦૦૬), અને 'દુબઈના ગૌરવવંતા ગુજરાતીઓ' (૨૦૦૯) શીર્ષકો હેઠળના ગ્રંથોમાં આપ્યાં છે, જેની સંખ્યા ૨૨૫ જેટલી છે. આ સાથે વિદેશોમાં વસતા ગુજરાતના ૧૫૭૪ પાટીદાર - ભાઈઓનાં સરનામાં ('વિદેશોમાં પાટીદારો', પૃ. ૪૮૯ - ૫૯૦) પણ આપ્યાં છે. આ સંયુકત ચરિત્ર ચિત્રણો વિશેના ગ્રંથોની ખાસ વિશેષતા એ છે કે ખાસ કરીને અમેરિકા, દુબઈ વગેરે વિશે તેમજ કડવા પાટીદારો વિશે વિસ્તૃત અને સારગર્ભિત માહિતી આપવામાં આવી છે. ગુજરાતી ડાયસ્પોરા અભ્યાસમાં રસધરાવતા સૌ કોઈ માટે આધારસ્રોતની ગરજ સારે તેવી માહિતી કાળજીથી વણી લીધી છે. આ બધાં વ્યક્તિચરિત્રોની આગવી ખાસિયત એ છે કે લેખકે પ્રવાસ દરમિયાન પ્રત્યેકની રૂબરૂ મુલાકાત લઈને જન્મ વર્ષ - સ્થળ, માતાપિતા, વતન, કૌટુંબિક સ્થિતિ, ધર્મ - સમ્પ્રદાય, શિક્ષણ, દાનપ્રવૃત્તિ, વિદેશમાં પ્રવૃત્તિઓ અને ઉપલબ્ધિઓ વગેરે સંબંધી માહિતી મેળવીને તેનું આલેખન કર્યું હોવાથી આ ચરિત્રો દસ્તાવેજી મૂલ્યનાં બની રહ્યાં છે. આ પૈકી કેટલાંક વિશેષ ઉલ્લેખનીય ચરિત્રો પૈકી કૃત્રિમ લોહીના શોધક ડૉ. ગોરધન પટેલ (ભણુંદ), કૃષિ વૈજ્ઞાનિક ઈશ્વરભાઈ પટેલ (લાડોલ), અસ્થમા વગેરેના વિશ્વવિખ્યાત ડૉકટર પદ્મશ્રી સુધીર પરીખ (નડિયાદ), ટેકનોક્રેટ નિરંજન શાહ (પ્રતાપગઢ, જિ. પંચમહાલ), ગણપત યુનિવર્સિટીના સ્થાપક - દાતાશ્રી પદ્મશ્રી ગણપતભાઈ પટેલ (ભુણાવ) વગેરે અહીં સમાવિષ્ટ છે. જેમના વિશે સ્વતંત્ર ચરિત્રગ્રંથો લખવામાં આવ્યા છે, તે સૌ વિશે બહુઆયામી માહિતી સાધાર વણી લેવામાં આવી છે, જેમ કે તેમના વતનના સ્થળનો ઈતિહાસ, ઉદા. તરીકે ડૉ. જે. પી. અમીન - સંડેર, સીતારામભાઈ - ચાણસ્મા વગેરે, સમાજિક - સાંસ્કૃતિક માહિતી, ચરિત્રનાયકના સ્વાનુભાવો, અન્ય મહાનુભાવોનાં મંતવ્યો વગેરે. આમ, સમગ્રતયા આ બધાં ચરિત્રો કે જેમાં ગુજરાતી પ્રતિભાઓ અને આ પૈકી સવિશેષતઃ પાટીદાર પ્રતિભાઓને પ્રજા સમક્ષ ઉજાગર કરીને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં રાષ્ટ્રઘડતર - પ્રજાઘડતર માટે દૂરંદેશિતાપૂર્ણ કાર્ય લેખકે કર્યું છે.

**● પ્રવાસ**

આગળ ઉપર દર્શાવ્યા મુજબના વ્યક્તિચરિત્રોના ૪ ગ્રંથો તેમના વિશ્વપ્રવાસની નીપજ છે. આ ઉપરાંત ''કેનેડા'' (૨૦૧૩), ''સિંગાપુર, મલેશિયા, થાઈલૅન્ડ'' (૨૦૦૮) અને ''ઇઝરાયલ'' (૧૯૯૭) વિશેના ગ્રંથો માત્ર જે તે દેશના પ્રવાસના ભોમિયાની ગરજ સારે તેવા જ નહીં, પરંતુ જે તે દેશના ઇતિહાસ – સંસ્કૃતિના અધ્યયનનો નિચોડ રજૂ કરવાની સાથે ગુજરાતીઓ ત્યાં ક્યારે પહોંચ્યા અને ત્યાં તેમનો વિકાસ, પ્રવૃત્તિઓ, પ્રભાવ વગેરે બાબતો વિશે અર્થસભર માહિતીથી સંપન્ન છે. કેનેડા વિશેના ગ્રંથમાં ત્યાં સ્થાયી થયેલા ગુજરાતીઓ પૈકી ૩૨ ગુજરાતી પ્રતિભાશાળી વ્યક્તિઓનાં ચરિત્રાંકન પણ આપવામાં આવ્યાં છે. 'ઇઝરાયલ' વિશેનો ગ્રંથ તો ખૂબ જ વંચાયેલો અને વખણાયેલો ગ્રંથ છે કે જેનાં ઘણાં પુનર્મુદ્રણો થયાં છે. આ ગ્રંથની પ્રસ્તાવનામાં તેમણે નોંધેલ શબ્દો : ''આપણા રાજકીય પક્ષોએ ઇઝરાયલ પાસેથી ઘણું શીખવાનું છે... આપણા યુવાનો અને જનતા જેની પાસે અસાધારણ શક્તિ છે, પણ દિશાવિહીન આપણા કેટલાક રાજકીય પક્ષો અને નેતાઓએ ભારતમાતાની મૂર્તિને ખંડિત કરી નાખી છે, તેઓ આ નાનકડી પુસ્તિકા (નાનકડો દેશ ઇઝરાયલ) કંઈક પ્રેરણા આપશે'' માં, લેખકનો ઇઝરાયલ પ્રતિ આસ્થાભાવ આપણા રાજકારણીઓને બોધપાઠ લેવા પ્રેરી રહ્યો છે.

**● સમાજ - નારીજીવન - પાટીદાર સમાજ**

સ્વાનુભવ અને અભ્યાસના આધારે પ્રસ્તુત વિષયક સાતેક પુસ્તકો લખ્યાં છે. ''સામાજિક ક્રાંતિના માર્ગે'' (૧૯૭૭) માં કુરૂઢિઓમાં ફસાયેલ સમાજની તાસીર રજૂ કરવામાં ''ઍંગ્રી યંગમૅન''નો ક્રાંતિકારી જુસ્સો અહીં જોવા મળે છે. સમાજના નવલોહિયાઓને કરૂઢિઓની નાબૂદી માટે આગળ આવવા અપીલ કરતાં લેખકે નોંધ્યું છે કે, ''સમાજને બદલવા તમે જાગો, સંગઠિત બનો ને જ્યાં-જ્યાં અન્યાય દેખાય ત્યાં તૂટી પડો''. ઈશ્વર પેટલીકરે પણ ગ્રામજીવનની સ્થિતિ સુધારવા માટે 'સાગર જેવા વિષયને ગાગરમાં સમાવતા ગ્રંથ' તરીકે નવાજ્યો છે. 'સમાજ સુધારણાની નવી દિશાઓ' (૨૦૦૩) એ સમાજ પરિવર્તન સંદર્ભેનો Psycho-Sociological અભ્યાસ છે, જેમાં લેખકના

સઘન અભ્યાસનાં સહજમાં દર્શન થાય છે. 'પાટીદારોમાં પરિવર્તન' (૨૦૧૧) એ ઉમિયા માતાજીની ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી કડવા પાટીદાર સમાજમાં આવેલ અભૂતપૂર્વ પરિવર્તનો - નવજાગૃતિ - સમાજ સંગઠન - લોકજુવાળ અને સમાજના વિકાસ માટે સંકલ્પબદ્ધતા વગેરે બાબતોને આવરી લેતો એક દસ્તાવેજી ગ્રંથ છે. 'મહિલા અને માનવ અધિકારો' (૨૦૧૫) માં સમાજમાં નારીનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સ્થાન, રાષ્ટ્રવિકાસમાં નારી અને મહત્તા, નારીગૌરવ વગેરે વિશે સમજૂતી આપ્યા બાદ મહિલાના કાનૂની અધિકારો – ભારતીય અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં સમજાવવામાં આવ્યા છે. સવિશેષતઃ ભારતીય પરિપ્રેક્ષ્યમાં સ્ત્રીઓની સ્થિતિ જાણવા માટે એક મહત્ત્વપૂર્ણ આધારસ્રોત બની રહે છે. 'દીકરીને ઊડવા પાંખો તો આપો' (૨૦૧૯) તથા 'દાદાની દીકરીઓ' (૨૦૧૫, તૃતીય આવૃત્તિ ૨૦૧૮)માં નારીજીવનનાં વિવિધ સ્વરૂપોની વ્યથા અને કથા વાસ્તવમાં ઘરેલુ ઘટનાઓના આધારે વર્ણિત કરવામાં આવી છે. દીકરીઓને પ્રોત્સાહન પૂરું પાડવાથી તે પોતાનું જીવન કેટલું સુખરૂપ બનાવી શકે છે તે પોતાના સંપર્કમાં આવેલ ૭ દીકરીઓના માધ્યમથી ઉજાગર કરી આપ્યું છે. ''દીકરી જ માતાપિતાના દિલનો દીવો છે ને આજે મારાં જીવનમાં મને પ્રજ્જ્વલિત રાખવામાં આ (સાત) દીકરીઓ જ મારો આધાર છે'' - લેખકના આ શબ્દો પ્રત્યેક માતા-પિતા માટે જીવનપાથેય બની રહે તેવા છે. 'મહિલા સશકિતકરણ' (૨૦૧૨) વિશેના સંપાદિત ગ્રંથમાં ૨૮ લેખો ગ્રંથસ્થ છે.

**● શિક્ષણ**

લેખક હાડે શિક્ષણનો જીવ - એક જીવતો લોકશિક્ષક. શિક્ષણની ચિંતા અને ચિંતન તેમના ગ્રંથોમાં સ્પષ્ટપણે જોવા મળે છે. 'અચલા' ના તંત્રીલેખકે 'શિક્ષણની એન્જોગ્રાફી' (૨૦૧૨) અને 'અચલાયતન' (૨૦૧૯) શીર્ષક હેઠળ ગ્રંથાકારે પ્રકાશિત છે, જેમાં કુલ ૧૧૨ લેખો ગ્રંથસ્થ છે. આ લેખો લેખકના શિક્ષણ-ચિંતનની પારાશીશી સમાન છે. વિષય-વૈવિધ્ય, ઊંડાણ, તટસ્થતા, રાષ્ટ્રહિત વગેરે ધ્યાનાર્હ બની રહે છે. ડૉ. રવીન્દ્ર દવે આ લેખોનું - 'અચલા'નું વજૂદ જણાવતાં નોંધે છે કે ''તે શિક્ષણને ગુણવત્તાવાળું બનાવવાનું રસાયણ તૈયાર કરે છે... તે શિક્ષણમાંથી કાંકરાને કોદરા દૂર કરવા વલોણું ચલાવે છે'', જ્યારે ડૉ. રમેશ ઓઝા આ સંગ્રહના ચિનગારીરૂપ ગણાવીને નોધે છે કે ''ડૉ. મફતભાઈ જાગૃત કેળવણીની ઊંડી સૂઝ ધરાવનારા હોવાથી તેઓના તંત્રીલેખોમાં કેળવણીનો હાર્દ જાણે-અજાણે પ્રગટ થયા વિના રહ્યો નહી''. 'શિક્ષકનો ધર્મ અને કર્મ' (૨૦૦૦, તૃતીય પુનર્મુદ્રણ ૨૦૧૫) તો શિક્ષકના ધર્મનો માર્ગ ચીંધતો ધર્મગ્રંથ છે. પ્રત્યેક શિક્ષકોએ ખાસ વાંચવો રહ્યો – જીવન જીવવાનું ભાથું જ નહીં પણ જીવનને ઊર્ધ્વતર લઈ જવાની ચાવી અહીં મળી રહે છે. 'રાઇટ ટુ એજ્યુકેશન' (૨૦૧૫) શિક્ષણના અધિકારની સરળ સમજૂતી આપે છે, જ્યારે 'ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણની દશા અને દિશા' (૧૯૯૯) અને ડૉ. આરતી પટેલ (કસ્વેકર) ના સહયોગમાં પ્રાથમિક શિક્ષણની વિસ્તરની ક્ષિતિજો' (૨૦૧૬) પ્રાથમિક શિક્ષણની પાયાની વિભાવના સમજાવતા ગ્રંથો છે. અહીં પ્રાથમિક શિક્ષણના ઈતિહાસથી શરૂ કરી ભારત સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિ-૨૦૧૫ સુધીની વિગતો સાધાર વણી લીધી હોવાથી આ વિષય ક્ષેત્રના અભ્યાસીઓ અને પ્રાથમિક શિક્ષકો માટે ચિંતનનું ભાથું પૂરો પાડતો સત્ત્વશીલ ગ્રંથ છે.

**ગાંધીજીની શિક્ષણયાત્રા : પ્રાથમિકથી મૅટ્રિક સુધી** (૨૦૨૧)માં ગાંધીજીએ પ્રાથમિક શિક્ષણથી મૅટ્રિક સુધીનું શિક્ષણ ક્યાં અને કેવી રીતે મેળવ્યું તેની વિગતવાર માહિતી એમણે આલ્ફ્રેડ હાઈસ્કૂલ, રાજકોટના નિવૃત્ત પ્રિન્સિપાલ જયેષ્ઠરામ ઉપાધ્યાય પાસેથી મેળવીને તેનું રસપ્રદ વિશ્લેષણ રજૂ કર્યું છે. ગાંધીજીએ 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'માં પોતાનાં શિક્ષણ, ચારિત્ર્ય અને વ્યક્તિત્વ વગેરે સંબંધી જે માહિતી વર્ણવી છે તે અને અન્ય પૂરક માહિતી કે જે 'આત્મકથા'માં ઉપલબ્ધ નથી; પરંતુ અન્ય અધિકૃત સ્રોતો, જેમ કે, 'મહાદેવભાઈની ડાયરી', 'જીવનનું પરોઢ', તેંડૂલકર કૃત 'મહાત્મા', લઈ ફિશર કૃત 'મહાત્મા ગાંધી', 'બાપુજી સાથે મારું બાળપણ' (અંગ્રેજીમાં), કાકાસાહેબ કાલેલકર કૃત ગ્રંથો વગેરે અને 'કાઠિયાવાડ ટાઇમ્સ' અને 'ધી વેજિટેરિઅન' વૃત્તપત્રો વગેરે સંશોધકીય અભિગમથી ફંફોસી જોઈને તેના સંદર્ભો સાથે સમજ આપી છે. ગાંધીજીના મૅટ્રિક સુધીના શિક્ષણની વિકાસયાત્રા ઉપરાંત મૅટ્રિક થયા બાદ કૉલેજ પ્રવેશ અને મનઃસ્થિતિ, કૉલેજ

અભ્યાસ અધૂરો છોડીને બૅરિસ્ટરના અભ્યાસ માટે વિલાયત જવા પૂર્વે વેઠેલ સંઘર્ષો, માતા સમક્ષ લીધેલ પ્રતિજ્ઞા, શરમાળપણામાંથી બહાર નીકળવું, મોઢ વણિક નાતની વાડીમાં હાજર થવું અને વિલાયત જવાનો મક્કમ નિર્ધાર જાહેર કરવો, ૪ સપ્ટેમ્બર, ૧૮૮૮ ના રોજ મુંબઈ બંદરેથી રવાના થવું, માંદગીનો સામનો કરીને પ્રતિજ્ઞાને વળગી રહેવું, વિચારપૂર્વક શાકાહારી બનવું, સત્યની પડખે ઊભા રહેવું, આત્મનિરીક્ષણ, હિસાબ રાખવાની ટેવ – આર્થિક બાબતોની સાથે જ પ્રત્યેક ક્ષણનો હિસાબ રાખવો, જાત ઉપર અંકુશ કેળવવો, અધ્યયનશીલતા વગેરે ખાસિયતોના ક્રમિક વિકાસ વિશે સંક્ષેપમાં છતાં સંતર્પક માહિતી વર્ણવી છે, જે ગાંધીજીને સમજવા માટે તેમજ વિદ્યાર્થીઓને પોતાનો ભાવિ માર્ગ નિર્ધારિત કરવા માટે દિશાસૂચક બની રહે છે. આ ઉપરાંત વિવિધ ક્ષેત્રો, જેમ કે, વિજ્ઞાન, સાહિત્ય, રમતગમત, સંગીત, ફિલ્મ, રાજકારણ વગેરેની ૧૮ મહાન-પ્રતિભાઓનો વિહંગમ દૃષ્ટિએ પરિચય કરાવ્યો છે. શિક્ષણવિદ્ લેખક આજના વિદ્યાર્થીઓ અને વાલીઓને ગાંધીજી અને કેટલાક મહાપુરુષોના માધ્યમથી – ઉપદેશ નહીં પણ પ્રત્યક્ષ ઉદાહરણોના માધ્યમથી પાલ્યના ઘડતર માટે સુયોગ્ય માર્ગ ચીંધવામાં સફળ રહ્યા છે.

**● વ્યિ□તત્વ વિકાસ**

આજના વિદ્યાર્થીઓ - યુવાઓને જીવન જીવવાનો રાહ મળી રહે તે હેતુસર તેમની મનોવૈજ્ઞાનિક સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને જીવાતા જીવનનાં ઉદાહરણો દ્વારા લેખકે પોતાની વાત, આ સંબંધી ગ્રંથોમાં રજૂ કરી છે, જેમાં 'ચાલો જીવી લઈએ' (૨૦૨૦), 'જીવનને સુમધુર બનાવવાના રાજમાર્ગો' (તૃતીય આ. ૨૦૧૫), 'સંકલ્પ બળ' (૨૦૧૩), 'વિચારબળ' (૨૦૧૬), 'Ticks and Kids' (૧૯૯૨) વગેરે ગ્રંથો સમાવિષ્ટ છે. પ્રસંગોપાત્ત ચિંતકોનાં સૂક્તિવચનોની ગૂંથણી કરવાથી આ બધા ગ્રંથો વાચકને ચિંતન કરતા કરી મૂકે છે.

**● અનુવાદ**

સુપ્રસિદ્ધ વાર્તાકારો એચ. જી. વેલ્સ, ચાર્લ્સ ડિકન્સ અને માર્ક ટ્વેનની શ્રેષ્ઠ વાર્તાઓના અનુવાદો 'વર્લ્ડ બેસ્ટ સ્ટોરીઝ' (૨૦૨૦) શીર્ષક હેઠળ ત્રણ ગ્રંથોમાં આપ્યા છે. આ સંગ્રહો અને અનુવાદની આગવી વિશેષતાઓ એ છે કે પ્રત્યેક વાર્તાના પ્રારંભમાં તેનું મૂળશીર્ષક અને મુઠ્ઠીભર શબ્દોમાં વાર્તાનો ઇતિહાસ આપવામાં આવ્યો છે.

**● સંપાદન**

સંપાદિત ગ્રંથોમાં પણ શિક્ષણ વિશેના ગ્રંથોનું જ બાહુલ્ય છે. આ ગ્રંથોમાં સમાવિષ્ટ લેખો પ્રવર્તમાન શિક્ષણની સમસ્યાઓ સંબંધી હોવાથી પ્રસંગોપાત્ત ઉપયોગી બની રહે છે. 'શિક્ષણ ક્ષેત્રે સૂર્યોદય' (૨૦૧૬)માં સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધી, ટાગોર, રાધાકૃષ્ણન, અબ્દુલ કલામ, કાલેલકર, ઉમાશંકર જોશી વગેરે ૬૪ શિક્ષણવિદોનું કેળવણી વિષયક ચિંતન તેમના જ શબ્દોમાં (આવશ્યકતા અનુસાર અનુવાદ સ્વરૂપે) સમાવિષ્ટ છે, જેનું મૂલ્ય શાશ્વત છે. 'પ્રગતિ' (૧૯૧૩, ૨ જી આવૃત્તિ ૨૦૧૭) એ મૂળમાં 'Getting on' શીર્ષક હેઠળ સ્વીટ કાર્ડન (Sweet Cardon) દ્વારા અંગ્રેજીમાં લખાયેલા અને ગુજરાતીમાં અનુવાદિત સ્વરૂપે ૧૯૧૩માં પ્રગટ થયેલા ગ્રંથનું સંશોધિત - સંપાદન છે. નોંધવું રહ્યું કે આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ સર સયાજીરાવ ગાયકવાડની પ્રેરણાથી કરવામાં આવ્યો હતો.

ડૉ. મફતભાઈ પટેલનું આ બધું સાહિત્ય-સર્જનએ માત્ર બૌદ્ધિક કસરતનો ભાગ જ નહીં, પરંતુ જે તે વિષયક્ષેત્રના અભ્યાસુઓ માટે ઉપયોગી બની રહે - તેમનો માર્ગ પ્રશસ્ત કરી આપે, ચેતના જગાવે તેવું સામર્થ્યશીલ છે. એક જાગરૂક અને રાષ્ટ્ર માટે કંઈક કરી છૂટવાની ભાવનાવાળો લોકશિક્ષક તેમાં સતત ડોકાતો જોવા મળે છે.

**● માન-સન્માન**

સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં તેમની સેવાઓને ધ્યાને લઈએ બહુવિધ સંસ્થાઓ દ્વારા તેમને વિવિધ પુરસ્કારોથી અલંકૃત કરવામાં આવ્યા છે, જેમ કે હે. ઉ. ગુ. યુનિ. પાટણ દ્વારા D.Litt. (૨૦૨૨), સાહિત્ય સમ્મેલન, પ્રયાગ દ્વારા 'સાહિત્ય વાચસ્પતિ' - D.Litt. (2014), વિક્રમશીલા હિન્દી વિદ્યાપીઠ, ભાગલપુર દ્વારા 'વિદ્યાસાગર' - D. Litt. (૨૦૧૪), 'સરદાર પટેલ અવૉર્ડ' – મહારાષ્ટ્ર, સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ ધ્વારા Life Time Achievement Award – For best contribution in the field of Education and Social Services (2007), Global Human

Protection Award (2006), International Association of Education for World Peace – Global open Education, Human Education Award (2000) વગેરે વિશેષ ઉલ્લેખનીય છે.

● **સમાપન :**

ડૉ. મફતલાલ પટેલની શિક્ષણ, સમાજ, સાહિત્ય, રાજકારણ વગેરે ક્ષેત્રોની બહુઆયામી અને બહુશ્રુત પ્રવૃત્તિઓ અને તેની પારદર્શિતા જગજાહેર છે. ખરાઅર્થમાં તેઓ એક જાગરૂક અને પ્રતિબિંબ શિક્ષણપ્રહરી અને સમાજ સેવાના crusader તરીકે ઊપસી આવ્યા છે. તેમની અધ્યાપકીય નિષ્ઠા પણ ઉદાહરણસ્વરૂપ રહી છે. આ સાથે જ જરૂરતમંદોને આર્થિક મદદ કરીને તેમનાં જીવનને નવપલ્લવિત કરવામાં તેમની ભૂમિકા સરાહનીય રહી છે. અહીં સ્પષ્ટતા કરવી રહી કે માત્ર વિદ્યાર્થીઓને જ નહીં, પરંતુ ઘર ચલાવવા માટે પણ પીડ પરાઈ જાણીને વૈષ્ણવજન બની રહ્યા છે, જેનાં ઉદાહરણો અનિલાબહેન પટેલે તેમના ગ્રંથમાં નોંધ્યાં છે. આવા, ગરવા ડૉ. મફતભાઈ આપણા ગૌરવપુરુષ છે. આપણાં વંદનના અધિકારી છે.

## ડૉ. મફતલાલ પટેલના ગ્રંથો

**કૅન્સર** : **૧.** *કૅન્સરની બીમારીમાંથી હું કેવી રીતે મુક્ત થયો ? : કૅન્સરમાંથી મુક્ત થવાના માર્ગો.* તૃતીય આવૃત્તિ. ૨૦૧૭. પ્રથમ આવૃત્તિ ૨૦૧૦.

**ચરિત્ર** : **૧.** *પરદેશે પાંગરતી પાટીદાર પ્રતિભાઓ.* ૨૦૦૬. **૨.** *મહાનતત્ત્વચિંતક ડૉ. રાધાકૃષ્ણન.* ૨૦૦૭ **૩.** *શ્રી રામજીભાઈ પટેલ : માનવતાની મહેક.* ૨૦૦૮. ૪. દુબઈના ગૌરવવંતા ગુજરાતીઓ. દેવેન્દ્ર ભટ્ટના સહયોગમાં. ૨૦૦૯ **૫.** *ધરતીના કર્મદીપ : પ્રભાતકુમાર દેસાઈ.* ૨૦૧૦. ૬. *યુગપુરુષ પંડિત દીનદયાળ ઉપાધ્યાય.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન, ૨૦૧૦. **૭.** *સત્ય ઘટનાની સુગંધ : પંડિત દીનદયાળ ઉપાધ્યાયની જીવનકથા અને ૧૦૦ માંગલ્યલક્ષી પ્રેરક જીવનપ્રસંગો.* અમદાવાદ : આદર્શ પ્રકાશન, ૨૦૧૭ ISBN : ૯૭૮-૯૩-૫૨૩૮-૦૫૪-૧ ૮. પરદેશે પાંગરતી ગુજરાતી પ્રતિભાઓ. ૨૦૧૨. ૯. *શ્રી છીતુભાઈ મોતીભાઈ પટેલ : ખંત, ખમીર અને ખુમારીનું જીવતું જાગતું પ્રતીક.* ૨૦૧૪. **૧૦.** *Shri Chhitubhai Motibhai Patel : Living symbol of Perseverance, Yeast and Hangover.* 2014. **૧૧.** *ડૉ. મુકુન્દભાઈ ઠાકર : અમેરિકન શ્રવણ સેવા, સંસ્કાર અને સંસ્કૃતિનું ત્રિવેણી સંગમ.* ૨૦૧૪. **૧૨.** *દાદાની દીકરીઓ.* ત્રીજી આવૃત્તિ. ૨૦૧૮. પ્રથમ આવૃત્તિ ૨૦૧૫. ISBN : ૯૭૮-૯૩-૮૭૨૪૭-૧૩-૦. **૧૩.** *સીતારામભાઈ પટેલ : સરળ, સત્ત્વશીલ અને સેવાભાવી.* ૨૦૧૫. **૧૪.** અસરદાર સરદાર. ૨૦૧૬. **૧૫.** રામચંદ્ર અમીન. ૨૦૧૭. **૧૬.** *શ્રી વસંતભાઈ શાહ : મુઠ્ઠી ઊંચેરો માનવી.* ૨૦૧૮. **૧૭.** *શિવસ્વરૂપ જ્ઞાનાવતાર પૂજ્ય : શ્રી ડૉ. જે. પી. અમીનસાહેબ.* ૨૦૧૯.

**પ્રવાસ** : **૧.** *શક્તિ અને સમૃદ્ધિનો દેશ ઇઝરાયલ.* બીજી આવૃત્તિ. અમદાવાદ : રન્નાદે પ્રકાશન, ૧૯૯૭. હિન્દી અનુવાદ : *શકિત ઔર સમૃદ્ધિકા દેશ ઇઝરાયલ.* અનુ. જમનાલાલ જૈન, રોહતક : શાન્તિ પ્રકાશન, ISBN : ૮૧-૮૮૬૫૨-૪૯-૦. **૨.** દીઠી મેં ભૂમિ વિદેશની (અમેરિકા અને ઇંગ્લૅન્ડના પ્રવાસના અનુભવો). ૨૦૦૬ **૩.** *સિંગાપુર, મલેશિયા, થાઈલૅન્ડનો પ્રવાસ.* ૨૦૦૮. **૪.** *કૅનેડા મારી દષ્ટિએ.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન, ૨૦૧૩. **૫.** ઊગતા સૂરજનો દેશ જાપાન. ૨૦૨૧.

**માનસશાસ્ત્ર** : **૧.** *અસાધારણ મનોવિજ્ઞાન.* ૬ઠ્ઠી આવૃત્તિ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ૨૦૧૨. પ્રથમ આવૃત્તિ ૧૯૭૮. **૨.** *Tics and Kids : A Psychological Study : A Study of the Problems of Tics in Pre-school Children.* Ahmedabad : Sweta Prakashan, ૧૯૯૨.

**વ્યક્તિત્વ વિકાસ** : **૧.** આત્મશ્રદ્ધા. ૨૦૧૨. **૨.** *ચાલો, જીવી લઈએ.* ૨૦૨૦. ISBN : ૯૭૮-૯૩-૫૨૩૭-૦૮૦-૧. **૩.** *જીવનને સુમધુર બનાવવાના રાજમાર્ગો.* તૃતીય આવૃત્તિ. ૨૦૧૫. પ્રથમ આવૃત્તિ ૨૦૧૨. ૪. *વિચારબળ.* ૨૦૧૬ **૫.** *સંકલ્પબળ.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન, ૨૦૧૩.

**શિક્ષણ** : **૧.** *અચલાયતન.* ૨૦૧૯. ISBN : ૯૭૮-૯૩-૮૭૨૪૭-૨૧-૫. **૨.** *ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણની દિશા અને દશા.* અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, ૧૯૯૯. **૩.** *શિક્ષણની એન્જોગ્રાફી.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન, ૨૦૧૨. ૪. *પ્રાથમિક શિક્ષણની અક્ષરજ્ઞાન ઉપર અસર* : શિક્ષકનો ધર્મ અને કર્મ. તૃતીય આવૃત્તિ અમદાવાદ : રન્નાદે પ્રકાશન,

૨૦૧૫. પ્રથમ આવૃત્તિ ૨૦૦૦. **૫.** *રાઈટ ટુ એજ્યુકેશન.* ૨૦૧૫. **૬.** *પ્રાથમિક શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો.* આરતી વિ. પટેલ (કસ્વેકર)ના સહયોગમાં. ૨૦૧૬. **૭.** શિક્ષણનો ધર્મ અને કર્મ. ૨૦૧૭. **૮.** નવી શિક્ષણનીતિ ૨૦૨૦. ૨૦૨૧. **૯.** ગાંધીજીની શિક્ષણયાત્રા : પ્રાથમિકથી મૅટ્રિક સુધી. અમદાવાદ : ગૂર્જર, ૨૦૨૧.

**સમાજ** : **૧.** *સામાજિક ક્રાન્તિના માર્ગે.* ૧૯૭૭. **૨.** સમાજ કો બદલ ડાલો. ૧૯૮૮. **૩.** *મહિલા અને માનવ અધિકારો.* અમદાવાદ : રન્નાદે પ્રકાશન, ૨૦૦૧. **૪.** એકતા ૨૦૦૩. **૫.** *સમાજ સુધારણાની નવી દિશાઓ.* ૨૦૦૩. **૬.** *દીકરીને ઊડવા પાંખ તો આપો.* અમદાવાદ : આદર્શ પ્રકાશન, ૨૦૧૯. ISBN ૯૭૮-૯૩-૫૨૩૮-૧૪૧-૮. **પાટીદાર સમાજ** : **૧.** *વિદેશોમાં પાટીદારો : અમેરિકામાં વસતા કડવા પાટીદારો.* અમદાવાદ : ધરતી વિકાસ મંડળ, ૧૯૯૪. **૨.** *ઉમિયા માતાજીના ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી સમગ્ર કડવા પાટીદાર સમાજમાં ફૂંકાયેલો પરિવર્તનનો પ્રવાહ.* ૨૦૧૧. **૩.** *પાટીદારોમાં પરિવર્તન.* ૨૦૧૧.

**સાહિત્ય વિવેચન** : **૧.** *અજ્ઞેય કે મનોવૈજ્ઞાનિક ઉપન્યાસોં કા મનોવિશ્લેષણ.* રોહતક : શાન્તિ પ્રકાશન, ૨૦૧૨. ISBN : ૯૭૮-૯૩-૮૧૦૯૦-૫૪-૦૧. **૨.** *ઇલાચન્દ્ર જોશી કે મનોવૈજ્ઞાનિક ઉપન્યાસોં કા મનોવિશ્લેષણ.* અમદાવાદ : લાઇબ્રેરી બુકહાઉસ. ૨૦૧૨ ISBN : ૯૭૮-૯૩-૮૧૦૯૦-૫૧-૦. **૩.** *જૈનેન્દ્ર કે મનોવૈજ્ઞાનિક ઉપન્યાસોં કા મનોવિશ્લેષણ.* અમદાવાદ : લાઇબ્રેરી બુકહાઉસ, ૨૦૧૨ ISBN : ૯૭૮-૯૩-૮૧૦૯૦-૫૨-૭. **૪.** સાહિત્ય ઔર મનોવિજ્ઞાન. ૨૦૧૨. **૫.** *હિન્દી કે મનોવૈજ્ઞાનિક ઉપન્યાસ : મનોવિશ્લેક્ષણ, દર્શન એવં શિલ્પ કે પરિપ્રેક્ષ્ય મેં.* અમદાવાદ : શાન્તિ પ્રકાશન, ૨૦૧૯. ISBN : ૯૭૮-૯૩-૮૮૭૪૪-૭૪-૪.

**અનુવાદ** : **૧.** ડિકન્સ, ચાર્લ્સ. વર્લ્ડ બેસ્ટ સ્ટોરીઝ : ચાર્લ્સ ડિકન્સ. અમદાવાદ : શબ્દલોક પ્રકાશન, ૨૦૨૦. **૨.** ટ્વેન, માર્ક. વર્લ્ડ બેસ્ટ સ્ટોરીઝ : માર્ક ટ્વેઈન. અમદાવાદ : શબ્દલોક પ્રકાશન, ૨૦૨૦. **૩.** વેલ્સ, એચ. જી. *વર્લ્ડ બેસ્ટ સ્ટોરીઝ : એચ. જી. વેલ્સ,* સંપા. - અનુ. મફતલાલ પટેલ. અમદાવાદ : શબ્દલોક પ્રકાશન, ૨૦૨૦. ISBN : ૯૭૮-૯૩-૫૨૩૭-૦૬૮-૯

**સંપાદન** : **૧.** વિશ્વસ્તર પર હિન્દી. ૧૯૭૮. **૨.** *શિક્ષણનું માધ્યમ માતૃભાષા કે અંગ્રેજી.* ૨૦૦૭. *પ્રગતિ.* બીજી આવૃત્તિ ૨૦૧૭. પ્રથમ આવૃત્તિ ૨૦૧૩. **૩.** *શિક્ષણ ક્ષેત્રે સૂર્યોદય.* અમદાવાદ : આદર્શ પ્રકાશન, ૨૦૧૬. **૪.** *મહિલા સશક્તિકરણ.* એસ. પી. ઉત્તમચંદાણી અને પી. ટી. પંડ્યા સહ-સંપાદકો. અમદાવાદ : રન્નાદે પ્રકાશન, ૨૦૧૬. **૫.** *સાત્વિક આહાર : કુદરતી પોષક વાનગીઓ બનાવવાની રીતો.* ૨૦૧૮. ISBN : ૯૭૮-૯૩-૮૭૨૪૭-૧૪-૭.

**પરામર્શક** : **૧.** *૨૧મી સદીમાં શિક્ષણની તાસીર અને ટૅક્નૉલૉજીની તાકાત.* સંપા. દેવેન્દ્ર ભટ્ટ વગેરે. બીજી આવૃત્તિ ૨૦૧૦.

**● ડૉ. મફતલાલ પટેલ વિશે ગ્રંથો**

**૧.** પ્રજાપતિ, હીરાલાલ. *જાગ્રત કેળવણીકાર અને સમાજ સેવક ડૉ. મફતલાલ પટેલ.* ૨૦૧૧. **૨.** પટેલ, અનિલા. *ડૉ. મફતલાલ પટેલ : એક સામાજિક મસીહા.* ગુજરાતીમાંથી હિન્દી અનુવાદઃ પ્રીતિ આર. ભોગલે. રોહતક : શાન્તિ પ્રકાશન, ૨૦૧૨. ISBN : ૯૭૮-૯૩-૮૧૦૯૦-૯૪-૭. **૩.** પંચાલ, મોહનભાઈ અને અન્ય, સંપા. *આનર્તના અલગારી સારસ્વતઃ સત્ત્વથી સત્ય સુધી.* અમદાવાદ. રન્નાદે પ્રકાશન, ૨૦૧૨. **૪.** *ડૉ. મફતલાલ પટેલ કી ગૌરવગાથા.* અમદાવાદઃ રોહતક પ્રકાશન, ૨૦૧૨. **૫.** *ડૉ. મફતલાલ પટેલના અમૃત મહોત્સવ પ્રસંગે : શતં જીવ શરદઃ ની શુભકામના સહ - હાર્દિક શુભેચ્છાઓ.* શુભેચ્છક : યોગેન્દ્રભાઈ શાહ. ૨૦૧૨. **૬.** *રેડ્ડી, બાલશૌરિ પ્રધાન સંપાદક. સમસામયિક હિન્દી સાહિત્ય : વિવિધ આયામ (ડૉ. મફતલાલ પટેલ અભિનંદન ગ્રંથ).* અમદાવાદ : શાન્તિ પ્રકાશન, ૨૦૧૨. **૭.** ઠાકર, દધીચિ અને મિતેષ પરમાર, સંપા. ગ્રંથવૈભવ : ડૉ. મફતલાલ પટેલના સાહિત્યસ્વાદનો સંચય. અમદાવાદ : શબ્દલોક પ્રકાશન, ૨૦૨૧. **૮.** ઠાકર, દધીચિ, લેખક-સંપાદક. માણસાઈના મશાલચી ડૉ. મફતલાલ પટેલ. ૨૦૨૨

**(નોંધ** : જે પુસ્તકોની સામે પ્રકાશકનું નામ દર્શાવવામાં આવ્યું નથી તે તમામ પુસ્તકોના પ્રકાશક 'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ', અમદાવાદ છે.)

**(સંપર્ક** : ડૉ. મફતલાલ પટેલ, ૩૫, સ્વામી ગુણાતીતનગર સોસાયટી, વિવેકાનંદ ચોક, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨, મો. ૯૮૨૪૦૨૧૦૬૩)

**મણિભાઈ પ્રજાપતિ**

### પ્રાસંગિક

# `International Booker Prize'થી વિભૂષિત ગીતાંજલિ શ્રી

**'International Booker Prize' થી વિભૂષિત** હિન્દી ઉપન્યાસ લેખિકા ગીતાંજલિ શ્રીને તેમની કૃતિ **'રેત સમાધિ'** (૨૦૧૮) માટે નવલકથા માટેનું વૈશ્વિક ખ્યાતિપ્રાપ્ત **'Booker Prize'** લંડનમાં તા. ૨૬ મે, ૨૦૨૨ ના રોજ આયોજિત સમારોહમાં એનાયત કરીને વિભૂષિત કરવામાં આવ્યાં. ભારત-પાક વિભાજનની પશ્ચાદ ભૂમિકામાં રચાયેલ આ નવલકથામાં ૮૦ વર્ષની વૃદ્ધાના માધ્યમથી બે દેશો, બે ધર્મો, બે જાતિઓ, સ્ત્રી અને પુરુષો, યુવાઓ અને વડેરાઓ, વગેરે વચ્ચેની સરહદોની વિધ્વંસક અસરોની સાથે 'રચનાત્મક હસ્તક્ષેપ' વિશે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે. આ કૃતિની ગુણવત્તાને નવાજતાં જૂરીના ચૅરમૅન Frank Wynne ના શબ્દો : 'This is luminious novel of India and partition, but one whose spellbinding brio and space compassion weaves youth and age, male and female, family and nation into a kaleidoscopic whole' નોંધનીય બની રહે છે. વધુમાં, જૂરીએ આ કૃતિને 'engaging, funny, and utterly original, and at the same time an urgent and timely protest against the destructive impact of borders and boundaries whether between religions, countries or genders' તરીકે ઓળખાવી છે. આ સાથે જ બંગાળી અનુવાદક અરુણવા સિંહાનું મંતવ્ય 'It is a fantastic book and work of translation because it really demonstrates that a great book that uses its own original language with superb imagination and magical skills can find an equally fantastic translation. Every good translator will get the meaning of the original text across, but the way Rockwell has worked with language, puns, rhythms and sounds is extraordinary.' ગર્વપ્રદ બની રહે છે. આ પારિતોષિક સંદર્ભે ખાસ ગર્વરૂપ ઘટના એ છે કે આ પારિતોષિક એનાયત કરવાના પ્રારંભના વર્ષ ૧૯૬૯ થી ચાલુ વર્ષ સુધી સૌ પ્રથમ વખત ભારતીય ભાષાઓ પૈકી હિન્દી નવલકથાને આ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું છે. ભારતીય ભાષા-સાહિત્યને ગૌરવાન્વિત કરવા માટે ગીતાંજલિ શ્રી ભારતીય પ્રજાજનોનાં વિશેષ અભિનંદનનાં અધિકારી બની રહે છે. તેમણે આ કૃતિ દ્વારા વિશ્વ સાહિત્યને, અંગ્રેજી ભાષા-સાહિત્યને હિન્દી-ભાષા-સાહિત્યની ક્ષમતાની આગવી ઓળખ અપાવી છે.

ડૉ. ગીતાંજલિ શ્રીનો જન્મ ઉત્તર પ્રદેશના મૈનપુરીમાં તા. ૧૨ જૂન, ૧૯૫૭ ના રોજ થયો હતો. અલબત્ત, તેમનું પૈતૃક વતન ઉત્તર પ્રદેશના ગાજીપુર જિલ્લાનું ગૌન્ડુર ગામ છે. તેમના પિતા અનિરુદ્ધ પાંડે ઉત્તર પ્રદેશમાં સનદી અધિકારી હતા. તેમણે અલ્હાબાદના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ તરીકે પણ સેવાઓ આપી હતી. તેમની માતાનું નામ શ્રી કુમારી. તેમના ભાઈ જ્ઞાનેન્દ્ર પાડે ઇતિહાસના અધ્યાપક છે, જ્યારે તેમના પતિ પ્રોફેસર સુધીર ચંદ્ર વિખ્યાત ઇતિહાસવિદ છે, કે જેઓશ્રી દેશ-વિદેશની અનેક અકાદમીઓ સાથે સંકળાયેલા છે. ગીતાંજલિ એ પોતાના નામની પાછળ માતાના નામનો પ્રથમ શબ્દ 'શ્રી' જોડી દેતાં તેઓ ગીતાંજલિ શ્રી તરીકે જાણતાં છે. તેમણે દિલ્હીની લેડી શ્રીરામ કૉલેજ ફૉર વિમેનમાંથી **બી.એ.** અને જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU) માંથી ઇતિહાસ વિષયમાં **એમ.એ.** ની ડિગ્રી મેળવેલ છે. જ્યારે **Ph.D.**ની ડિગ્રી એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડામાંથી પ્રોફેસર ડૉ. વી. કે. ચાવડાના માર્ગદર્શન હેઠળ 'Social and Intellectual Trends in Colonial India : Study of Premachand' શીર્ષક હેઠળ મેળવી છે. આ શોધપ્રબંધ ઇન્ફ્લિબનેટની શોધગંગા વેબસાઈટ ઉપર Gitanjali Pandeyના નામ હેઠળ જોઈ શકાશે. તેમણે થોડાંક વર્ષો સુધી જામિયા મિલિયા ઈસ્લામિયા, અને ઝાકિર હુસેન કૉલેજ, નવી દિલ્હીમાં અધ્યાપનકાર્ય કર્યું હતું.

ગીતાંજલિ શ્રીએ હિન્દીમાં **૩ કહાની સંગ્રહો** - ૧. અનુગૂંજ (૧૯૯૧), ૨. વૈરાગ્ય (૧૯૯૯), અને ૩. યહાઁ

હાથી રહતે થે (૨૦૧૨) અને **૫. નવલકથાઓ** : ૧. માઈ (૧૯૯૩), ૨. હમારા શહર ઉસ બરસ (૧૯૯૮), ૩. તિરોહિત (૨૦૦૧), ૪. ખાલી જગહ (૨૦૦૬) અને ૫. રેત સમાધિ (૨૦૧૮) આપ્યા છે. આ ઉપરાંત તેઓશ્રી નાટ્યપ્રવૃત્તિ સાથે સંકળાયેલાં છે. તેમણે 'વિવાદી નાટ્ય સંસ્થા' માટે કેટલીક પટકથાઓનું લેખન કર્યું છે. રવીન્દ્રનાથ ટાગોર કૃત નવલકથાઓ 'ગોરા' અને 'ઘરે બાહિરે' તથા ઉર્દુ નવલકથાકાર મિરઝા હદી રૂસ્વા કૃત 'ઉમરાવજાન અદા'નાં સફળ નાટ્યરૂપાંતરો પણ કર્યાં છે અને ભજવાયાં પણ છે. તેમની પ્રથમ સાહિત્યિક કૃતિ **'બેલપત્ર'** (કહાની) **'હંસ'** પત્રિકામાં ૧૯૮૭માં પ્રકાશિત થઈ હતી. તેમના કૃતિત્વ ઉપર અનિતા ગોયલે ડૉ. મધુલિકા શર્માના માર્ગદર્શન હેઠળ 'મહારાજા ગંગાસિંહ વિશ્વવિદ્યાલય', બીકાનેરમાંથી 'ગીતાજલિ શ્રી : સૃજન ઔર દષ્ટિકોણ' વિષય ઉપર પીએચ.ડી.ની ડિગ્રી વર્ષ ૨૦૧૮માં મેળવી છે. આ શોધપ્રબંધ પણ શાંધગંગા વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. તેઓશ્રી ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય અને જાપાન ફાઉન્ડેશનનાં ફેલો પણ રહી ચૂક્યાં છે.

ઉલ્લેખનીય છે કે **અંગ્રેજી ભાષામાં લખાયેલ અથવા અંગ્રેજીમાં અનુદિત** થયેલ નવલકથા માટે 'Booker Prize'ની સ્થાપના 'Booker, McConnel Ltd.' કંપની દ્વારા ૧૯૬૯માં કરવામાં આવી હતી. આ પારિતોષિક માટે પ્રાથમિક શરત એ હતી. કે તેનું પ્રકાશન યુનાઈટેડ કિંગ્ડમ કે આયરલેન્ડમાંથી થયેલું હોવું જોઈએ. અને તેનો લેખક કોમનવેલ્થ, આઈરિશ, દક્ષિણ આફ્રિકન દેશો અને ઝિમ્બાવવેબ પૈકીના દેશનો નાગરિક હોવો જોઈએ. આ શરત પૈકી વર્ષ ૨૦૧૪ થી કોઈ પણ દેશના નાગરિક દ્વારા અંગ્રેજી ભાષામાં લખાયેલ નવલકથાને આ પારિતોષિક માટે પાત્ર ગણવાનું ઠરાવવામાં આવ્યું છે. અલબત્ત તેનું પ્રકાશન યુનાઈટેડ કિંગ્ડમ અથવા આયરલેન્ડમાંથી થયેલું હોવું જોઈએ. આ અન્વયે પ્રારંભમાં ૨૧૦૦૦ પાઉન્ડની રકમ એનાયત કરવામાં આવતી હતી. આ રકમમાં વર્ષ ૨૦૦૨થી વધારો કરી ૫૦,૦૦૦ પાઉન્ડ રાખવામાં આવી છે. આ પારિતોષિકના નામમાં પણ સમયે સમયે ફેરફાર થયો છે, જેમ કે પ્રારંભમાં 'Booker Prize for Fiction', 'Man Booker Prize' અને હવે 'Booker Prize'. આ પારિતોષિક આ પૂર્વે ત્રણ ભારતીય લેખકોને મૂળમાં અંગ્રેજી ભાષામાં લખાયેલી તેમની નવલકથાઓ માટે મળ્યું હતું, જેમાં અરુંધતી રૉય - 'The God of Small Things' (૧૯૯૭), કિરણ દેસાઈ - 'The Inheritance of Loss' (૨૦૦૬) અને અરવિંદ અડિગા' 'The White Tiger' (૨૦૦૮)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત બે મૂળ ભારતીય લેખકો પરંતુ અન્ય દેશોનું નાગરિકત્વ ધરાવતા વી. એસ. નાયપૌલ – 'In a Free State' (૧૯૭૧) અને સલમાન રશ્દી – 'Midnights Children' (૧૯૮૦) ને પણ આ પારિતોષિકથી અલંકૃત કરવામાં આવ્યા હતા. જ્યારે વર્ષ ૨૦૨૨નું પારિતોષિક ગીતાંજલિ શ્રીને મૂળમાં હિન્દીમાં લખાયેલી તેમની નવલકથા 'રેત સમાધિ' (૨૦૧૮) માટે મળેલ છે, જેનો અંગ્રેજી અનુવાદ Daisy Rockwell દ્વારા **'Tomb of Sand'** (૨૦૨૧) શીર્ષક હેઠળ કરવામાં આવ્યા છે, જેનું પ્રકાશન યુનાઈટેડ કિંગ્ડમમાંથી 'Tilted Axis Press' દ્વારા કરવામાં આવ્યું છે. નિયમાનુસાર આ પુરસ્કારની રકમ ૫૦,૦૦૦ પાઉન્ડ લેખિકા અને અનુવાદિકા વચ્ચે સરખા હિસ્સે વહેંચવામાં આવી છે. આ નવલકથાનો ફ્રેન્ચ અનુવાદ પણ થયો છે.

આ લેખિકા માટે ગુજરાતે પણ ગર્વ લેવો રહ્યો. પ્રથમ તો આગળ ઉપર ઉલ્લેખ કર્યા મુજબ લેખિકા એમ. એસ. યુનિવર્સિટીની વિદ્યાર્થિની રહી ચૂકી છે. વધુમાં તેમના પતિ પ્રોફેસર સુધીરચંદ્ર કે જેઓશ્રી 'સેન્ટર ફોર સોશિયલા સ્ટડી', સુરતમાં પ્રારંભમાં સામાજિક ઇતિહાસના પ્રોફેસર અને બાદમાં ડાયરેકટર હતા તે કાર્યકાળ દરમિયાન લેખિકાએ સુરતમાં પણ નિવાસ કર્યો હતો. અહીથી સેવાનિવૃત્તિ બાદ વડોદરામાં પણ કેટલાંક વર્ષો વીતાવ્યાં હતાં. હાલમાં તેઓશ્રી નવી દિલ્હીમાં સ્થાઈ થયાં છે. પ્રો. સુધીરચંદ્ર દલપત-નર્મદ યુગના ગુજરાતી સાહિત્યના પ્રખર અભ્યાસી છે. તેમનાં પુસ્તકો 'ગાંધી : એક અસમ્ભવ સંભાવના', હિન્દૂ, હિન્દુત્વ, હિંદુસ્તાન', 'રુકમાબાઈ : સ્ત્રી અધિકાર ઔર કાનૂન', 'ડિપેંડેન્સ એન્ડ ડિસઈલૂજમેન્ટ : નેશનલ કોન્શસનેસ...', કન્ટીન્યૂઇંગ ડિલેમાઝ : અન્ડર સ્ટેન્ડિંગ સોશિયલ કાંશસનેસ', 'એંસ્લેવ્ડ ડોટર્સ : કૉલોનિયલિજમ, લૉ એન્ડ વિમેન્સ રાઈટ, દ ઓપ્રેસિવ પર્જેન્ટ વગેરે બહુચર્ચિત છે. ઉલ્લેખનીય કે પ્રો. સુધીરચંદ્રને વર્ષ ૨૦૨૦ના પ્રારંભમાં 'પ્રો. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળા' અંતર્ગત નિમંત્રિત કરવામાં આવ્યા હતા. આ સમયગાળામાં 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'માં પણ તેમના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દંપતી સાથે આ લખનાર પણ છેલ્લા ચાર દશકથી સૌહાર્દપૂર્ણ સંબંધો ધરાવે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર ઇતિહાસની અટારીએથી :

# શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ

(પ્રથમ વાર્ષિક સંમેલન, કડી; ૧૯૨૧) : સેક્રેટરીનો રિપોર્ટ

**નગીનભાઈ વ્રજલાલ પટેલ**

અરુણના પ્રભાવે જેમ તિમિર અલોપ થાય છે તેમ કેળવણીના પ્રભાવે જ્ઞાન તથા અજ્ઞાન અને તદ્‌જન્ય ઉપાધિઓ અદશ્ય થાય છે એ વાત કેળવણીનો સ્વાદ લેનાર તથા બહાર બહોળી દુનિયાનું અવલોકન અને અનુભવ કરનારને સહેજે લક્ષમાં આવે છે. આ વાત જ્ઞાતિના કેળવાયેલા વર્ગના ધ્યાનમાં હરહંમેશાં રમ્યા કરતી અને તેને માટે થોડાઘણા પ્રયત્નો પહેલેથી થતા, પણ તે આવી સમુદ્ર જેવી વિસ્તીર્ણ જ્ઞાતિને માટે ન જેવા હતા. બહુ વિસ્તારમાં પથરાયેલી આપણી કોમમાં કેળવણીનો ફેલાવો કરવા માટે જુદે જુદે સ્થળે બોર્ડિંગ હાઉસ, છાત્રાલય, વિદ્યાર્થી આશ્રમ, આદિની વ્યવસ્થા થાય તો જ કેળવણી વધવા પામે તે પ્રત્યક્ષ છે. આવી દીવા જેવી વાત હોવા છતાં, મોટા, વ્યવહારકુશળ અને ડહાપણડાહ્યા કહેવાતા અને કહેવરાવવાનો દાવો કરતા વર્ગ તરફથી કેળવણી પ્રચાર માટે સારી સુંદર વાતો સિવાય કાંઈ થયું નથી અને કદાચ કાંઈ સમુદ્રમાં ટીપાં બરોબર થયું હોય તો તેમાં મોટા અને આગેવાનોની સ્વાર્થદષ્ટિ અને પ્રમાદ ભળતાં લગભગ નિરુપયોગી અને નહિ જેવું બની ગયું છે – ઊછરતા, શુદ્ધ લાગણીવાળા, દુનિયાના પ્રપંચ જેમને હજી સ્પર્શી ન શક્યા હોય એવા યુવક, એકતરફ વિદ્યાથી અગણિત લાભ દેખનારા તથા બીજી તરફ અવિદ્યાથી અસલ પીડા પામતા અને માત્ર અવિદ્યાને લઈને જ આખા જનસમૂહને કકળાટ અને ક્લેશમય જીવનમાં સબડતો દેખી તેમની નસેનસથી ઝણઝણાટ વછૂટ્યા કરતો, જેને પરિણામે જ્ઞાતિમાં લાગી રહેલા દાવાનળમાં પોતાની યથાશક્તિ જળસિંચન કરી તેને ઓલવવા કે ધીમો પાડવાના હેતુથી તેઓએ યુવકમંડળ નામથી એક સંઘ સ્થાપી તથા અનેક કુરોગનો ભોગ થઈ નાશ થવા બેઠેલ જ્ઞાતિનાં મૂળમાં પાણી રેડવાનું તથા આસપાસનું વાતાવરણ સુધારી જિંદગીને આવશ્યક તત્ત્વો ઉત્પન્ન કરવાનું ઘણું અઘરું પરંતુ આવશ્યક કાર્ય, ધીરજ અને ખંતથી ઉપાડવા નિશ્ચય કર્યો. આ નિશ્ચયને અમલમાં મૂકતાં કડવા પાટીદારની વસ્તીથી ભરપૂર અને જેની હરકોઈ અસર આખી જ્ઞાતિ ઉપર થાય તેવી સ્થિતિ જેને વ્યાવહારિક સંયોગોથી પ્રાપ્ત થયેલી છે તે કડીપ્રાંતમાં પહેલી ચળવળ કરવા ઉચિત ધાર્યું, એને પરિણામે સંવત ૧૯૭૫ના વૈશાખ સુધી ૩ અક્ષયતૃતીયાએ યુવકમંડળના મુખ્ય સ્થાન અમદાવાદથી યુવકો રવાના થયા અને કડી, કલોલ, મહેસાણા તથા વિજાપુર તાલુકાંના બને તેટલાં મુખ્ય સ્થળે ફરી તથા કેટલેક સ્થળે પત્રવ્યવહાર કરી નજીકમાં આવતા વૈશાખી પૂર્ણિમાના મેળા ઉપર જ્ઞાતિહિતનો વિચાર કરવા શ્રી ઊંઝા મુકામે કુળદેવી ઉમિયામાતાજીના સ્થાનકમાં ભેગા થવા આગ્રહ કર્યો અને પોતે તે પ્રસંગે ત્યાં હાજર રહ્યા.

યુવકોની ચળવળને માન આપી તથા કેટલાક સ્વાભાવિક મેળા ઉપર માતાજીનાં દર્શન નિમિત્તે ભેગા થયેલા ઘણા આગેવાનો અને જનસમૂહ વચ્ચે કેળવણી, તેની આવશ્યકતા, તે પ્રાપ્ત કરતાં થતા ફાયદા, તે પ્રાપ્ત કરવામાં મદદ કરવાથી થતું અદ્વિતીય પુણ્ય તથા કેળવણી પ્રાપ્ત કરવાનો કયો માર્ગ ગ્રહણ કરવો ઇષ્ટ છે અને તેમાં શાં શાં સાધન જોઈએ; તે સાધન શી રીતે મેળવવાં એ વાતો ઉપર આખો દિવસ પુષ્કળ ચર્ચા કરી. બધાએ કેળવણી તરફ અભિરુચિ બતાવી. ઘણા ઉત્સાહીઓએ લાગણીભરી વાતચીત કરી. અંતે થોડા સમયમાં મુખ્ય મુખ્ય ગામોના આગેવાનોને કોઈ અનુકૂળ મધ્યસ્થાને ભેગા કરવા ઠરાવ્યું. ઘણા મત પ્રમાણે કડી મુકામે ભેગા થવામાં અનુકૂળતા જણાઈ, પરંતુ સ્થાનિક આગેવાનોની આવી ચળવળ તરફના ધ્યાનની ખામીને લઈને તે અશક્ય બન્યું, પરંતુ હરકોઈ અડચણ આવતાં કાર્ય અધૂરું પડતું નહિ મૂકવાના નિશ્ચયથી, વધુ પ્રયત્ન કરી, સરઢવ મુકામે ભેગા થવા ઠરાવ્યું. વરસાદના દિવસો નજદીક આવતા હોવાથી કામ જલદી આટોપવાની ખાસ જરૂર હતી તેથી જેઠ સુધી ૧૦)નો દિવસ એકત્ર થવા ઠરાવ્યો અને તે પ્રમાણે ચાર તાલુકાના જુદાજુદા મુખ્ય

ગોળના મુખ્ય મુખ્ય ગામો મળી આશરે ત્રીસપાંત્રીસ ગામના આગેવાનોને નિમંત્રણ કર્યું, એને માન આપી નિમંત્રણ થયેલ દરેક ગામેથી સુજ્ઞ આગેવાનો પધાર્યા. સવારમાં ચાણસ્માવાળા કાનજીભાઈ શિવાભાઈ પટેલના પ્રમુખપણા નીચે સભા થઈ. તેમાં કેળવણી વિશે પૂરતો ઊહાપોહ થયા બાદ તેનો ફેલાવો કરવા માટે એક કેળવણી ઉત્તેજકમંડળ સ્થપાયું. તેને માટે કેટલીક યોજના ઘડાઈ અને કાર્ય કરવા માટે યોગ્ય નિમણૂકો થઈ. કેટલાંક ગામો તરફથી વાર્ષિક અમુક રકમ અથવા તો દાણા કે રોકડનો અમુક ફાળો બોર્ડિંગ જેવી સંસ્થા ઊભી થયેથી આપવા વચન અપાયાં તથા  કાર્યની શરૂઆત કરવાને રૂ. ૯૬ની એક આગવી ટીપ થઈ જેનો પૂરતો અહેવાલ તે સભાના પ્રગટ થયેલા રિપોર્ટમાં જણાવ્યો છે.

બાદ આ કેળવણી મંડળની કાર્યવાહક કમિટીએ કડી પ્રાંતમાં મુખ્ય અને ચારે બાજુથી મધ્યસ્થ કડી તથા મહેસાણા મુકામે જુદા જુદા વિદ્યાર્થી આશ્રમ-બોર્ડિંગ હાઉસ ખોલવા યોગ્ય ધાર્યું અને તે પ્રમાણે ચળવળ ઉપાડી. પ્રથમ – કડી પરગણાના લોકોએ આ હિલચાલને સારો ટેકો આપ્યો. એને પરિણામે ગયા ચૈત્ર સુદી ૨ ને સોમવારે કડી મુકામે ખાખચોકની જગ્યામાં **''શ્રી કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ''**ના નામથી હાલ તરત એક સંસ્થા ઉઘાડવામાં આવી. થોડા જ સમયમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં સારો વધારો થવાથી તે મકાન સાંકડું પડતાં હાલ ઉત્તર સંસ્થાને અમીન ગોવિંદલાલ હરિભાઈના મકાનમાં આણવામાં આવી છે. અહીં હાલ પચીસ  વિદ્યાર્થીઓ પહેલાથી પાંચમા ધોરણ સુધીમાં અભ્યાસ કરનારા રહે છે. ગયા વૈશાખ અને તે પછી પણ લગ્નની ગરબડને લઈને ઘણા પાટીદારો પોતાના છોકરાને કેળળણીની સગવડ કરવા કે ભણવા મૂકવા તરફ ધ્યાન આપી શક્યા નથી. લગ્નનું કારણ વચ્ચે ન આવ્યું હોત તો વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો હોત એમ અનુભવથી સિદ્ધ થાય છે.

શરૂઆતથી તે અત્યાર સુધી આ સંસ્થાનું પોષણ માત્ર ભારતના ગોળના  ઉત્સાહી આગેવાનો જ કરે છે. ઉપરાંત તેને માટે એક કાયમી સગવડવાળું મકાન કરવા માટે પણ તેમના પંચ તરફથી હમણાં જ રૂ. સાડાસાત હજાર જેવડી મોટી ઉદાર રકમ આ મંડળને બક્ષવામાં આવી છે. બીજા જથ્થાવાળાએ આનો ધડો લેવાની જરૂર છે. આ સંસ્થા બધાને માટે છે અને બધા જથ્થાવાળા તેનો લાભ પણ લે છે. ચાર તાલુકાના ચારસોથી પાંચસો ગામનો ભાર માત્ર બાર જ ગામ ક્યાં સુધી ઉપાડી શકશે? બારની ઉદાર અને ઉત્સાહપૂર્ણ શરૂઆતનો ધડો લઈ દરેકે તે પ્રમાણે વર્તવાની જરૂર છે. દુનિયામાં પાટીદાર કોમ વાદીલી, એક કરે તેથી સવાયું કરવું તેવી પ્રકૃતિની ગણાય છે. અત્યાર સુધીને તેમનો વાદ, પાછળનો કાંઈ જ વિચાર કર્યા સિવાય એકબીજાથી સવાયાં – દોઢાં ઘી વાપરવામાં તથા તરતના જન્મેલા છોકરા માટે પણ ગમે તે ભોગે કન્યા મેળવવામાં વપરાયો છે. હવે ચોક્કસ જણાઈ ચૂક્યું છે કે આ બંને માર્ગ ખુવારીના છે. પહેલી બેને બદલે આ નવી ત્રીજી બાબતમાં તમારી સ્પર્ધા ચાલુ કરો તેથી ઉત્કર્ષ છે. કદાચ જૂની બાબતો છોડવી ન પાલવતી હોય તો કાંઈ નહિ – જે જેને તે ઇચ્છે તેને તે મુબારક હો – પણ સાથે સાથે એટલું તો જરૂર કબૂલ રાખો કે તે બાબત તરફ તમારું જેવું લક્ષ અને સ્પર્ધા સરસાઈ છે તેવું જ લક્ષ અને સ્પર્ધા આ ત્રીજી નવી પણ તમારા જીવનના ટેકારૂપ બાબતને આપો. નહિ તો, થોડા જ સમયમાં તમે તમારી જ્ઞાતિ-સમાજને પાયમાલ કરશો. તમે આ દુનિયામાં હતા ન હતા થઈ જશો. માટે જુદા જુદા લતાના દરેક આગેવાન ભાઈઓને ફરી ફરીને કહેવું પડે છે કે, તમારા છોકરાને કેળવણી આપવાનાં સાધન ઊભાં કરવા, **તમારા પોતાના જ ઘરમાં દીવો કરી અજવાળું આપવા, બારના ગોળની સ્પર્ધા કરો. તેનાથી સવાયું કરી તેને પાછું પાડી દો. સારી સરસાઈમાં માણસની માણસાઈની કિંમત છે. બાકી વહેતી નીકે આડો પગ મૂકવાની બહાદુરી તો બધા કરી શકે છે.** તેથી પણ તે ઓળખાય છે ખરા, પણ મૂર્ખ તરીકે – નાલાયક તરીકે. માટે ખોટી બાબતનાં માનઅભિમાન અને તકરાર મૂકી આબરૂ અને ઘરનાં તેજને વધારે તેવી આ બાબતમાં બધાં એકમત થઈ આગળ વધો.

જેમના તરફથી પૈસા તેમજ દાણા વગેરે આવ્યું છે તે આશ્રમના હિસાબના રિપોર્ટમાં સવિસ્તાર આવશે. સરઢવ મુકામે જે ગામો તરફથી પૈસા આપવાનું વચન અપાયું હતું, તેમાંથી કેટલેક સ્થળેથી ઘણી ઉઘરાણીઓ તથા રૂબરૂમાં ગયા છતાં બહાના બતાવી હજી કાંઈ અપાયું નથી. તે ઠીક કે શોભાસ્પદ નથી, કેટલેક સ્થળેથી ગઈ સાલ પૈસા આવ્યા હતા. કાર્તિક સુદી બીજનો

આપણો ઠરાવ હોવા છતાં આ સાલ હજું કાંઈ આવ્યું નથી, તો તે મોકલાવી આપવા દરેક ગામના આગેવાનોએ ખાસ લક્ષ આપવાની જરૂર છે.

આ સંસ્થા તરફ ખાસ લાગણી ધરવા માટે, આશ્રમને યોગ્ય વખતસર મદદ કરવા માટે તથા તેના માટે હરહંમેશ ચિંતવન કરી તેના અભ્યુદય અર્થે પોતાની લાગવગનો પૂરતો ઉપયોગ કરવા માટે આદરજ-મેડાના આગેવાનોનો આ મંડળ તરફથી ખાસ ઉપકાર માન્યા સિવાય ચાલે તેમ નથી જ. દરેક આગેવાનોએ પોતાની મોટાઈ અને લાગવગનો આવો સદ્‌ઉપયોગ કરવો ઘટે છે. તેથી જ મનુષ્ય જનસમાજનું હિત કરી પોતાના કલ્યાણનો માર્ગ લઈ શકે છે.

**કેળવણી મંડળ ઊભું કરવામાં તથા વિદ્યાર્થીઆશ્રમ – બોર્ડિંગહાઉસ ખોલવામાં મુખ્ય કારણભૂત વૃદ્ધ માનવીય પા. છગનલાલ પીતાંબરદાસ છે. તેમને ભૂલવા જેવા નથી. અત્યારે જનસમાજ તેમની કિંમત આકી શકતી નહિ હોય, પરંતુ ભવિષ્યની પ્રજા તો તેમની જરૂર કદર કરશે. જ્ઞાતિઅભ્યુદય અર્થે તેમની લાગણી નિશદિન ઝણઝણતી રહે છે તે સહવાસમાં રહેનાર પ્રત્યક્ષ કરી શકે છે. કડી પ્રાંતમાં બોર્ડિંગહાઉસ ન ખોલે ત્યાં સુધી મિષ્ટાન્ન ન ખાવા તેઓએ પ્રતિજ્ઞા લીધી હતી. આવા વૃદ્ધ, અનુભવી અને બુદ્ધિશાળી પુરુષની આવી ધમધમતી લાગણીનાં પરિણામો જ તમો આ આશ્રમરૂપે આંબો કહો, કલ્પવૃક્ષ કહો તે તમારી નજરે જોઈ શકો છો. એનાં ફળ ઇચ્છાએ કે અનિચ્છાએ તમે તમારા ઘરમાં બેઠા હશો ત્યાં તમારા ખોળામાં– હાથમાં પડશે અને તમોને સંતોષ થશે. તમો સર્વે આખી જ્ઞાતિ તેમનાં ઋણી છો. અત્યારે કદાચ નહિ જાણતા હો, ભવિષ્યમાં તમોને જરૂર તેનું ભાન થશે.**

આટલો જ કડી પરગણા પૂરતો જ અહેવાલ આપી અટકાય તો કડી પ્રાંતને ચોક્કસ અન્યાય થાય એ હેવાલ પક્ષઘાતી ઠરે. કડી પરગણું કડી પ્રાંતની એક બાજુ છે, તેની બીજી બાજુ તેટલી મહત્ત્વની છે તે પાટણવાડાનો ભાગ છે. પાટણ, ચાણસ્મા, હારીજ, ખેરાલુ, સિદ્ધપુર, વડનગર, વિસનગર અને મહેસાણા તાલુકાનો કેટલાક ભાગનો આ વિભાગમાં સમાવેશ થાય છે. કડી પરગણા જેટલી જ બલકે કાંઈ વિશેષ કડવા પાટીદારની વસ્તી પાટણવાડામાં છે. આ બધા તાલુકાને, મહેસાણા જ્યાં હાઈસ્કૂલ વગેરેનું સાધન છે તથા પ્રાંતનું સદર સ્ટેશન છે ત્યાં એક વધુ વિદ્યાર્થીઆશ્રમ બોર્ડિંગ હોય તો વધારે અનુકૂળતા મળે. ઉપરાંત વિદ્યાભ્યાસ કરનારની સંખ્યામાં પણ વધારો થાય. આ વિચાર તે બાજુના – પાટણવાડાના આગેવાનો આગળ ઘણી વખત મૂક્યા અને મુકાય છે, પરંતુ કમળપત્ર ઉપરથી પાણી વહી જાય તે જ પ્રમાણે આ કેળવણીના વિચારનો ત્યાં આદર થાય છે. આ ઉપરથી એમ નથી માનવાનું કે પાટણવાડાના પાટીદારો જનસમૂહનું હિત નહિ વિચારનાર તથા તે માટે પ્રયત્ન ન કરી શકે તેવા છે. અમારા અનુભવ પ્રમાણે તેમના દૃષ્ટિબિંદુમાં તફાવત છે. કડી પરગણાવાળા કેળવણી ફેલાવવામાં જ્ઞાતિનો અભ્યુદય દેખી રહ્યા છે અને તેથી તેની પાછળ મંડ્યા રહ્યા છે, જ્યારે પાટણવાડાના આગેવાનો બાળલગ્ન જ્ઞાતિમાં કાયમ રહે તો પોતાનો માનમરતબો, મોભો, પ્રતિષ્ઠા જળવાઈ રહે અને પોતાનો ઉત્કર્ષ થાય તેમાં માને છે. રાજ્ય આની વિરુદ્ધ છે અને આ અભિપ્રાયમાં આડ ખીલી કરે તેવા કાયદા કરે છે. તેને **"બાળલગ્ન જાય તો જ્ઞાતિ નાબૂદ થઈ જાય."** તેવી દલીલવાળા જ્ઞાતિહિતચિંતક પાટણવાડાના આગેવાનો કાયદામાં ફેરફાર કરાવી ચાલુ રાખવા તનતોડ અવિશ્રાંત મહેનત કર્યા કરે છે. આ ચળવળ કડી પરગણાના આગેવાનોની કેળવણી પાછળની મહેનત કરતાં ઘણી ચડી જાય તેવી છે. ફરક માત્ર માન્યતા ફેરનો છે, પરંતુ તેમાંથી ધડો લેવો ઘટે છે. પાટણવાળા તેમનો સિદ્ધાંત બાળલગ્ન કાયમ રાખવા માટે બહારના જ્ઞાતિબંધુઓની મદદ લે છે તથા રાજ્યમાં માગણીઓ કરે છે. હમણાં જ ના. પાટડીદરબારસાહેબ પાસે કડવા પાટીદાર જ્ઞાતિના ભલા માટે બાળલગ્ન કરવાની છૂટ આપવા માટે ના. શ્રીમંત ગાયકવાડ સરકાર તરફ લખાણ કરાવ્યું છે. આ પાટડીદરબારસાહેબે ખુશીથી જ્ઞાતિહિતની ખાતર તેમ કર્યું છે. તે જ પ્રમાણે કડી પરગણાવાળાએ પોતાના કેળવણીના મંત્રની ઉપાસનામાં કરવું ઘટે છે. તેઓ પણ પાટડી, વીરમગામ કે અમદાવાદ – મુંબઈના જ્ઞાતિના શેઠિયાઓને મળે તો પોતાના કાર્યમાં સરળતા કરી શકે તેમાં શંકા નથી. ના. પાટડીદરબારસાહેબ જેઓ દરેક જ્ઞાતિહિતચિંતકોને આવકાર આપે છે. તેઓ જરૂર આમાં પહેલ કરશે તે બાબતે બેમત હોય જ નહિ.

પાટણવાડાવાળા ભાઈઓન વધુ વિનંતી એ

કરવાની કે, તેમની શક્તિ અને ખંતમાં સર્વને ચોક્કસ વિશ્વાસ છે, માટે જો તેઓ કેવળ બાળલગ્ન કાયમ કરવાના પ્રયત્નની સાથે કેળવણીનો બીજો પ્રશ્ન – જે સાધારણ રીતે મહત્ત્વનો ગણી શકાય તેને પણ ઉપાડી લેશે તો જરૂર તેઓ બંને કાર્ય પાર પાડી શકશે. ખરી આવશ્યકતા એટલી જ કે, પહેલી બાબતમાં તેમણે જેટલો જીવ પરોવ્યો છે તેટલો જ બીજામાં પણ પરોવવો જોઈએ. સુરત, ભરૂચ, વડોદરા, અમદાવાદ અને કડી એટલે સ્થળે લતાવાર બોર્ડિંગહાઉસ છે, માત્ર પાટણવાડામાં જ કેળવણીને ઉત્તેજન આપવા ખાતર કાંઈ જ નથી થયું. આ જમાનાની આગેવાની કરવા કેળવણીની જરૂર છે તે વાત ખાસ લક્ષમાં રાખવી જોઈએ.

દરેક જ્ઞાતિહિતચિંતકોનું લક્ષ આટલી બાબત તરફ દોર્યા બાદ મારે મારો અસંતોષ જાહે કરવો રહે છે. આવો દૂબળોપાતળો અહેવાલ આપની સમક્ષ આપી મારે અટકવું પડે છે તેનું કારણ એ છે કે, મારા ઓછાં ભાગ્યે અહીંનો આશ્રમ ખોલ્યા બાદ પા. છગનલાલ પીતાંબરદાસ પોતાની ખાનગી પ્રવૃત્તિમાં રોકાઈ જવાથી આ તરફ જોઈતું લક્ષ આપી શક્યા નથી. જો તેઓ આખું વર્ષ કાર્યમાં સામેલ હોત તો અહેવાલમાં જે ફરિયાદો કરવી પડી છે તે કરવાવારો ન આવ્યો હોત. ઉપરાંત તમો ઘણું જ જોઈ શક્યા હોત. હજી પણ **જો વૃદ્ધ છગનલાલ આ કાર્ય હાથ ધરે તો ખાતરી આપી શકાય કે, ફરી જ્યારે આવા સંમેલન વખતે મળીએ ત્યારે કડી-મહેસાણા બંને સ્થળનાં હૃદય ફૂલી જાય તેવો રિપોર્ટ આપી શકાય.** પુરુષાર્થ કરતાં માણસ જ્યાં થાકે ત્યાં દેવને દોષ દે. જે ન થયું તેને માટે અહીં પણ એ જ રસ્તો રહ્યો. 'સુજ્ઞેષુ કિંમ બહુના.' અહેવાલ ઉપરથી વિચાર કરી સંસ્થાને સગવડ પૂરી પાડવી અને તેનો ઉપભોગ કરવો તે બેંન આપ સૌ જ્ઞાતિસજ્જનોના હાથની વાત છે. શાંતિ !

બાદ અમીન રામચંદ્ર જમનાદાસ (બી.એ. એલએલ.બી.)ના પ્રમુખપણા નીચે કાર્ય થયું હતું.

કેળવણી ઉત્તેજકમંડળ તથા વિદ્યાર્થીઆશ્રમ માટે ફંડ ઉઘરાવવા નીચેના સદ્‌ગૃહસ્થોએ સ્વેચ્છાથી પોતાનાં નામ આપી ઓછામાં ઓછા પંદર દિવસ બહારગામ ફરવા વચન આપ્યું હતું.

| | |
|---|---|
| પા. અમીચંદ નારણદાસ | આદરજ |
| પા. અંબારામ ઇચ્છાદાસ | થોળ |
| પા. પીતાંબરદાસ ભગવાનદાસ | કુંડાળ |
| પા. ધનશા જેકણદાસ | આદરજ |
| પા. આત્મારામ માલજીદાસ | છત્રાલ |
| પા. અમીન રામચંદ્ર જમનાદાસ | ગોઝારિયા |
| પા. રેવાભાઈ ડોસાભાઈ | સરઢવ |
| પા. ગંગારામ નથુભાઈ | વિડજ |
| પા. ઉમેદદાસ છગનદાસ | નારદીપુર |
| પા. મગનલાલ ખુશાલદાસ | ડરણ |
| પા. વિઠ્ઠલભાઈ જેસંગદાસ | સરઢવ |
| પા. નારણદાસ ઝવેરદાસ | ખાવડ |
| પા. ધનજીભાઈ મોતીભાઈ | લાડોલ |
| પા. શિવાભાઈ ઝવેરદાસ | કાસવા |
| પા. દયાળજીદાસ ગંગાદાસ | સરઢવ |
| પા. ભઈજીભાઈ જેસંગભાઈ | થોળ |
| પા. બેચરદાસ કાળીદાસ | લાંઘણજ |
| પા. ગોપાળભાઈ બાજીદાસ | કાસવા |
| પા. પરભુદાસ રામદાસ | હીરપુર |
| પા. છગનલાલ ખોડીદાસ | કડી |
| પા. છગનલાલ પીતાંબરદાસ | સરઢવ |
| પા. તુલસીદાસ ગોપાળદાસ | કડી |
| પા. પ્રાણલાલ હેમદાસ | વામજ |
| પા. બોથાભાઈ ઉમેદભાઈ | કડી |
| પા. શિવાભાઈ રામદાસ | વામજ |
| પા. કાકુભાઈ ઈશ્વરદાસ | કડી |
| પા. ઈશ્વરભાઈ જોઈતનદાસ | સરઢવ |
| પા. આત્મારામ ખોડીદાસ | કડી |

ઉપરના દરેક ગૃહસ્થે પંદર દિવસ બહારગામ ફરી, ફંડ ઉઘરાવવા કબૂલ કર્યું હતું. બાદ આશ્રમ માટેના કેટલાક નિયમો નક્કી કરી, તથા ચર્ચા થયા બાદ એક વ્યવસ્થાપક મંડળ નિમાયું હતું તથા બીજી પેટાકમિટી તથા કોષાધ્યક્ષ આદિની નિમણૂક થઈ હતી. સેક્રેટરી તરીકે નગીનભાઈ વ્રજલાલ પટેલને નીમવામાં આવ્યા હતા. વિઠ્ઠલભાઈ જેસિંગભાઈ પટેલ તે ઓડિટર નીમવામાં આવ્યા હતા. બાદ સભાનું કાર્ય પૂરું થતાં સભા વિસર્જન કરવામાં આવી હતી.

**(સૌજન્ય : ડૉ. મંગુભાઈ પટેલ કૃત 'સામાજિક ક્રાંતિના પ્રણેતા છગનભા' અમદાવાદ પાટીદાર હિતવર્ધક ટ્રસ્ટ, ૨૦૦૮, પૃ. ૭૬-૮૩)**

વિશ્વ સાહિત્યની અટારીએથી

# બુચી એમેચેટા :૧૯૪૪-૨૦૧૭ (નાઈજેરિયા-બ્રિટેન)

**(Buchi Emecheta)**

ડૉ. મનીષ વ્યાસ

૧૯૪૮ પછી બ્રિટેનમાં સ્થાયી થઈ હોય તેવી સૌ પ્રથમ સફળ મહિલા અશ્વેત લેખક તરીકે જેને નવાજવામાં આવી છે તેવી બુચી એમેચેટાનો જન્મ ૨૧ જુલાઈ, ૧૯૪૪ના રોજ નાઈજેરિયાના લાગોસ શહેરમાં થયો હતો. માતાનું નામ જેરેમી અને પિતાનું નામ એલીસ હતું, જેઓ રેલવે વિભાગમાં ઇજનેરી શાખામાં કામ કરતાં હતાં. વીસમી સદીનો મધ્યકાળ એટલે અંગ્રેજી હુકુમતના તાબા હેઠળ આવતા આફ્રિકન અને એશિયન દેશો માટે રંગભેદ અને લિંગભેદનો સમય. આ જ ભેદભાવે બાળ એમેચેટાને પ્રાથમિક શિક્ષણથી વંચિત રાખ્યા. પરંતુ જ્યારે તેમના માતા-પિતાને શિક્ષણ અને કેળવણી થકી થતા લાભ વિશે માહિતગાર કરવામાં આવ્યાં ત્યારે તેઓ એમેચેટાને એક મિશનરી ગર્લ્સ સ્કૂલમાં મોકલવા માટે રાજી થયાં. પરંતુ વિધિની વક્રતા એ કે એમેચેટાની આ ખુશીનું બાળ-મરણ થયું જ્યારે માત્ર નવ વર્ષની ઉંમરે તેમના પિતાનું અવસાન થઈ ગયું. આવે વખતે જ્યાં ઘરના સભ્યોના પેટનો ખાડો કેવી રીતે પૂરવો એ જ યક્ષ-પ્રશ્ન હોય ત્યાં સ્કૂલની ફી અને અન્ય ખર્ચો તો ક્યાંથી કાઢવો? એક વર્ષ સુધી અભ્યાસથી અલિપ્ત રહ્યા બાદ લાગોસ સ્થિત મેથોડિસ્ટ ગર્લ્સ સ્કૂલમાં અભ્યાસ માટે એમેચેટાને શિષ્યવૃત્તિ મળી, જેના થકી તે સોળ વર્ષની ઉંમર સુધી અભ્યાસ કરી શકી. અલબત્ત, આ અરસામાં એમેચેટાને વધુ એક કુઠારાઘાત સહન કરવો પડ્યો જ્યારે તેમની માતા પણ મૃત્યુ પામી. કિશોરાવસ્થામાં જ રંગ-ભેદ અને લિંગ-ભેદ જ્યાં ચરમસીમાએ હતો તેવા દેશમાં એમેચેટા અનાથ થઈ ગઈ. પરંતુ ખૂબીની વાત તો એ હતી કે તેઓએ ક્યારેય હતાશાને પોતાના ઉપર હાવી થવા દીધી નહીં. પ્રખ્યાત અમેરિકન કવયિત્રી અને માનવીય અધિકારો માટે અવિરત પ્રયત્નશીલ રહેલી માયા એન્જેલોના (Maya Angelou) શબ્દો અહી યાદ આવી જાય છેઃ ''You may encounter many defeats, but you must not be defeated. In fact, it may be necessary to encounter the defeats, so you can know who you are, what you can rise from, how you can still come out of it.'' અબ્રાહમ લિંકનના શબ્દોમાં કહીએ તો ધાતુ તો ત્યારે જ મજબૂત થાય જ્યારે તેને ભઠ્ઠીમાં તપાવવામાં આવે (only the test of fire makes the fine steel). આ ફિલોસોફીને સાર્થક કરતાં હોય તેમ વ્યક્તિગત કટોકટીને (personal crisis) હરાવીને એમેચેટા વધુ ને વધુ બળવત્તર થતાં ગયાં. તેમના આ જ સ્વાનુભાવે તેમને સ્ત્રી સશક્તિકરણ, નારી સ્વાતંત્ર્યતા, નારી ઉત્પીડન, બાળ-મજૂરી અને ગરીબી જેવાં સાંપ્રત વિષયો પ્રત્યે વધુ સંવેદનશીલ અને જાગૃત કર્યા.

Every cloud has a silver lining એ ઉક્તિને યથાર્થ કરતાં એમેચેટા એમના સહપાઠી સીલવેસ્ટર ઑનવૉર્ડી (Sylvester Onwardi) સાથે ૧૯૬૦માં લગ્નગ્રંથીથી જોડાયા. લગ્ન-જીવન શરૂ થયાના ટૂંકા સમયમાં જ યુગલ લંડન ખાતે સ્થાયી થાય છે, જ્યાં એમેચેટા ત્રણ દીકરીઓ અને બે પુત્રોને જન્મ આપે છે. પરંતુ સુખી લગ્નજીવનની આકાંક્ષા અને આશાઓ મૃગજળ સમાન નીવડે છે. એમેચેટા અને સિલવેસ્ટરનું દાંપત્યજીવન ઘરેલુ હિંસા, અપમાન અને મારપીટથી વધુ કંઈ જ નહોતું. પોતાને સ્વસ્થ અને સ્થિર રાખવા એમેચેટા પોતાના સંસ્મરણો લખવાનું શરૂ કરે છે; પરંતુ તેમના પ્રથમ પુસ્તકની હસ્તપ્રત તૈયાર થાય તે પહેલાં જ તેમના પતિ એને સળગાવી મૂકે છે. આ કૃતિ હતી The Bride Price, જે તમની પ્રથમ રચના હતી. પહેલી આવૃત્તિને ફરીથી લખવા માટે એમેચેટાને

પાંચ વર્ષ લાગ્યાં હતાં. આ કૃતિ ૧૯૭૬માં પ્રકાશિત થઈ હતી. માત્ર બાવીસ વર્ષની વયે પાંચમું બાળક જ્યારે ગર્ભમાં હતું ત્યારે એમેચેટા તેમના પતિથી હંમેશને માટે અલગ થઈ ગયા. હવે એકમાત્ર કોઈ સહારો હતો તો તે માત્ર અને માત્ર લેખન. પોતાની અને બાળકોની સારસંભાળ માટે તેઓએ લેખો લખવાનું શરૂ કર્યું અને સાથે સાથે ૧૯૭૨માં યુનિવર્સિટી ઑફ લંડનથી સમાજશાસ્ત્ર વિષયમાં B.Sc.ની પદવી પણ પ્રાપ્ત કરી. તેમની આત્મકથા Head over Water (૧૯૮૪) માં કપરા દિવસોને યાદ કરતાં તેઓ લખે છે: "ચાર બાળકો અને પાંચમું બાળક ગર્ભમાં અમે છ વ્યક્તિઓ ઇંગ્લૅન્ડમાં કોઈ પણ સ્થાયી આવક વગર જીવતાં રહી શક્યાં એ ચમત્કારથી વિશેષ કંઈ જ નથી." પોતાની વિદ્યા-ક્ષુધાને સંતોષતાં ૧૯૯૧માં તે જ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી પણ તેમણે મેળવી.

૧૯૬૫થી ૧૯૬૯ દરમિયાન એમેચેટાએ લંડન સ્થિત બ્રિટિશ મ્યુઝિયમ ખાતે લાઇબ્રેરી ઑફિસર તરીકે કામ કર્યું હતું. ત્યાર બાદ ૧૯૭૬ સુધી Inner London Education Authority માટે સમાજશાસ્ત્રી તરીકે અને ૧૯૭૮ સુધી North Londonમાં Community Worker તરીકે પણ નોંધપાત્ર કામ કર્યું હતું. અલબત્ત, તેમની સાહિત્યિક કારકીર્દિની શરૂઆત ૧૯૭૨ પછી જ થઈ તેમ કહી શકાય. પતિથી અલગ થયા બાદ New Statesman, Times Literary Supplement અને The Guardian જેવાં વિશ્વ પ્રસિદ્ધ સમાચારપત્રો અને સામયિકોમાં તેમના લેખો નિયમિતપણે જોવા મળતા હતા. આ લેખોમાં મહદંશે તેમના ઇંગ્લૅન્ડ ખાતેના એક બ્લૅક નાગરિક તરીકેના સ્વાનુભાવોનું આલેખન જોવા મળે છે. બાદમાં આ જ લેખોનો સંપુટ In the Ditch નામની કૃતિ તરીકે ૧૯૭૨માં પ્રકાશિત થયો હતો. સ્વાભાવિક રીતે જ આ કૃતિ અંશતઃ આત્મકથાનક સ્વરૂપે છે જેમાં કૃતિની નાયિકા Adah તેના પાંચ બાળકોના ઉછેર માટે ગ્રંથપાલ તરીકે કામ કરે છે. ૧૯૭૪માં પ્રકાશિત થયેલી અન્ય એક કૃતિ Second Class Citizenમાં પણ બ્લૅક ડાયસ્પોરાની વાત કેન્દ્રસ્થાને રહેલી છે. આ બંને પુસ્તકો ૧૯૮૩માં એક જ ગ્રંથમાં Adah's Story તરીકે પ્રકાશિત થયાં હતાં. આ કૃતિઓ ફક્ત વ્યક્તિગત અનુભવો અને રંગ-ભેદના સામ્રાજ્ય વચ્ચે અસ્તિત્વ ટકાવી રાખવા માટેનો કઠિન પરિશ્રમનો વાસ્તવિક અહેવાલ માત્ર ન રહેતાં પુરૂષ અને સ્ત્રી વચ્ચેના લિંગ-ભેદ, આત્મ-વિશ્વાસ અને સ્ત્રી તરીકેના ગૌરવને સાબૂત રાખવાની જદ્દો-જહદનો વાસ્તવિક ચિતાર વર્ણવે છે. આ નવલકથાઓ ઉપરાંત, Gwendolen (૧૯૮૯), Kehinde (૧૯૯૪) અને The New Tribe (૨૦૦૦) જેવી કૃતિઓમાં એમેચેટા બ્રિટેનમાં તે સમયે વ્યાપ્ત રંગભેદ અને પરદેશી વસાહતીઓને પડતી મુશ્કેલીને પણ વાચા આપે છે. તેમની આ નવલકથાઓના સ્ત્રી પાત્રોમાં આત્મ-વિશ્વાસ, સાહસિકતા અને નીડરતા જેવા ગુણો સવિશેષ રીતે ઊભરી આવે છે, જ્યારે પુરુષ પાત્રો આળસુ અને નિષ્ક્રિય જોવા મળે છે. ઉદાહરણ તરીકે Second Class Citizenની નાયિકા Adah એકલપંડે પોતાના બાળકોનો ઉછેર કરે છે, જ્યારે તેનો પતિ ફ્રાંસિસ રોજગારી શોધવામાં પણ નિષ્ફળ નીવડે છે. આ કૃતિ તે સમયની પ્રવર્તમાન ધારણા કે જો કોઈ સ્ત્રી જાહેરજીવનમાં વ્યસ્ત રહે તો તે ઘરની જવાબદારી પ્રત્યે બેદરકાર બની જાય છે તેનો પણ સમૂળગો નાશ કરે છે. એમેચેટાની કૃતિઓમાં સ્ત્રી પાત્રો જાહેરજીવન અને પારિવારિક જવાબદારીઓ વચ્ચે ગજબનો સંતુલન જાળવી રાખવા સફળ થાય છે. ૧૯૭૬ થી ૧૯૮૨ વચ્ચે પ્રકાશિત થયેલી તેમની નવલકથાઓ જેવી કે, The Bride Price (૧૯૭૬), The Slave Girl (૧૯૭૭), The Joys of Motherhood (૧૯૭૯), Destination Biafra (૧૯૮૨) અને Double Yoke ((૧૯૮૨)નું ઘટનાસ્થળ ઇંગ્લૅંડને બદલે આફ્રિકા છે. અલબત્ત, આ નવલકથાઓની પ્રમુખ વિભાવના તો એ જ છે કે પુરૂષ-પ્રધાન સામાજિક વ્યવસ્થામાં સફળ થવા માટે સ્ત્રીને અનિવાર્યપણે સંઘર્ષ કરવો જ પડશે. વીસમી સદીના શરૂઆતના કાળખંડને કેન્દ્રસ્થાને લખાયેલી The Slave Girl (૧૯૭૭)માં ગુલામી એ સ્ત્રી માટે અવશ્યંભાવી પરિસ્થિતિ તરીકે વર્ણવવામાં આવી છે. ઓગુયેમી (ogyunyemi) નામક આફ્રિકન વિવેચકના માતાનુસાર 'દાસી સ્ત્રી' (slave girl) એમેચેટાના

સાહિત્ય લેખનનું leitmotif બની રહે છે. આ સ્લેવ ગર્લ ક્યારેક પતિની ગુલામી, ક્યારેક ઇંગ્લૅન્ડ જેવા દેશમાં ગોરાઓની, તો ક્યારેક પરંપરાઓ અને રૂઢિઓની ગુલામ તરીકે હર એક કાળ અને ખંડમાં જોવા મળે છે. The Slave Girlની નાયિકા Ojebeta પણ આ 'દાસી સ્ત્રી'ની મૂલાકૃતિ (archetype) થી વિશેષ કંઈ જ નથી. નવલકથામાં તેનું શોષણ પહેલા એક ગુલામ તરીકે અને પછી એક પત્ની તરીકે થયા જ કરે છે — ફક્ત માલિકોની ફેરબદલ થયા કરે એટલું જ. આ નવલકથાને આમ તો પોસ્ટ-કોલોનિયલ નવલકથા તરીકે પણ ગણી શકાય જેમાં એમેચેટા ઇંગ્લૅન્ડને આ પ્રકારની રંગ-ભેદ અને સ્ત્રી-સ્વાતંત્ર્ય વિરોધી નીતિઓના પોષક તરીકે મૂલવે છે. એમેચેટાની કૃતિઓની આ વિષય-વસ્તુ (theme) આગળ જતાં અન્ય એક નવલકથા The Rape of Shavi (૧૯૮૩)ને જન્મ આપે છે, જેનો મુખ્ય-વિષય આફ્રિકા અને પશ્ચિમ વચ્ચેનો તણાવગ્રસ્ત સંબંધ છે. એમેચેટાની અન્ય તમામ કૃતિઓ કરતાં આ કૃતિને થોડીક ભિન્ન ગણી શકાય કારણકે આમાં સાયન્સ ફિક્શનનું તત્વ જોવા મળે છે. ન્યુક્લીયર વિસ્ફોટથી થયેલા સર્વનાશથી બચવા માટે યુરોપીયન્સનો એક સમૂહ આફ્રિકાના એક કાલ્પનિક દેશ Shavi ખાતે આવી પહોચે છે; પરંતુ તેમનું આગમન આફ્રિકાના રહેવાસીઓના દૈનિક જીવન, રહેણી-કરણી અને સમગ્ર સમાજ-વ્યવસ્થા માટે ખતરારૂપ બની રહે છે. આમ, Shavi એક સામૂહિક રૂપક (collective metaphor) તરીકે ઊભરી આવે છે. Shavi અહીં એ સ્થળ છે જ્યાં માત્ર એક સ્ત્રી નો જ બળાત્કાર થતો નથી; અપિતુ સમગ્ર દેશ વ્યભિચારીઓ દ્વારા પીડિત થાય છે.

એમેચેટાની નવલકથાઓનું વિહંગાવલોકન કરવામાં આવે તો તે પ્રત્યાઘાતી (reactive) વધુ, પરંતુ વિધ્વંસક (subversive) જરીકે નહીં. પોતાની ઓળખ પ્રસ્થાપિત કરવાના પ્રયત્નમાં એમેચેટાના સ્ત્રી પાત્રો પુરૂષ-પ્રધાન સમાજ વ્યવસ્થાને નકારવાના પક્ષમાં જોવા નથી મળતાં; ઊલટું તેઓ એવી કૌટુંબિક પ્રણાલીઓના હિમાયતી છે જેમાં સ્ત્રી અને પુરૂષ natural partners હોય. લગભગ ૩૦ વર્ષ જેટલી લાંબી સાહિત્યિક સફરમાં એમેચેટાને અનેકવિધ પારિતોષિકોથી નવાજવામાં આવ્યાં હતાં, જેમાં Jock Campbell Prize અને Best of Young British Novelists પ્રમુખ ખિતાબો છે. BBC History Magazine દ્વારા ૨૦૧૮માં પ્રકાશિત થયેલી ૧૦૦ પ્રમુખ સ્ત્રીઓની યાદીમાં એમેચેટા ૯૮મા ક્રમે જોવા મળે છે. આવા બહુપ્રસૂ લેખિકાનું ૨૫મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ ૭૨ વર્ષની વયે લંડન ખાતે અવસાન થયું હતું.

**Further Reading :**


Emecheta, Buchi. *Second Class Citizen.* W. W. Norton & Company, 2017.

— *The Joys of Motherhood.* 2nd edition. George Braziller Publishers, 2013.

— *The Bride Price.* George Braziller Publishers, 2014.

— *Slave Girl.* George Braziller Publishers, 2000.

— *Destination Biafra.* Allison & Busby, 1981.

— *Kehinde.* Waveland Pr Inc, 2005.

— *Double Yoke.* George Braziller Publishers, 2000.

– *The Rape of Shavi.* George Braziller Publishers, 1985.

— *Adah's Story.* Allison & Busby, 1983.

Fisburn, Katherine. *Reading Buchi Emecheta: Cross-Cultural Conversations,* Green Wood Press, 1995.

Umeh, Marie. *Emerging Perspectives on Buchi Emecheta.* Africa World Press, 1996.



**ડૉ. મનીષ વ્યાસ**

**એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી & રિસર્ચ, ગાંધીનગર**

**(૯૪૨૮૦૪૭૪૬૩)**

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ - અમલીકરણ

ડૉ. કમલેશ જોશીપુરા

૭મી મે એ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય શિક્ષણનીતિની જાહેરાતના બે વર્ષમાં અમલીકરણની દિશામાં થયેલી પ્રગતિની સમીક્ષા બેઠકમાં આ નીતિનાં અસરકારક અમલીકરણ અર્થે કેટલાક નિર્ણયો લેવામાં આવ્યા છે.

કોઈ પણ દેશની સર્વાંગીણ પ્રગતિ અને સર્વતોમુખી વિકાસનો આધાર તે દેશમાં અપાતાં શિક્ષણનાં સ્તર, તેની ગુણવત્તા અને તેનાં વ્યાપ અને વિસ્તાર ઉપર અવલંબે છે. ૨૦૧૯માં જાહેર થયેલી રાષ્ટ્રીય શિક્ષણનીતિને કાળજીપૂર્વક અને સાવચેતી સાથે જ ''નવીશિક્ષણનીતિ'' નામાભિધાનથી દૂર રાખવામાં આવી છે, કારણ કે આ પૂર્વેની શિક્ષણનીતિઓ પંચોમાં રહેલા સારાં તત્ત્વો કે જે અમલીકરણથી વંચિત રહેલાં તેવા મુદ્દાઓને ધ્યાને લઈ આગામી ૨૦ વર્ષમાં સંપૂર્ણ અમલીકરણનાં લક્ષ્યાંક સાથે સર્વગ્રાહી રીતે આ નીતિ ઘડી કાઢવામાં આવી છે.

પ્રધાનમંત્રીશ્રીએ શિક્ષણની ગુણવત્તા, સમન્યાય, સર્વસમાવેષકતા અને પહોંચ (Access) જેવા ચાર આયામો ઉપર વધુ ભાર મૂકેલ છે, અલબત્ત, ૨૦૧૫-૧૬ની સરખામણીએ પાત્રતા વય જૂથમાં શિક્ષણનો વ્યાપ અને વિસ્તાર ચોક્કસ વધ્યો છે, પ્રગતિ પણ સારી છે, પરંતુ લક્ષ્ય હજુ દૂર છે.

સમગ્ર રીતે ઉચ્ચ શિક્ષણ રાષ્ટ્રીય સર્વેક્ષણ (ઑલ ઇન્ડિયા સર્વે ઑન હાયર એજ્યુકેશન) ૧૮થી ૨૩ વર્ષનાં વય જૂથમાં પ્રવેશ મેળવનારની ટકાવારી વધીને ૨૭.૩ ટકા થઈ છે, જાતિગત સમાનતા સૂચકાંકમાં પ્રવેશ મેળવનારમાં કન્યાઓની સંખ્યામાં સારો એવો વધારો થયો છે જે મહિલાઓમાં શિક્ષણ અર્થેની રુચિમાં થયેલ વધારો દર્શાવે છે. પ્રધાનમંત્રી એ પ્રાથમિક શિક્ષણથી લઈ ઉચ્ચ શિક્ષણનાં ક્ષેત્રે પ્રવર્તમાન પ્રવાહોની સમીક્ષા કરી છે.

ખાસ ઉલ્લેખનીય એટલે ઉચ્ચ શિક્ષણક્ષેત્રે બહુ વિદ્યાકીય (મલ્ટીડિસિપ્લિમનરી) અને એકેડેમિક બૅંક ઑફ ક્રેડિટ અને મલ્ટીપલ એન્ટ્રી-એક્ઝિટ સંદર્ભે દેશનાં શિક્ષણમંત્રાલયનાં માગદર્શનનાં નેશનલ હાયર એજ્યુકેશન ક્વોલિફિકેશન ફ્રેમવર્ક સંદર્ભે કરેલી જાહેરાત વિશેષ ઉલ્લેખનીય છે.

માનવવિદ્યા(આર્ટસ), વિજ્ઞાન, વાણિજ્ય, કાયદા સહિતની પ્રત્યેક વિદ્યાશાખામાં અન્ય વિદ્યાશાખાનાં વિષયોનો અભ્યાસ કરવાની વિદ્યાર્થીઓને સ્વતંત્રતા અને સગવડતા વાત ઘણાં સમયથી ચર્ચામાં અને બહુવિદ્યાકીય માળખું એ રાષ્ટ્રીય શિક્ષણનીતિની મહત્ત્વની બાબત છે ત્યારે તેનું માળખું જાહેર થવા જઈ રહેલ છે તે આ દિશાનું નક્કર પગલું બની રહેશે.

વિદ્યાર્થીઓને પોતાનાં અભ્યાસકાળ દરમિયાન કૌટુંબિક સંજોગો, સામાજિક પરિસ્થિતિ, આર્થિક કારણોસર કે અન્ય કારણોસર ચાલુ અભ્યાસ છોડી દેવો પડે અને સ્થિતિ સંજોગો સુધરે ત્યારે ફરી અભ્યાસ કરવા આવે ત્યારે અભ્યાસક્રમ બદલાવાની સ્થિતિમાં ફરીથી અભ્યાસ કરવો પડે છે તે સ્થિતિ નિવારવા ''એની ટાઇમ એન્ટ્રી-એક્ઝિટ'' અને એકેડેમિક બૅંક ઑફ ક્રેડિટ સંદર્ભે માર્ગદર્શકનીતિ અમલમાં આવી રહેલ છે તેનાથી વિશ્વવિદ્યાલયોની વર્તમાન સ્થિતિમાં વ્યાપક ફેરફારો અમલમાં આવશે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ સંદર્ભે એક ખૂબ જ મહત્ત્વની બાબત એટલે નીતિની જાહેરાત સમયે જે રીતે ભૂતકાળમાં ભાષા સંદર્ભે જે ઊહાપોહની સ્થિતિ ઊભી થયેલી તે આ વખતે બિલકુલ જોવા મળી નથી, આ સંદર્ભે કેન્દ્ર સરકારે ખૂબ જ સાવચેતી રાખી દ્વિભાષા કે ત્રિભાષાની ફૉર્મ્યૂલા આપી ભાષાનાં નામે રાજકારણ ખેલતા તત્ત્વોને બિલકુલ તક નથી આપી, આ સંદર્ભમાં ૭મી મેની બેઠકમાં કરેલી જાહેરાત મુજબ ઑનલાઇન પ્રશિક્ષણ પોર્ટલ 'દક્ષા' -માં ૩૩ જેટલી ભાષામાં શિક્ષણ સામગ્રી ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

આ ઉપરાંત એન્જિનિયરિંગના અભ્યાસક્રમ ૭ ભાષામાં પ્રારંભિક તબક્કે શરૂ થયેલ છે, અલબત્ત, સ્થાનિક

**અનુસંધાન પૃષ્ઠ : ૨૬ પર**

# જીવનની ગુણવત્તા વધારવા માટે શિક્ષણ

તુલસીભાઈ શાહ

'અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ'ના ઉપક્રમે ૮, માર્ચ ૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે પ્રાથમિક શિક્ષણમાં ગુણવત્તા વધારવા વિશે એક સુંદર સેમિનારનું આયોજન થયું. ગુજરાતના જાણીતા શિક્ષણવિદોએ ગુણવત્તા સુધારવા વિશે મૌલિક વિચારો રજૂ કર્યા. ઉપસ્થિત શિક્ષણપ્રેમી શ્રોતાઓએ પણ ચર્ચામાં સક્રિય ભાગ લીધો. સમારંભના મુખ્ય અતિથિ માનનીય ડૉ. ઓમપ્રકાશ કોહલીજી (ગુજરાત રાજ્યના ગવર્નરશ્રી)એ શિક્ષક અને શિક્ષણની ગુણવત્તા વિશે મનનીય ચિંતન રજૂ કર્યું. અચલા એજ્યુ. ફાઉન્ડેશનના સુકાની ડૉ. મફતભાઈ પટેલ દર વરસે આવા સેમિનાર યોજીને શિક્ષણની જ્યોત ઝળહળતી રાખવાનો પ્રશંસનીય પ્રયાસ કરતા રહે છે.

માત્ર પ્રાથમિક શિક્ષણ જ શા માટે, માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા વધારવા માટે પણ સતત સંનિષ્ઠ પ્રયાસો થતા રહેવા જોઈએ. શિક્ષણના ઉદ્દેશ વિશે અનેક ચિંતકોએ અલગ અલગ વ્યાખ્યાઓ આપી છે; પરંતુ મારી દૃષ્ટિએ શિક્ષણની ટૂંકી ને ટચ વ્યાખ્યા છે : 'શિક્ષણ એટલે ભાવિજીવનની પૂર્વતૈયારી. મનુષ્ય-જીવનની ગુણવત્તા વધારવી એ શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ છે.' તો જીવનની ગુણવત્તા વધારવામાં શિક્ષણ પોતાનો રોલ કઈ રીતે ભજવી શકે એ વિશે વિચાર કરવાનો અહીં ઉપક્રમ છે. જીવનને સફળ અને સાર્થક બનાવવા માટે શિક્ષણની અંદર કેટલાંક કૌશલ્યોનો સમાવેશ કરવો જરૂરી છે. જીવનમાં આ કૌશલ્યોનો વિકાસ સાતત્યપૂર્વક થતો રહે એટલા માટે વિદ્યાર્થીએ સંકલ્પપૂર્વક અને દૃઢપણે કેટલાક પ્રયાસ કરવા આવશ્યક છે. આ પ્રકારની પ્રક્રિયાને 'જીવન-કૌશલ્ય શિક્ષણ' કહેવામાં આવે છે.

વિદ્યાર્થીના જીવનની ગુણવત્તા વધારવામાં આ કૌશલ્યો મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. વિદ્યાર્થી આ પ્રકારનાં કૌશલ્યો પ્રાપ્ત કરે એ માટે એના જીવનના આરંભના તબક્કામાં જરૂરી તકો પૂરી પાડવી અત્યંત આવશ્યક છે. શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવો તે છે. વિદ્યાર્થી પોતાનો શારીરિક, ભાવાત્મક અને બૌદ્ધિક : ત્રણે સ્તરે સંતુલિત વિકાસ કરી શકે તો જ એના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સિદ્ધ થયો ગણાય અને તો જ એના જીવનની ગુણવત્તા વધી છે એમ કહી શકાય.

જીવનની ગુણવત્તા વધારવા માટે વિદ્યાર્થીને એના અભ્યાસના શરૂઆતના તબક્કાથી જ યોગ્ય તકો પૂરી પાડવી જોઈએ. એ માટે વિશ્વ આરોગ્ય સંગઠને [World Health Organisation] વિદ્યાર્થીમાં દશ પ્રકારનાં કૌશલ્યો વધે એવા પ્રકાની પ્રવૃત્તિઓનું આયોજન કરવા સૂચન કરેલ. એ દશ પ્રકારનાં કૌશલ્યો નીચે પ્રમાણે છે :

**૧. સ્વ-જાગૃતિ** (Self awareness)

જીવનની ગુણવત્તા વધારવામાં સૌથી મહત્ત્વપૂર્ણ પરિબળ સ્વ-જાગૃતિ છે. વિદ્યાર્થી બીજું કંઈ જાણે એ પહેલાં તો પોતાના વિશે જાણે એ ખૂબ જ જરૂરી છે. ફિલોસોફરો અને અધ્યાત્મવાદીઓ પણ ભારપૂર્વક કહે છે કે : Know thyself અર્થાત્ તું તારી જાતને જાણ. અહીં એના ગૂઢ-ગહન આધ્યાત્મિકભાવ સુધી જવાની જરૂર નથી; પરંતુ વિદ્યાર્થીએ પોતાની વાસ્તવિક શક્તિ તથા મર્યાદા : બંને વિશે જાણકારી મેળવવી જોઈએ. પોતાની રુચિ, પસંદગી, ક્ષમતા, પ્રેરણા, આદર્શ વગેરે વિશે યથાર્થ સભાનતા કેળવવી જોઈએ. એના પાયા ઉપર એ ભાવિ ઘડતરની સંગીન ઇમારત નિર્માણ કરી શકે. એક ક્ષણની અ-સાવધાની એને પતનની ખીણમાં ગબડાવી શકે છે. માટે સતત જાગૃતિ અને પોતાની ક્ષમતા વિશેની સભાનતા આવશ્યક છે.

**૨. સમાનુભૂતિ** (Empathy)

સમ + અનુભૂતિ અર્થાત્ અન્યની અનુભૂતિને કલ્પના દ્વારા પોતાની અનુભૂતિ બનાવવાની ક્ષમતા વિકસાવવી. સહાનુભૂતિની અપેક્ષાએ આ ચઢિયાતી ભાવના છે. બીજી રીતે એને સમસંવેદન કહી શકીએ. બીજી

વ્યક્તિની લાગણીઓ તથા અનુભવોને યથાર્થરૂપમાં ત્યારે જ સમજી શકીએ જ્યારે આપણે એના સંજોગો અને પરિસ્થિતિની કલ્પના કરી શકીએ. એમ થાય ત્યારે એનું દુઃખ એ આપણું દુઃખ બને. આપણી જેમ જ બીજાંઓ પણ સુખ-દુઃખ, આશા-નિરાશા વગેરે અનુભવતા હોય છે; એવી સભાનતા ને સંવેદના કેળવવી જોઈએ. ગીતાજીમાં પણ કહ્યું છે 'આત્મવત્ સર્વભૂતેષુ' સમસંવેદન યા સમાનુભૂતિની કેળવણીમાં સાહિત્ય-કલા કાર્યસાધક નીવડી શકે. માનવવિદ્યાઓ (Humanities) પણ ઉપયોગી પુરવાર થઈ શકે.

**૩. સમસ્યા ઉકેલવી** (Problem solving ability)

જીવનમાં અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવાનો આવે છે. મનોવિજ્ઞાનમાં બુદ્ધિનું એક મહત્ત્વપૂર્ણ લક્ષણ સમસ્યા ઉકેલવાની ક્ષમતા ગણવામાં આવે છે. શિક્ષણ એ ભાવિજીવનની પૂર્વતૈયારી હોઈ, ભવિષ્યમાં આવનારી સમસ્યાઓ (તેમજ વર્તમાન સમસ્યાઓ) વિશે સંપ્રજ્ઞતા કેળવી અને એના નિવારણના ઉપાયો શોધવાની ક્ષમતા પેદા કરવી જોઈએ. સામે અનેક વિકલ્પો આવે ત્યારે યોગ્ય વિકલ્પ પસંદ કરવાની આવડત કેળવવી જોઈએ. વિજ્ઞાન અને સમાજવિદ્યાઓનો અભ્યાસ ઉપકારક નીવડે.

**૪. નિર્ણયશા□ત કેળવવી** (Decision making ability)

જીવનયાત્રામાં આગળ વધતાં ઘણી વાર અનેક રસ્તાઓ આવતા હોય છે, ત્યારે કયો રસ્તો પકડવો અને કયો છોડી દેવો એ સમસ્યા પેદા થાય છે. નિર્ણય પર તો આવવું જ પડે છે. એ માટે યોગ્ય નિર્ણય પસંદ કરવાની ક્ષમતા જરૂરી છે. મૂંઝવણમાંથી યોગ્ય માર્ગ કાઢી ન શકીએ તો આંધીમાં સપડાયેલી નૈયા જેવી દશા થાય છે ! નિર્ણયશક્તિના અભાવે ઘણી વાર બુદ્ધિશાળી માણસો જીવનમાં નિષ્ફળ જાય છે, તેથી ઊલટું નિર્ણયશક્તિની ક્ષમતાને કારણે અલ્પ બુદ્ધિ માણસો પણ સફળતાનાં ઊંચાં શિખર સર કરતા જોવા મળે છે.

**૫. અસરકારક સમ્પ્રેષણ** (Effective communication)

જીવનની ગુણવત્તા વધારવામાં અસરકારક સમ્પ્રેષણ અગત્યનો ભાગ ભજવે છે. માણસ પાસે આવડત હોય; પરંતુ એની રજૂઆત કરવાની કુશળતા ન હોય તો આવડતનો ઇચ્છિત લાભ મળતો નથી. તમારી પાસે અનુભવ, આવડત, અનુભૂતિ બધું હોય, પરંતુ એ વ્યક્ત ન થાય તો સામેવાળાને એ વિશે કેવી રીતે જાણ થાય ? એ બધા કાંઈ અંતર્યામી નથી. ખાસ કરીને વ્યાપારી, સામાજિક કે રાજકીય નેતા, શિક્ષક, ઉપદેશક વગેરે અસરકારક વક્તૃત્વ દ્વારા જ સફળતા પ્રાપ્ત કરતા હોય છે. વાણિજ્યમાં કહેવાય છે કે હિમાલયના બર્ફીલા પ્રદેશમાં ફ્રીજ વેચી શકે એ સફળ સેલ્સમૅન કહેવાય ! ચર્ચા, વક્તૃત્વ સ્પર્ધા, નાટક વગેરે પ્રવૃત્તિઓના આયોજન દ્વારા વિદ્યાર્થીમાં સમ્પ્રેષણક્ષમતા પેદા કરી શકાય.

**૬. આલોચનાત્મક ચિંતન (Critical thinking)**

શિક્ષણનો એક મહત્ત્વપૂર્ણ હેતુ વિદ્યાર્થીમાં વિચારશક્તિ પેદા કરવાનો છે. મનુષ્ય અને પશુ વચ્ચે મુખ્ય તફાવત વિચાર કરવાની ક્ષમતા છે. વળી, આ ચિંતન ચીલાચાલુ યા પરંપરાલક્ષી ન હોવું જોઈએ, પરંતુ વિશ્લેષણાત્મક હોવું ઘટે. અર્થાત્ વિદ્યાર્થી સારા-નરસા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી શકે એ જરૂરી છે. જીવનમાં ડગલે ને પગલે આલોચનાત્મક ચિતનની જરૂર પડે છે. એની ઉપયોગિતા સર્વવિદિત છે. લૉજિક, ફિલોસૉફી, એથિક્સ વગેરેના અભ્યાસ દ્વારા આલોચનાત્મક ચિંતન વિકસી શકે...

**૭. સર્જનાત્મક ચિંતન** (Creative thinking)

શિક્ષણ એવું હોવું જોઈએ, જેનાથી વિદ્યાર્થીની કલ્પનાશક્તિ અને સર્જનશક્તિનો વિકાસ થાય, એના વિના વિદ્યાર્થી પોપટ-પંડિત બની જશે. ચીલચાલુ શિક્ષણ પર તહોમતનામું છે કે એ વિદ્યાર્થીની સર્જનાત્મક શક્તિને કુંઠિત કરે છે. માત્ર ગોખણપટ્ટી નહીં, પરંતુ મૌલિકતાનું મહત્ત્વ છે. વિવિધ પ્રકારની કલાઓ વિદ્યાર્થીમાં સર્જનાત્મક ક્ષમતા પ્રગટાવી શકે.

**૮. બિનઅંગત સંબંધ** (Impersonal relations)

ચિંતનમાં તટસ્થતા, નિષ્પક્ષતાના ગુણો આવશ્યક છે; એ માટે બિનઅંગતતા ખૂબ જરૂરી છે. અંગતતાને કારણે તટસ્થતા જોખમાય છે, ને ચિંતન અશુદ્ધ બને છે. પરંપરા તેમજ વ્યક્તિપ્રભાવથી મુક્ત રહીને મૂળગામી ચિંતન કરવું આવશ્યક છે. અલબત્ત, આ અઘરું કામ છે; કેમ કે પૂર્વસંસ્કારના નામે પ્રાપ્ત થયેલી ચિંતનપ્રણાલીથી આપમેળે મુક્ત રહી શકતા નથી; પરંતુ જાગૃતિપૂર્વક શુદ્ધ ને

તલસ્પર્શી ચિંતનની આદત કેળવવી જોઈએ.

**૯. સંવેદન સમતોલ કરવાં** (Coping with emotions)

સંવેદનશીલતા સાચો ગુણ છે; પરંતુ અસમતોલ સંવેદન એ એક પ્રકારની મનોરુગ્ણતા ગણાય. જેમ કે, લાગણી સારી પણ લાગણીવેડા ખોટા. એ રીતે સંવેદનશીલતા પણ વિવેકયુક્ત સંતુલિત હોવી જોઈએ. જીવનના ગુણાત્મક વિકાસમાં આ ગુણ પણ મહત્ત્વપૂર્ણ છે. શ્રદ્ધા કે ભક્તિના અતિરેકને લીધે કેટલાક લોકો અર્ધપાગલ જોવા મળે છે. સીમાહીન ભાવુકતા વ્યક્તિને વિક્ષિપ્ત ને વિહ્વળ બનાવે છે. એમાંથી બચવા માટે જાગ્રત પ્રયાસ કરવા જોઈએ. બૌદ્ધિક વિષયોનું પરિશીલન એમાં ઉપયોગી પુરવાર થઈ શકે.

**૧૦. તનાવ નિયંત્રિત કરવો** (Coping with stress)

તનાવ અર્થાત્ ટેન્શન કે સ્ટ્રેસ, એ આધુનિક ભોગવાદી સભ્યતાનો અભિશાપ છે; જો એને નિયંત્રિત કરવામાં ન આવે તો પરિણામે અનેક પ્રકારના તન અને મનના રોગોનો ભોગ બનવું પડે છે. એમ કહી શકાય કે તનાવ એ આયાતી બીમારી છે ! ગીતાજીમાં નિરૂપિત સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો આત્મસાત્ કરો, તો તનાવનું તુરંત બાષ્પીભવન થઈ જશે. વ્યક્તિ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે છતાં તનાવમુક્ત ન રહી શકે તો એનું શિક્ષણ અધૂરું ગણાય. તનાવમુક્તિ માટે મનોવિજ્ઞાન, નીતિશાસ્ત્ર કે ફિલસૂફીનો અભ્યાસ ખૂબ ઉપયોગી થઈ શકે.

**જીવનની ગુણવત્તા વધારવા માટે ઉપરનાં કૌશલ્યો વિદ્યાર્થીને શાળાકીય શિક્ષણ દ્વારા પ્રાપ્ત થવાં જોઈએ; પરંતુ કેવળ શાળાકીય શિક્ષણ અધૂરું સિદ્ધ થયેલ છે. આ ક્ષતિપૂર્તિ માટે ઇતર વાચન અને ખાસ તો અભ્યાસપૂરક પ્રવૃત્તિઓ ખૂબ જરૂરી છે. પ્રવાસ-પર્યટન, ગીત, સંગીત, નાટક, સંવાદ રમત-ગમત વગેરેનું આયોજન થવું જોઈએ; પરંતુ આજકાલ ટકાલક્ષી શિક્ષણની લ્હાયમાં આ પ્રકારની પ્રવૃત્તિઓ સંકોચાતી જાય છે, એ શોચનીય છે. અસ્તુ !**

મો. ૯૯૯૮૦૮૯૬૩૩

---

**અનુસંધાન પૃષ્ઠ : ૨૩ ચાલુ**

ભાષામાં ભાષાંતરને કારણે અભ્યાસક્રમની મૂળભૂત બાબતો કાયમ રહે તેની કાળજી અનિવાર્યપણે રાખવી રહી.

અટલ રેન્કિંગ દ્વારા ઈનોવેશન સ્ટાર્ટઅપને પ્રોત્સાહિત કરવા લગભગ પ્રત્યેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૩૦૦૦ જેટલી ઇનોવેશન કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં પણ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઍન્ડ ઇનોવેશન પૉલિસી દ્વારા ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણક્ષેત્રે ખૂબ જ સારી કામગીરી થઈ રહેલ છે, ખાસ ઉલ્લેખનીય એટલે અટલ રેન્કિંગમાં ગુજરાત યુનિવર્સિટી, ગુજરાત ટેક્નૉલૉજિકલ યુનિવર્સિટી, એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ અને એન્ટરપ્રેન્યોર સંસ્થા દેશભરમાં પ્રથમ દસમાં આવેલ છે જે પ્રશંસનીય છે.

રાષ્ટ્રીય શિક્ષણની નિતિનાં અસરકારક અમલીકરણ અર્થે ખુદ પ્રધાનમંત્રીએ સુદીર્ઘ સમય માટે બેઠકમાં હાજર રહી અને સમીક્ષા કરી અસરકારક અમલીકરણ માટે સમયબદ્ધ કાર્યક્રમ સંદર્ભે જરૂરી સૂચનાઓ આપી તેનાથી અમલીકરણ અમલમાં લાવનાર તંત્ર અને પ્રત્યેક આયામો સક્રિય થાય તે સ્વાભાવિક છે. ગુજરાત સરકારે સપ્ટેમ્બર ૨૦૧૯માં ટાસ્કફોર્સની રચના કરી હતી અને બાદમાં રાજ્યભરનાં ઉચ્ચશિક્ષણ સાથે સંકળાયેલ વિવિધ શ્રેણીઓ સાથે વ્યાપક સ્તરે ચર્ચા કરી રોડમેપની જાહેરાત કરી છે. આ તત્ત્વાવધાનમાં આગામી શૈક્ષણિક સત્રથી સંભવિત રીતે અમલમાં આવનાર બાબતો અંગે સજ્જ થવું જરૂરી છે. વિશ્વવિદ્યાલયો પણ છેલ્લા બે વર્ષથી આ દિશામાં પૂર્વ તૈયારીઓ કરી રહેલ છે જેનો લાભ વિદ્યાર્થીઓને મળશે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિનાં લક્ષ્યાંકો સિદ્ધ કરવાની દિશામાં અમલીકરણ અને આઝાદીનાં અમૃતમહોત્સવ દરમિયાન ''અમૃતકાળ'' પ્રવેશ સમયે નિશ્ચિત રીતે શરૂ થઈ જશે તેવી આશા રાખીએ.

**ડૉ. કમલેશ જોશીપુરા**
પૂર્વ કુલપતિ,
સભ્ય : NMML, ભારત સરકાર
મો. ૯૮૨૪૨૧૨૦૩૩

# તાતા પરિવાર (Tata Family)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

તાતા સ્પોન્જ આયર્નના (Tata Sponge Iron) પ્રમુખ અબનિન્દ્ર મિશ્રાએ (Abanindra Misra) વર્ષો પહેલા બનેલો પ્રસંગ વર્ણવેલો :

ધાતુઓ ભરેલા વાહનને (Metal Towing Dumper) અકસ્માત થયેલો. આથી આ વાહનને પોલીસોએ જપ્ત કરેલું. તાતાના બીજા અધિકારી અને હું તે વાહનને છોડાવીને પાછું લેવા ગયેલા. અમોએ પોલીસ ઇન્સ્પેક્ટરને વાહન પાછું આપવા વિનંતી કરી અને રાહ જોઈને ઊભા હતા. તેવામાં ઉચ્ચ અધિકારી આવ્યા. તેમણે અમારી દલીલો સાંભળી અને પૂછ્યું કે, ‘‘તમે ક્યાંથી આવો છો ?’’ અમોએ જણાવ્યું કે, ‘‘અમે તાતા કોલિરિસથી (Collieries કોલસાની ખાણ) આવ્યા છીએ.’’ આ સાંભળીને તે ઉચ્ચ અધિકારીએ ઇન્સ્પેક્ટરને જણાવ્યું કે, ‘‘તું આમની જોડે દલીલ કેમ કરે છે ? આ બધા આ કામ માટે મુખ્ય પ્રધાન પાસે જશે અને કોઈનેય એક પણ પાઈ આપશે નહિ. તમે આમની પાસેથી કંઈક લેવા માટે તમારો સમય બગાડી રહ્યા છો.’’ અને તેમણે ઉગ્રતાથી અમારું વાહન લઈને જવા જણાવ્યું. આ તાતાની નૈતિકતા અને સામાજિક ચેતના (Social Conciousness) દર્શાવે છે. આ કઈ રીતે આવી ?

**તાતા સ્ટીલનો સીમાસ્તંભ**

જુલાઈ, ૧૯૯૨માં રતન તાતાએ તાતા સ્ટીલના ખાસ સંચાલકોને તાજમહાલ હોટલમાં જમવા માટે આમંત્રેલા. ભારતમાં લોખંડ આયાત કરવાની છૂટ આપવામાં આવેલી. આના કારણે જિન્ડાલો, રૂયુઆએ અને મિટ્ટલ્સે કર્ણાટક, ગુજરાત અને મહારાષ્ટ્રમાં અદ્યતનમાં અદ્યતન લોખંડનાં કારખાનાંઓ નાખવાની જાહેરાત કરેલી. અરે સાઉથ કોરિયાની પોસ્કો (Posco) કંપનીએ પણ ઓરિસ્સામાં લોખંડનું મોટું કારખાનું નાખવાની જાહેરાત કરેલી. રતન તાતા સમયસર આવી ગયા અને બધાને મળીને તાતા સ્ટીલના ભવ્ય ઇતિહાસનું વર્ણન કર્યું અને જણાવ્યું કે કફોડામાં કફોડા સંજોગોમાં પણ તાતા સ્ટીલે નફો કર્યો છે, પણ આ વર્ષની પહેલી ચતુર્થાંશમાં તાતા સ્ટીલે જરાયે નફો કર્યો નથી. તાતા સ્ટીલના જનરલ મેનેજર મુખરજીને ‘જરાયે નફો કર્યો નથી’નો અર્થ સમજતાં વાર લાગી. એંસી વર્ષની કારકિર્દીમાં પહેલી જ વખત તાતા સ્ટીલ રૂા. ૧૮૦ કરોડની ખાદ કરશે. રતન તાતા વિચારી રહ્યા હતા કે તાતા સ્ટીલની ટીમ આ બનવા દેશે.

તાજ મુંબઈમાં જે બધા ટેબલની આસપાસ બેઠા હતા તેમની પાસે એક જ જવાબ હતો. – તાતા સ્ટીલ ફરીથી નફો કરશે જ. મુખરજી બધુ કરતા હોઈને રતન તાતાએ સ્ટીલના ઉત્પાદનની કિંમતમાં દર ટને રૂ. ૫૦૦નો ઘટાડો કરવા સૂચવ્યું જે લગભગ ૭.૫ ટકા થાય છે જે લગભગ નવ મહિનાથી ઓછા સમયમાં મેળવવું પડે. આ બધુ જ્યારે લોખંડ બનાવવાના પાયામાં વપરાતા દ્રવ્યની કિંમતમાં વધારો થયો હોય તેમજ તેમને લઈ જવા કે લાવવા વપરાતી રેલવે લાઇનના ભાડા પણ ખરેખરા વધ્યા હોય. આ બધું બનવું ખૂબ જ અઘરું છે. કોઈ કુદરતી ચમત્કાર થાય તો જ આ શક્ય બને.

મુખરજીએ તેમની સાથે જમશેદપુરમાં કામ કરનાર સર્વેને જણાવ્યું કે ચૅરમૅને જે કહ્યું તે ટીમના વતી કરી બતાવવાનું સ્વીકાર્યું છે. મુખરજી બીજા દિવસે સવારના નવ વાગે તાતા સ્ટીલના ગેસ્ટહાઉસે ઍરપોર્ટથી સીધા પહોંચ્યા. બધી જ વાતચીત થઈ. ટૂંક સમયમાં એટલે કે નવ મહિનામાં ઉત્પાદનની કિંમતમાં દર ટને રૂ. ૫૦૦નો ઘટાડો કરવાનો છે. આ જરાયે સહેલું કામ નથી, પણ બધાયે જલદીમાં જલદી કરવાનું છે.

રતન તાતા ઑક્ટોબરમાં જમશેદપુર આવ્યા. પૂરેપૂરા ભરેલા રૂમમાં મુખરજીએ શું કરવાના છે તે જણાવ્યું. ઘણી વસ્તુઓ ખૂટતી હતી, પણ ટીમ જરૂરી હોઈ તે કરવા તૈયાર હતી. રતન તાતાએ તેમને તે રસ્તે આગળ વધવા જણાવ્યું. જાન્યુઆરી, ૧૯૯૩માં રતન તાતા આવ્યા અને ઉત્પાદનની કિંમતની જ મિટિંગ રાખી જે સવારના બે

વાગ્યા સુધી ચાલી. મુખરજીને ઘણા વર્ષોમાં પહેલી વખત ઉત્પાદનની કિંમત ઘટતી દેખાઈ અને તે ટને રૂ. ૩૫૦ ઓછા, પણ તે રૂ. ૫૦૦ જે જરૂરી હતા તેનાથી ઓછા. રતન તાતાએ જણાવ્યું, ''આ માટે તમારી પ્રતિષ્ઠા અને તમારી આબરૂ જોખમમાં છે. તમે મને રૂ. ૫૦૦ ઓછા કરવાનું વચન આપેલું છે તે ઊભું છે.'' આખરે ટીમે માર્ચ ૧૯૯૩થી ટને રૂ. ૫૦૦ બચાવ્યા. નવી રીતે કામ કરવાનું તે મંત્ર બન્યો. માણસોમાં સારું રહેલું છે તે બહાર લાવવા માટે નેતાઓએ ટાર્ગેટ નક્કી કરવું જરૂરી છે અને ટીમમાં લાગણી ઊભી કરવી જરૂરી બને છે. ૧૮૦ કરોડની ખાધ થવાના બદલે તે વર્ષે પણ ઘણો મોટો નફો થયો.

**જમશેદજી**

નૌસરવાનજીના (Nausherwanji) એકના એક પુત્ર જમશેદજીનો જન્મ નવસારીમાં માર્ચ ૩, ૧૮૩૯માં થયો હતો. વર્ષો પહેલાં પારસીઓ ઈરાનમાં રહેતા હતા તેવું માનવામાં આવે છે. ધંધા-રોજગાર માટે પારસીઓ દુનિયાભરમાં જુદા-જુદા દેશોમાં જઈને વસ્યા. આમાંથી ઘણા બધા પારસીઓ ભારતમાં પણ આવ્યા. પારસીઓ ઘણા બધા ક્ષેત્રોમાં આગળ પડતા છે, પણ ઔદ્યોગિક ક્ષેત્રમાં સાચા નેતા છે. પારસીઓ ગુજરાતમાં અને તેમાંયે નવસારીમાં વર્ષોથી વસેલા છે. આ ભાગ પારસીઓની અસર નીચે હતો. મુસલમાનોએ આ ભાગ ઉપર ચડાઈ કરી અને આ ભાગ જીત્યો. આથી આ ભાગ મુસલમાનોની અસર નીચે પણ આવેલો છે. ૧૯૪૭માં જ્યારે આપણને સ્વતંત્રતા મળી ત્યારે આ ભાગ વડોદરાના ગાયકવાડના તાબામાં હતો. નવસારીમાં મોટા ભાગના પારસીઓ રહેતા હતા. નૌસરવાનજી જેમણે તાતા ગ્રૂપની શરૂઆત કરી તે અને તેમના પૂર્વજો નવસારીમાં પંડિતાઈ કરતા હતા. નૌસરવાનજીને તેમના જૂના પંડિતાઈના ધંધામાં રહેવું ન હતું. પંડિતાઈને બદલે નવું કંઈક કરવું હતું. નવસારી જૂનું અને પછાત ગામ હોઈને નૌસરવાનજી નવસારી છોડીને મુંબઈ ગયા. તેમને મુંબઈ યોગ્ય લાગ્યું. કોઈ હિન્દુ બેન્કરના ત્યાં તાલીમ લીધી અને પોતાનો ધંધો શરૂ કરવા જેટલા પૈસા બચાવ્યા. તેમણે ધંધાની શરૂઆત કરી. આ બધું નવું જ હતું અને ધીરેધીરે નવી જગ્યાથી ટેવાતા ગયા. જેમ-જેમ અનુભવો થતા ગયા તેમ-તેમ વિચારોને નવી દિશા મળતી રહી. જમશેદજી તેમનું બાળપણ નવસારીમાં વિતાવતા હતા. નૌસરવાનજીએ તેમનાં સ્વપ્નાં ફળીભૂત કરવા માટે જમશેદજીને નવસારીથી મુંબઈ બોલાવી લીધા જેથી મુંબઈમાં ધંધા-રોજગારના વાતાવરણમાં જમશેદજીને ઉછેરી શકાય. જમશેદજી ૧૩ વર્ષના હતા ત્યારે તેમના પિતાએ નિકાસ કરવાનો ધંધો શરૂ કર્યો. તે સમયના પારસીઓના રીતરિવાજ પ્રમાણે જ્યારે જમશેદજી સોળ વર્ષના હતા ત્યારે તેમનાં લગ્ન હીરાબાઈ જે તે સમયે દસ વર્ષનાં હતાં તેમની જોડે થયાં. નૌસરવાનજીને તેમના પુત્રને સરસ ભણાવવાનો ખ્યાલ હોઈને જમશેદજી સત્તર વર્ષના હતા ત્યારે તેમને ઍલફિસ્ટન (Elphistone) કૉલેજમાં દાખલ કરાવ્યા અને થોડાક વર્ષોમાં તેમણે અભ્યાસ પણ પૂરો કર્યો. જમશેદજીનો પુસ્તકો અને સાહિત્યનો પ્રેમ આખી જિંદગી ચાલુ રહ્યો. તેમનો અભ્યાસ પૂરો થતાં, તેમના પિતાની સાથે ધંધામાં જોડાયા. ૧૮૫૯માં તેમને ધંધાર્થે હૉંગકૉંગ મોકલ્યા જ્યાં તેમણે કુટુંબના ધંધાની શાખા ખોલી. રૂ અને અફીણ ચીનમાં નિકાસ કરતા અને ચીનથી રેશમ, ચા, તજ, તાંબુ, રૂપુ અને ચાઇનીઝ સોનુ આયાત કરતા. તેમની પિતાની પેઢીના ત્રણ ભાગીદારો નૌસરવાનજી, કાલિઅનદાસ અને પ્રેમચંદ રૉયચંદ હતા. આ પેઢીની શાખાઓ હોંગકોંગ અને શાંઘાઈમાં સ્થાપી.

અમેરિકામાં આંતરવિગ્રહ ચાલતો હોઈને બ્રિટનમાં અમેરિકાનું રૂ આવતું ન હતું. આથી બ્રિટનના મિલમાલિકોએ બમણી કિંમત આપીને ભારતનું રૂ ખરીદવા માંડ્યું. આથી નૌસરવાનજીની પેઢીએ અઢળક નફો કર્યો. આથી બધાએ ભેગા થઈને ડિસેમ્બર, ૧૮૬૪માં જમશેદજીને કૉટન એજન્સી સ્થાપવા ઇંગ્લૅન્ડ મોકલ્યા. લંડનના બંદરમાં તેમનું જહાજ પહોંચે તે પહેલાં અમેરિકાનો આંતરવિગ્રહ બંધ થયો અને આના કારણે બ્રિટનની મિલો અમેરિકન રૂ ખરીદવા માંડી અને ભારતનું રૂ ન વેચાતાં ભારતના રૂના ભાવ ખૂબ જ ગગડી ગયા. જમશેદજી તેમની સાથે જે સાધન-સામગ્રી લઈ ગયેલાં તેની કિંમત ખૂબ ઘટી જતા લંડનમાં લગભગ પૈસા વગરના થઈ ગયા.

નૌસરવાનજીને તેમનું સાત માળનું મકાન વેચવું પડ્યું અને તેમણે દરેક જણને પાઈએ પાઈ ભરપાઈ કરી દીધી. જમશેદજીએ બૅંક ઑફ ઇંગ્લૅન્ડ અને રૉયલ એક્સચેઇન્જ જોડે જે રીતે કામ કર્યું તે જોઈને આ બૅંકોએ તેમને દર મહિને વીસ પાઉન્ડ આપીને રાખી લીધા. જમશેદજી ચાર વર્ષ લંડનમાં રહ્યા અને દાદાભાઈ નવરોજજી અને ફિરોઝશાહ મહેતાએ તેમને ખૂબ જ મદદ

કરેલી. આ બંને જણની રાષ્ટ્રભાવના જમશેદજીને ખૂબ જ અસર કરી ગઈ.

જમશેદજીને તેમના પિતા સાથે કામ કરવાનો નવ વર્ષનો અનુભવ હતો. આથી ૧૮૬૮માં જમશેદજીએ વેપાર કરવા માટે મિત્રો સાથે નવી પેઢી રૂ. ૨૧,૦૦૦થી શરૂ કરી. આ પેઢીને પરદેશમાં લશ્કરોને શસ્ત્રો વેચવાનો કોન્ટ્રાક્ટ મળેલો. આમાં સારો નફો મળતાં તેમણે કાપડની મિલની દિશામાં કામ કરવાની પ્રેરણા મળી. તાતાકુટુંબ પંડિતોનું કુટુંબ છે. જમશેદજીએ પણ તેમના પિતાની જેમ ઝોરોસ્ટ્રિઅન (Zoroastrian) પંડિત માટેની દીક્ષા લીધેલી હોઈને ધંધામાં પણ આ ધર્મનાં મૂલ્યો લાવ્યા. જેમ આપણી કડી સર્વ વિશ્વ વિદ્યાલયનો મુદ્રા લેખ, ''કર ભલા, હોગા ભલા'' તેમ પારસી ધર્મનો, ''Humata (સારા વિચારો), Hukhta (સારા શબ્દો) અને Hbarshta (સારાં કર્મો)'' મુદ્રા લેખ તાતા ગ્રૂપનો મુદ્રા લેખ છે. ૧૮૬૯માં જમશેદજીએ પરિત્યક્ત (Derelict) અને દેવાળુ કાઢેલી ચીન્સપોક્લિ ઑઇલ મિલ મિત્રોની ભાગીદારીમાં ખરીદી. આ ઑઈલ મિલ મુંબઈના ઔદ્યોગિક કેન્દ્રમાં આવેલી હતી. આ ઑઈલ મિલને કાપડની મિલમાં ફેરવી અને તેનું નામ એલેકન્ઝાન્ડ્રા રાખ્યું. બે વર્ષમાં મોટો નફો કરતી બનાવી દીધી અને સારા નફાથી રૂના વેપારી કેસોજી નાયકને (Kesawji Naik) વેચી પણ દીધી. હવે જમશેદજીને રૂ ઉદ્યોગમાં રસ પડ્યો આથી બ્રિટનના લેન્કશાયર (Lancashire) શહેરમાં ઊંડાણથી અભ્યાસ કરવા ગયા. સપ્ટેમ્બર, ૧૮૭૪માં પાછા આવીને Central India Spinning, Weaving and Manufacture Company શરૂઆતના પંદર લાખ રૂપિયાથી રજિસ્ટર્ડ કરાવી. એ સમયે મુંબઈમાં બારેક કાપડની મિલો હતી અને કાપડની મિલો માટે મુંબઈ, ''Cottonpolis of India'' ગણાતું આથી કાપડની મિલ માટે મુંબઈ યોગ્ય જગ્યા ગણાય. જમશેદજીએ જુદું વિચારીને મધ્ય ભારતમાં તેમની મિલ માટે નાગપુર પસંદ કર્યું. એ જ સમયે નાગપુર અને તેની આસપાસના વિસ્તારમાં રેલવેની શરૂઆત થયેલી. આથી આ લાભ તેમને મળ્યો. આ મિલ જમશેદજી માટે પ્રયોગશાળા પણ હતી. જમશેદજી દરેકે દરેક બાબતનું ધ્યાન રાખતા અને અભ્યાસ પણ કરતા. તેમની સફળતાના કારણે બંધ પડેલી અને વગોવાયેલી 'સ્વદેશી કાપડ મિલ' ખરીદી. બે વર્ષ સુધી શૅરદીઠ વ્યાજ આપી ન શક્યા. શૅરોની કિંમત ઘટવા માંડી અને 'તાતાનું' નામ વગોવાય તેવા સંજોગો ઊભા થયા. બૅંકોએ તેમને લોન આપવાની પણ ના પાડી. આથી જૂની મિલોના શૅરો વેચીને જે પૈસા આવ્યા તે સ્વદેશી મિલમાં રોક્યા. આની ધારી અસર થઈ. અને આ સ્વદેશી મિલના શૅરોની કિંમત વધવા માંડી. થોડાક વર્ષોમાં આ મિલ ખૂબ જ સરસ કાપડની મિલ બની અને આ મિલમાં જે કંઈ બનતું તે ચીન, કોરિયા, જાપાન અને આરબના દેશોમાં નિકાસ થતું.

૧૯૦૩માં જમશેદજીએ છેલ્લી કાપડ મિલ એડવાન્સ્ડ મિલ્સ (Advanced Mills) અમદાવાદમાં ખરીદી અને આ મિલ્સમાં નવામાં નવી અને સારામાં સારી મશીનરીથી જૂની મશીનરી બદલી.

મુંબઈથી ચીન દરિયાઈ માર્ગે માલ મોકલવાનું ખૂબ જ મોંઘુ હતું, કારણ કે ત્રણ કંપનીઓ ભેગી થઈ હતી. આથી જમશેદજીએ જાપાનની કંપની 'નિપ્પ્મા યુસેન કઈશ (Nippm Yusen Kaish)' ને સસ્તા ભાવે દરિયાઈ માર્ગે મોકલવા જણાવ્યું. ત્રણે કંપનીઓએ વિરોધ કર્યો, પણ આખરે તેમને ભાવ ઘટાડવા પડ્યા.

**તાતા સ્ટીલ** (Tata Steel)

જમશેદજી જ્યારે ઇંગ્લૅન્ડમાં રહેતા હતા ત્યારે તેમને ભારતમાં આયર્ન અને સ્ટીલનું (Iron and Steel) ઉત્પાદન કરવાનું વિચારેલું. બ્રિટિશ સરકારને મોટા ધંધાઓ વિકસાવવામાં જરાયે રસ ન હતો; એટલું જ નહિ મોટા ધંધાઓ ન વિકસે તેમાં જ રસ હોઈને આડકતરી રીતે આવું ન બને તેનું બરાબર ધ્યાન રાખતા. સાથે-સાથે જમશેદજીને રોકવાનું કામ પણ જરાયે સહેલું ન હતું. ૨૬ ઑગસ્ટ ૧૯૦૭ના રોજ તાતાએ ૨.૩૨ કરોડ રૂપિયા માટેના શૅરો ભરણા માટે મૂક્યા. વીસ દિવસોમાં ૮૦૦૦ ભારતીયોએ ભરણાના પૈસા આપ્યા. તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપનીનો જન્મ થયો. ૧૯૧૨માં પહેલી લોખંડની પાટ બહાર પડી. અહીંયાં સુધી પહોંચવા માટે પડેલી તકલીફો બીજા ઘણા પુસ્તકોમાંથી મળી રહેશે. બે વર્ષ પછી વિશ્વયુદ્ધ-I શરૂ થયું. સાક્ચિ (Sakchi)નો પ્લાન્ટ રાત અને દિવસ ચાલતો હતો. ૧૯૧૪થી ૧૯૧૮ સુધીમાં તાતાએ ૨૪૦૦ કિમીની રેલવે અને ૩૦૦૦૦૦ ટન સ્ટીલ લશ્કરને આપ્યું. ૨ જાન્યુઆરી, ૧૯૧૯ વાઇસરૉય લૉર્ડ ચેમ્સફૉર્ડ સાક્ચિ આવ્યા અને તાતાનો લડાઈમાં મદદ કરવા માટે આભાર માન્યો.

જમશેદજી તાતાનો આભાર દર્શાવવા વાઇસરૉયે સાક્ચિનું નામ જમશેદપુર અને કાલિમતિ રેલવે સ્ટેશનનું નામ તાતાનગર બદલ્યું. ભારત સ્વાતંત્ર થયું તે દિવસે તાતા સ્ટીલ પોતાની મેળે સ્ટીલ બનાવતું હતું. તે દિવસે તાતા સ્ટીલના ડિરેક્ટર સર આર્ડેશિર (Ardeshir) દલાલ, ICS અને તાતા સ્કૉલર હતા.

**તાજમહાલ હૉટલ**

જેમ મુંબઈ સમૃદ્ધ થયું, તાતાઓ પણ સમૃદ્ધ થયા. જમશેદજી એવું માનતા કે યુરોપના જેવી ભવ્ય હૉટલ મુંબઈમાં પણ હોવી જોઈએ. નવેમ્બર ૧, ૧૮૮૯માં મુંબઈના બંદરના નજીક ૨.૫ એકર જમીન લીધી. જમશેદજી દુનિયાભરમાં બે વર્ષ તેમની ઇચ્છા પ્રમાણેની હૉટલ માટેની વસ્તુ માટે ફર્યા. ડુસ્સેલડૉર્ફ (Dussaldorf)માંથી ઇલેક્ટ્રિક મશીનરી, બર્લિનમાંથી દીવા માટે ઝુમ્મરો, અમેરિકામાંથી પંખાઓ (Fans) અને પૅરિસમાંથી સ્ટીલના થાંભલાઓ ખરીદીને ૧૯૦૦માં બાંધકામ શરૂ કર્યું. ૧૬ ડિસેમ્બર, ૧૯૦૩માં માંદા હોવા છતાંયે ઉદ્ઘાટન કર્યું. એક પાંખ બે માળ સાથે તૈયાર થઈ હતી. ઉદ્ઘાટનના દિવસે સત્તર મહેમાનો હતા અને તેમની પ્રતીક્ષા કરનારા બારથી વધારે હતા. સ્નાનગૃહ તુર્કીશ ટાઇલ્સથી શણગારેલાં હતાં. સોડા અને બરફની ફૅક્ટરીઓ પણ ખરી. બહારની બાજુ મૂરિશ (Moorish) ઘુમ્મટ અને પૌર્વાત્ય રાજપૂત પ્રથાથી શણગારેલું હતું. સૌથી અગત્યની વાત એ સમયે મુંબઈમાં એ પહેલું મકાન હતું કે જે ઇલેક્ટ્રિક દીવાઓથી દીપી ઊઠતું હતું. દુનિયાની સારામાં સારી હૉટલોમાં હોય તે બધી જ સુવિધાઓ તાજમાં પણ હતી. આ કારણે તાજ રાજા, મહારાજાઓ અને દેશના વડાઓ પસંદ કરે છે.

**તાતા સન્સ** (Tata Sons)

૧૮૮૭માં જમશેદજીએ તેમના વેપાર-ધંધાને કંપનીમાં ફેરવ્યા. તેમણે તાતા સન્સની સ્થાપના કરી. આમાં તેમના પુત્ર દોરાબજિ (Dorabji) અને તેમના મામાના પુત્ર રતનજી દાદાભોય તાતા પણ ખરા. જમશેદજીના બીજા પુત્ર રતનજી તે સમયે ૧૬ વર્ષના હોઈને ઉંમરના કારણે બે વર્ષ પછી ઉમેર્યા. જમશેદજી તેના પ્રમુખ બન્યા. તાતા સન્સ તાતાની બધી મિલો, ધંધાઓ ચલાવતા. મહેનત પેટે નફાના ૫ ટકા કમિશન લેતા.

**જે. એન. તાતા ઇન્ડાઉમેન્ટ** (J. N. tata Endowment)

૧૮૯૨માં જમશેદજીએ ભારતીય વિદ્યાર્થીઓ પરદેશ વધુ અભ્યાસ માટે જાય તે માટે કાયમી આવક આપતું ભંડોળ એકઠું કરેલું. ૧૯૨૪ સુધીમાં ICS થયેલા પાંચ ભારતીયોમાંથી બે જણ જે. એન. તાતા સ્કૉલર હતા. ઘણા મોટા એન્જિનિયરો, ડૉક્ટરો, સર્જનો આ સ્કૉલરશિપ લઈને ભણેલા. ગુજરાતના સૌથી પહેલા મુખ્ય પ્રધાન (Chief Minister) ડૉ. જીવરાજ મહેતા જે. એન. તાતા સ્કૉલર હતા. સર્વ વિદ્યાલયના ખૂબ જ તેજસ્વી વિદ્યાર્થી નરસિંહભાઈ પટેલ પણ જે. એન. તાતા સ્કૉલર હતા તેમજ ખૂબ જ જાણીતા ખગોળશાસ્ત્રી ડૉ. જયંત નારલીકર અને તેમના પિતા પણ જે. એન. તાતા સ્કૉલર હતા. ૧૮૯૨થી ૨૦૨૧ સુધીમાં ૫૪૧૯ જણને આ સ્કૉલરશિપ મળી છે.

**ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ** (Indian Institute of Science IISc)

૧૮૮૯ના મુંબઈ યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં કુલપતિ લૉર્ડ રીયના (Reay)ના ભાષણે જમશેદજીની કલ્પનામાં દ્રવ્ય અને ઉદ્યોગોના સુખાકારીનું વૈજ્ઞાનિકોને ભણાવવા અને સંશોધન કરવા માટે ઇન્સ્ટિટ્યૂટની જરૂરિયાત બેસી ગઈ. આથી આ દિશામાં સચોટ અભ્યાસ કરવા તેમના જમાઈ અને વિશ્વાસુ બરજોર્જિ પાદશાહને (Burjorji Padshah) અમેરિકાની અને બ્રિટનની યુનિવર્સિટીઓના અભ્યાસે મોકલ્યા. તેમણે ૧૮ મહિના ફરીને તપાસ કરીને 'જોન્સ હોપકિન્સ યુનિવર્સિટી ઑફ બાલ્ટિમોર (Johns Hopkins Univesty of Baltimore)નું મોડલ સ્વીકારવા જણાવ્યું. ૨૭ નવેમ્બર, ૧૮૯૬માં મુંબઈના ગવર્નરને આવું ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવા વિનંતી કરી. એ જ વર્ષે જમશેદજીએ આ ઇન્સ્ટિટ્યૂટ માટે રૂ. ૩૦ લાખ (૨૦૧૮માં લગભગ ૧૦૦ કરોડ થાય) આપવાનું વચન આપ્યું. ડિસેમ્બર, ૧૯૯૮માં યોગ્ય વ્યક્તિઓની કમિટી બનાવીને આ માગણી તે વખતના વાઇસરૉય લૉર્ડ કર્ઝનને મોકલી. લૉર્ડ કર્ઝનને આમાં કોઈ રસ ન હતો. આથી લંબાવ્યાં કર્યું. બ્રિટિશ સરકાર ઇચ્છતી હતી કે જમશેદજી આ પૈસા બીજે ક્યાંય વાપરશે, પણ જમશેદજીએ એમના વિલમાં સ્પષ્ટ જણાવ્યું કે આ પૈસાને જ્યાં સુધી ઇન્સ્ટિટ્યૂટ સ્થપાય નહિ

ત્યાં સુધી કોઈએ અડવું નહિ. બને તો ઉમેરો કરવો. જમશેદજીના મૃત્યુ પછી અને કર્ઝને તેમની વાઇસરૉય તરીકેની ટર્મ પૂરી થાય તે પહેલાં આ ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવાની પરવાનગી આપી. મૈસૂરના મહારાજાએ આ ઇન્સ્ટિટ્યૂટ માટે ૩૭૦ એકર જમીન બેંગ્લોરમાં આપી. આખરે ૧૯૧૧માં આ ઇન્સ્ટિટ્યૂટના દરવાજા ખૂલ્યા. નવા નવા વિષયોમાં હાલમાં આ ઇન્સ્ટિટ્યૂટ ૨૦૦૦ યુવાન વૈજ્ઞાનિકોને સમાજનું કામ કરવા અને વિજ્ઞાનનો પ્રચાર કરવા મોકલે છે. આ Indian Institute of Sciences (IISC) બેંગ્લોરમાં આવેલું છે. જમશેદજીનું સ્વપ્ન પૂરું કરે છે. જમશેદજીનું મોટું સરસ પૂતળું પણ આ કેમ્પસમાં છે. ભારતીય પહેલા ડિરેક્ટર સર સી.વી. રામન હતા. ભારતની સારામાં સારી યુનિવર્સિટી IISc છે. અત્યાર સુધીના જાણીતા સર્વેમાં આ ભારતની પ્રથમ નંબરની યુનિવર્સિટી છે.

૧૮૮૫માં દક્ષિણ મુંબઈમાં રાજમહેલ જેવું જમશેદજીનું ઘર તે સમયે ૬ લાખ રૂપિયામાં તૈયાર થયેલું. આ ઘરને એ સમયે ઇલેક્ટ્રિસિટી માટે પોતાનું જનરેટર (Generetor) હતું. જમશેદજી વૅગનના રબરના પૈડાં વાપરનાર સૌ પ્રથમ હતા અને મુંબઈમાં સૌ પ્રથમ ગાડી ચલાવનાર હતા. તેમની મિલોમાં કામ કરનારા કામદારો માટે ઘણી બધી સગવડોનો વિચાર કરનારા અને તેનો અમલ કરનારા જમશેદજી હતા.

૧૯૦૦માં ધંધાકીય કામ માટે જર્મની ગયેલા અને ત્યાં ખૂબ જ માંદા થઈ ગયા. ૧૯૦૪ મે, ૧૯ના રોજ બૅડ નૉહીમમાં (Bad Nauheim German Emira) અવસાન થયેલું. જવાહરલાલ નહેરુએ, ''When you have to give the lead in action, in ideas - a lead which does not fit in with the very Climate of Opinion - that is true courage, physical or mental or spiritual, call it what you like, and it is this type of courage and vision that Jamshedji Tata showed. It is right that we should honour his memory and remember him as one of the big founders of modern India.''

છેલ્લા સો વર્ષમાં સૌથી વધારે દાન આપનાર જમશેદજી તાતા હતા. મોંઘવારી વગેરે ગણતા જમશેદજીએ હાલના પૈસામાં ૧૦૨ અબજનું દાન આપેલું છે.

**સર દોરાબજી તાતા (Sir Dorabji Tata)**

દોરાબજીનો જન્મ ૨૭ ઑગસ્ટ, ૧૮૫૯ના રોજ થયો હતો. પ્રાથમિક શિક્ષણ પ્રોપ્રાઇટરી હાઈસ્કૂલ (Proprietary High School), મુંબઈમાં લીધેલું. આ પછી તેમને ઇંગ્લૅન્ડ ભણવા મોકલેલા. અઢાર વર્ષની વયે તેમણે કેમ્બ્રિજ યુનિવર્સિટી ગોનવિલ અને કૉયસ કૉલેજમાં (Gonvill and Caius) અભ્યાસ કર્યો. ક્રિકેટ અને ફૂટબૉલનાં ઘણાં ઇનામો જીતેલાં. ૧૮૭૯માં ભારત પાછા આવ્યા અને સેન્ટ ઝેવિઅર્સ કૉલેજમાં ભણવાનું શરૂ કર્યું અને ભણવાનું પૂરું કરીને 'બૉમ્બે ગેઝેટ (Bombay Gazette)'માં પત્રકાર તરીકે જોડાયા. ધીરેધીરે તેમના પિતા જમશેદજીના ધંધામાં રસ પડવા માંડ્યો અને ૧૮૮૪માં બાપદાદાના ધંધામાં જોડાયા. રૂ વિભાગમાં જોડાયા.

જમશેદજીને મૈસૂર રાજ્યના એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર જનરલ ડૉ. ભાભા માટે ખૂબ જ માન હોઈને તેમણે દોરાબજીને ડૉ. ભાભાને મળવા મોકલ્યા. ભાભા તેમની પુત્રી મહેરબાઈ સાથે રહેતા હોઈને દોરાબજી મહેરબાઈને પણ મળ્યા. આ મળવાનું બંનેને લગ્ન ભણી લઈ ગયું. જ્યારે બંનેનાં લગ્ન થયાં ત્યારે દોરાબજી ૩૮ વર્ષના અને મહેરબાઈ ફક્ત અઢાર વર્ષનાં હતાં.

તાતાકુટુંબ જે સદ્‌ગુણો માટે જાણીતું છે તે બધા જ સદ્‌ગુણો દોરાબજીમાં હતા. દોરાબજી તેમના પિતાના નિધન પછી તાતા સન્સના ૧૯૦૪ માં ચૅરમૅન બન્યા. જમશેદજીનું પહેલું સ્વપ્ન અદ્યતન લોખંડની મિલ. આર.ડી. તાતાની મદદથી તાતા સ્ટીલ મિલ તરીકે ઓળખાય છે તે દોરાબજીએ ઊભી કરી. આ કામના કારણે જે વિશ્વાસ આવ્યો તેના કારણે ઉદ્યોગોને ઇલેક્ટ્રિસિટિ પૂરી પાડવા દોરાબજીએ ''તાતા પાવર'' ઊભું કર્યું. દોરાબજી કોઈ પ્રોજેક્ટ હાથ ઉપર લે, તો તે પ્રોજેક્ટની નાનામાં નાની બાબતનું ધ્યાન રાખતા. તાતા ગ્રૂપનો ઘણો વિકાસ થયો. ત્રણ કાપડની મિલો, તાજ હૉટેલથી આગળ વધીને તાતા સ્ટીલ મિલ, ત્રણ હાઈડ્રોઇલેક્ટ્રિક પાવર કંપનીઓ, ખાવાના તેલની અને સાબુની ફૅક્ટરીઓ અને બે સિમેન્ટની ફૅક્ટરીઓ તેમના નાનાભાઈ રતન અને જમશેદજીના

મામાના દીકરા આર.ડી. તાતાની મદદથી કરી શકેલા. આ ઉપરાંત IISc તેમના સમય દરમિયાન શરૂ થયેલું. રમતગમતમાં રસ હોઈને ૧૯૨૪માં ઇન્ડિયન ઑલમ્પિક એસોસિયેશનના પ્રમુખ પણ બનેલા.

દોરાબજીના પત્ની મહેરબાઈ પણ રમતગમતમાં ભાગ લેતાં અને ટૅનિસનાં સરસ ખેલાડી હતાં. રમતગમતનાં ઘણાં ઇનામો જીતેલાં. પડદા, અસ્પૃશ્યતા વગેરે વિરુદ્ધ ઝુંબેશ ઉપાડેલી. લુકેમિયા (Leukemia)ના કારણે જૂન ૧૮, ૧૯૩૧માં તેમનું નિધન થયેલું. ૧૯૩૨માં દોરાબજીએ તેમની યાદમાં 'Lady Tata Memorial Trust'ની સ્થાપના કરેલી. લોહીને લગતા રોગોના અભ્યાસ માટે આ ટ્રસ્ટે ખૂબ જ પ્રયત્ન કરેલો. આ ઉપરાંત દોરાબજીએ કેમ્બ્રિજ યુનિવર્સિટીને પ્રયોગશાળા માટે સાધનો ખરીદવા મોટી રકમ આપેલી તે જ પ્રમાણે પૂનાના 'ભંડારકર ઑરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'ને સંસ્કૃતના અભ્યાસ માટે પણ દાન આપેલું. દોરાબજીએ 'સર દોરાબજી તાતા ટ્રસ્ટ'ને તેમની બધી માલમિલકત આપેલી. ૩ જૂન, ૧૯૩૨માં જર્મનીમાં સર દોરાબજી તાતાનું અવસાન થયેલું.

### આર. ડી. તાતા (રતન દાદાભાઈ તાતા)

જમશેદજીના મામા દાદાભાઈ કાવસજી તાતા. તેમના પુત્ર રતન દાદાભાઈ તાતાનો (આર. ડી. તાતા) જન્મ નવસારીમાં ૧૮૫૬માં થયો હતો. હાઈસ્કૂલ સુધીનું ભણતર નવસારીમાં થયેલું અને એલફિસ્ટન કૉલેજમાં અભ્યાસ કર્યો. મદ્રાસ જઈને ખેતીવાડીનો અભ્યાસ કર્યો. અભ્યાસ પૂરો કરીને તેમના પિતાનો ધંધો જે તાતા ઍન્ડ કુ.થી ઓળખાતો તેમાં જોડાયા. આ ધંધો બરાબર ચાલતો ન હતો. તેમના પિતાના અવસાન બાદ તેમણે તેમના પિતાનો ધંધો હાથ ઉપર લીધો અને કંપનીને દેવામાંથી બહાર કાઢી. આ તેમની આવડત જમશેદજીની નજરમાં આવી ગઈ. આથી ૧૮૮૪માં જમશેદજીએ આર. ડી. તાતાને 'Empress Mills'ના ભાગીદાર બનાવ્યા. ૧૮૮૭માં જમશેદજીએ તેમની સ્થાપેલી 'Tata and Sons'ના ભાગીદાર બનાવ્યા. જમશેદજીએ આર.ડી. તાતાને ચોખા અને રેશમના વેપાર માટે હૉંગકૉંગ મોકલ્યા. આર. ડી. તાતાએ ધંધો ખૂબ જ વિકસાવ્યો આથી ન્યૂયૉર્ક અને પૅરિસમાં નવી શાખાઓ ખોલી જે રેશમ અને મોતીનો જ વેપાર કરતી. આર. ડી. તાતા પૅરિસમાં હતા ત્યારે સુઝન બ્રિરેના (Suganne Briere) પ્રેમમાં પડ્યા અને ૧૯૦૨માં બંનેનાં લગ્ન થયાં.

જમશેદજીના નિધન પછી ૧૯૦૨માં 'Tata and Sons'નું નામ બદલીને 'Tata sons and company' રાખ્યું. આના ત્રણ ભાગીદારો સર દોરાબજી, સર રતન તાતા (જમશેદજીનો નાનો પુત્ર) અને આર. ડી. તાતા. હૉંગકૉંગની કંપની જે Tata & Coથી ઓળખાતી તે આમાં ભળી ગઈ. આર. ડી. તાતાનું કામ મુંબઈની મુખ્ય ઑફિસે રહીને બધા ધંધાઓની કાળજી રાખવાનું હતું. તાતા સ્ટીલ મિલ્સ, હાઈડ્રોઇલેક્ટ્રિક પાવર કંપનીઓ અને IISCને પૂરું કરવાના કામમાં આર. ડી. તાતાએ ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો હતો. પહેલા વિશ્વયુદ્ધ વખતે ખૂબ જ કપરા સંજોગોમાંથી આ બધી કંપનીઓ પસાર થઈ, પણ આર. ડી. તાતાના અનુભવે અને મહેનતથી આ બધી કંપનીઓ બચી ગઈ. ઑગસ્ટ ૨૬, ૧૯૨૬ના રોજ આર. ડી. તાતા આ બધું છોડીને સ્વર્ગવાસી થયા.

### સર રતન તાતા

જમશેદજીના નાના પુત્ર રતનનો જન્મ જાન્યુઆરી ૨૦, ૧૮૭૧માં થયેલો. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈમાં અભ્યાસ કરેલો. ૧૮૯૨માં નવાઝબાઈ સાથે લગ્ન થયેલાં. તેમનાં માતા અને પિતા સાથે એસ્પલાનાડે (Esplanade) હાઉસમાં રહેતા હતા. તેમના પિતાના નિધન પછી મરીન લાઇનમાં બ્રાઇડલૅન્ડમાં રહેતા હતા. ૧૯૧૫માં તેમણે પોતે જ વુડબાય રોડ ઉપર ભવ્ય મકાન બાંધીને તેમાં રહેતા હતા.

જમશેદજીના નિધન પછી રતન તાતા ફ્રેન્ચ ઇન્સ્યોરન્સ કંપનીમાં કામ કરતા. જેના ભારતમાં એજન્ટ 'Tata and Sons' હતા. આ ઉપરાંત 'Tata and Company'નું કામ કરતા ,પણ મોટા ભાગનું કામ સર દોરાબજી તાતા જ કરતા. જમીનોનું કામ રતન તાતા કરતા હતા. સામાજિક પ્રવૃત્તિઓમાં રતન તાતા મશગૂલ રહેતા. ગાંધીજીને પાંચ હપ્તામાં ૧,૨૫,૦૦૦ રૂ. મોકલી આપેલા. આ ઉપરાંત ગોખલેને પણ 'Servants of India Society'ને પણ ૧,૧૦,૦૦૦ રૂ. આપેલા. ગરીબાઈ અને દયાપાત્ર પરિસ્થિતિનો અભ્યાસ કરવા માટે લંડનની School of Economicsને પણ મોટી ગ્રાન્ટ આપેલી. બિહાર અને ઓરિસ્સાના પુરાતત્વ ખાતાને પણ મોટી ગ્રાન્ટ આપેલી. આ બધી પ્રવૃત્તિઓ માટે ૧૯૧૬માં રતન તાતાને

સર (Sir)ના ખિતાબથી સરકારે નવાજ્યા.

૧૯૧૬માં સર રતનજી તાતા જાપાન અને ચીનની મુસાફરીએ ગયા અને ત્યાં માંદા પડી ગયા. ત્યાંના ડૉક્ટરોએ દવાદારૂ માટે સર રતનજી તાતાને બ્રિટન જવા સલાહ આપી. આથી તેમનાં પત્ની નવાઝબાઈ અને તેમના મંત્રી પી.પી. મિસ્ત્રી સાથે બ્રિટન જવા નીકળ્યા. રસ્તામાં જર્મન ટોર્પીડોએ તેમની બોટ ડુબાડી દીધી, પણ બધા મુસાફરોને બચાવી લીધા. પણ આના કારણે સમયસર સારવાર ન મળી. સપ્ટેમ્બર, ૧૯૧૮માં સર રતનજી તાતા અવસાન પામ્યા. નવાઝબાઈ ૪૧ વર્ષની વયે વિધવા બન્યાં. તેમની જવાબદારી સર રતનજી તાતાની માલમિલકત સાચવવાની હતી. ૧૯૧૮માં 'Tata Sons'ના ગવર્નિંગ બૉર્ડનાં સભ્ય બન્યાં. જીવ્યાં ત્યાં સુધી ગવર્નિંગ બૉર્ડનાં સભ્ય હતાં. તેમના પતિની યાદગીરી ચાલુ રહે તે માટે નવલ હોર્મુસ્જિ (Hormusji)તાતાને દત્તક લીધા.

જમશેદજીનાં પત્ની હીરાબાઈ ડાબૂનાં બહેન ફુવરબાઈ ડાબૂ. ફૂવરબાઈ ડાબૂ શાપૂર્જિ રાવને (Shapoorji Rao) પરણેલાં અને તેમની પુત્રી રતનબાઈ રાવ. આ રતનબાઈ રાવ હોર્મુસ્જિ તાતાને પરણેલાં. ૧૯૦૪માં નવલ હોર્મુસ્જિ જન્મેલા. આ નવલ હોર્મુસ્જિને નવાઝબાઈએ દત્તક લીધા. નવલ હોર્મુસ્જિનો જન્મ ૩૦ ઑગસ્ટ, ૧૯૦૪માં મુંબઈ થયેલો. હોર્મુસ્જિ અમદાવાદમાં મિલમાં સ્પિનિંગ માસ્ટર હતા. હોર્મુસ્જિના પત્ની રતનબાઈ સર રતનજી તાતાના માસીની દીકરી અને રતનજી તાતાને ગમતાં. નવલ ચાર વર્ષના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયું. રતનબાઈના માથે આભ તૂટી પડ્યું. મૂળ વતન નવસારીમાં ઘર હોઈને નવસારી ગયાં. આખરે આ કુટુંબ સુરતમાં સ્થિર થયું. સર દોરાબજી તાતાની મદદથી નવલ અને તેના ભાઈઓને જે. એન. પેટિટ પારસી અનાથાશ્રમમાં દાખલ કરવામાં આવ્યાં. આ અનાથાશ્રમમાં ૩૦૦ બાળકો હતાં અને ખોરાક, કપડાં અને દવાઓ માટે પ્રમાણમાં જોઈએ તેટલા પૈસા ન હોઈને, બધું સરળ ન હતું. સર દોરાબજી તાતાની હાજરીમાં તાતાકુટુંબે નવલને દત્તક લેવાનું નક્કી કર્યું જે નવાઝબાઈએ પણ સ્વીકાર્યું. નવાઝબાઈને નવલને અનાથાશ્રમમાંથી તુરત જ ઘેર લાવવાં હતાં, પણ અનાથાશ્રમનો નિયમ : ત્યાં રહીને દશમું ધોરણ પાસ કર્યા પછી જ આશ્રમ છોડી શકે. આથી નવલ તાતા દશમું ધોરણ પાસ કરીને જ નવાઝબાઈ સાથે રહેવા આવી શક્યા. બૉમ્બે યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં B. A.ની ડિગ્રી મેળવી અને એકાઉન્ટિંગના અભ્યાસ માટે બ્રિટન ગયા. આવીને ૧૯૩૦માં તાતા ગ્રૂપમાં રવાનગી કારકુન તરીકે જોડાયા.

અચાનક જ નવલ તાતા દેશના જાણીતા પરિવારના સભ્ય બની ગયા, પણ તે ભૂતકાળ ક્ષણ માટે પણ ભૂલ્યા નથી. ધીરેધીરે જાત મહેનતથી તાતા ગ્રૂપમાં આગળ વધ્યા. ચાર કાપડની મિલો, ત્રણ પાવરની કંપનીઓ, અને સર રતન તાતા ટ્રસ્ટની જવાબદારી નવલ તાતાની હતી. હસતાં મોંઢે આ અને બીજું ઘણું કામ કરતાં. આ બધું ધ્યાનમાં લઈને ૧૯૬૯ના પ્રજાસત્તાક દિને રાષ્ટ્રપતિએ નવલ તાતાને 'પદ્મ વિભૂષણ'થી નવાજ્યા.

નવલ તાતાનાં લગ્ન સુનુ (Sunu) જોડે થયેલાં. તેમને બે પુત્રો રતન અને જિમ્મી હતા. નવલ તાતા અને સુનુ તાતાના સ્વભાવનો મેળ ખાતો ન હોઈને બંનેને છૂટાછેડા લેવા પડેલા. આથી રતન અને જિમ્મીને ઉછેરવાની જવાબદારી તેમના દાદી નવાઝબાઈને માથે આવી પડી. રતન તેમનાં દાદીના ખૂબ જ વહાલા પૌત્ર હતા.

### રતન નવલ તાતા

રતન નવલ તાતાનો જન્મ મુંબઈમાં ૨૮ ડિસેમ્બર, ૧૯૩૭ના રોજ પ્રસિદ્ધ તાતાકુટુંબમાં થયેલો. સુનુ અને નવલ હોર્મુસ્જિના પુત્ર. જ્યારે રતન તાતા સાત વર્ષના હતા ત્યારે તેમના માતાપિતાએ છૂટાછેડા લીધેલા. રતન અને તેમના ભાઈ જિમ્મીને તેમનાં દાદી નવાઝબાઈએ ઉછેરીને મોટા કરેલા. નવાઝબાઈને રતન માટે ખૂબ જ લાગણી હતી. રતન નવલ તાતા કેમ્પિઅન સ્કૂલ મુંબઈમાં ભણેલા. જ્યારે પંદર વર્ષના હતા ત્યારે તેમને અમેરિકા ભણવા માટે મોકલવામાં આવ્યા. અમેરિકાની પ્રખ્યાત યુનિવર્સિટી કોર્નેલ (Cornell) યુનિવર્સિટીમાંથી ૧૯૬૨માં Architecture અને Structural Engineeirngમાં B.A.ની ડિગ્રી મેળવી. આ ઉપરાંત હાર્વડ બિઝનેસ સ્કૂલના એડવાન્સ મૅનેજમેન્ટના પ્રોગ્રામમાં જોડાયા. ૧૯૬૨માં ભારત પાછા આવીને તાતા ગ્રૂપમાં જોડાયા. તે સમયે તાતા ગ્રૂપના ચૅરમેન જે. આર. ડી. તાતા હતા. તેમણે રતન તાતાને તાતા સ્ટીલ મિલનો ખ્યાલ આવે તે માટે જમશેદપુર મોકલ્યા. રતન તાતા સામાન્ય નોકરિયાતની જેમ વાદળી યુનિફોર્મ

પહેરીને ભઠ્ઠીઓમાંથી ચૂનાના પથ્થરો (Lime Stones) કાઢતા.

**જહાંગીર રતનજી દાદાભાઈ તાતા (જે. આર. ડી. તાતા)**

રતનજી દાદાભાઈ તાતા અને સુઝન બ્રિએરના પુત્ર જહાંગીરનો જન્મ ૨૧ જુલાઈ, ૧૯૦૪ના રોજ પૅરિસમાં થયેલો. એમના માતા ફ્રેન્ચ હોઈને બાળપણ ફ્રાન્સમાં વિતાવેલું. આથી ફ્રેન્ચ તેમની માતૃભાષા હતી. પૅરિસમાં તેઓ જેનસન ડી સેઈલી (Janson De Sailly) સ્કૂલમાં ભણેલા. જે. આર. ડી. લંડન, જાપાન, ફ્રાન્સ અને ભારતમાં ભણેલા. ઑક્ટોબર, ૧૯૨૩માં ઉચ્ચ અભ્યાસ માટે લંડન પણ ગયા, જે. આર. ડી. ફ્રાન્સના નાગરિક હોઈને એક વર્ષ ફ્રાન્સના લશ્કરમાં જોડાવવાનું તેમના માટે ફરજિયાત હોઈને ફ્રેન્ચ લશ્કરમાં જોડાયા. ફ્રાન્સના લશ્કરમાં વરસ પૂરું થતાં, તેમના પિતાએ ભારત પાછા બોલાવ્યા. જે. આર. ડી.ને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગ ભણવાનો ખ્યાલ હતો, ભારતમાં આર.ડી. તાતાએ તેમના મિત્ર જોન પીટરસન, ICS જે તાતા સ્ટીલના ડિરેક્ટર-ઇન-ચાર્જ હતા તેમને જે. આર. ડી.ની કાળજી રાખવા જણાવ્યું. જે. આર. ડી.ને પીટરસનની બધી ટપાલ પીટરસન જુવે તે પહેલાં વાંચવાની અને પીટરસનની Commentsની નોંધ કરવાની હતી. જે. આર. ડી.ના પિતાજી આર. ડી. તાતાના નિધન પછી ૧૯૨૬માં તાતા સન્સના ડિરેક્ટર તરીકે લેવાયા. ૧૯૨૯માં ભારતના નાગરિક બન્યા. મુંબઈમાં જે. આર. ડી. સામે તેમની Sports Car Bugatti વધારે ઝડપથી મરીન ડ્રાઈવ ઉપર ચલાવવાનો કેસ હતો. જેક વિકાજી (Vicaji) તેમના વકીલ હતા અને તેમની ભત્રીજી થેલ્મા વિકાજી સાથે ૧૯૩૦માં જે. આર. ડી.નાં લગ્ન થયાં. ૧૯૩૮માં ફક્ત ૩૪ વર્ષની વયે તાતા સન્સના ચૅરમેન તરીકે નિમણૂક થઈ. તે સમયે ભારતમાં તાતા ગ્રૂપ મોટામાં મોટું ઔદ્યોગિક ગ્રૂપ હતું. જે. આર. ડી. તાતાએ નૈતિકતાનું ધોરણ ઘણું ઊંચું રાખીને ધંધાઓમાં સફળ થયા. કોઈ નેતાને લાંચ આપી નથી તેમજ તેમની પાસે કે તેમની કંપનીઓ પાસે ટૅક્સ ભર્યા વગરના પૈસા ન મળે. ૧૯૩૯માં તાતા ગ્રૂપની માલમિલકત ૬૨ કરોડની હતી જ્યારે જે. આર. ડી. ચૅરમૅન પદેથી નિવૃત્ત થયા તે વખતે ૧૯૯૦માં તાતા ગ્રૂપની માલમિલકત ૧૦૦૦૦ કરોડની હતી. ૧૯૩૯માં આશરે નાની-મોટી ચૌદ કંપનીઓ હતી જે અડધી સદી પછી ૯૬ કંપનીઓ બની જેમાં તેમની પોતાની હોય કે ભાગીદારી હોય.

સર દોરાબજી તાતા ટ્રસ્ટના જે. આર. ડી. તાતા ટ્રસ્ટી હતા અને તેમની દોરવણી હેઠળ નીચેની અદ્‌ભુત વસ્તુઓ બની.

(૧) એશિયામાં સૌથી પહેલું કેન્સરની સારવાર અને સંશોધન કરતું તાતા મેમોરિયલ કેન્દ્ર મુંબઈમાં ૧૯૪૨માં શરૂ કર્યું.

(૨) દુનિયાભરમાં પ્રખ્યાત એવું તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સિસ મુંબઈમાં ૧૯૩૬માં શરૂ કર્યું.

(૩) અણુને લગતી અને બીજી ઘણી અગત્યની શોધો કરતું તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચ ૧૯૪૫માં શરૂ થયું અને

(૪) નૅશનલ સેન્ટર ફૉર પરફૉર્મિંગ આર્ટ્સ મુંબઈમાં શરૂ કર્યું.

જે. આર. ડી. તાતાએ પાયલટનું લાઇસન્સ ફેબ્રુઆરી, ૧૯૨૯માં મેળવેલું. ૧૯૩૨માં તાતા ઍરલાઇન્સ જે. આર. ડી. તાતાએ શરૂ કરી. પહેલી હવાઈસફર કરાંચીથી મુંબઈ હતી અને તેના પાયલટ જે. આર. ડી. તાતા હતા. ૧૯૪૬માં તાતા ઍરલાઇન્સનું નામ 'Air India Limited'થયું. ભારત સરકારની ભાગીદારીમાં આંતરરાષ્ટ્રીય મુસાફરી માટે જે. આર. ડી. તાતાએ Air India International LTD. સ્થાપી. આ ઍરલાઇન જ્યાં સુધી જે. આર. ડી. તાતાના વહીવટમાં હતી ત્યાં સુધી દુનિયાની સૌથી સરસ પ્રથમ ત્રણ ઍરલાઇન્સમાંની એક ગણાતી. અમે આ એરલાઇનમાં મુંબઈથી ટોકિયો ૧૯૬૫માં મુસાફરી કરી છે અને ખરેખર અદ્‌ભુત સર્વિસ હતી. સરકારે આ બંને ઍરલાઇન્સ તાતા ગ્રૂપ પાસેથી લઈ લીધી. જે. આર. ડી. તાતાએ આની સામે ખૂબ જ પ્રયત્ન કર્યો, પણ સફળ ન થયા. સરકારે ઘણાં વર્ષ આ ઍરલાઇન્સો ચલાવી અને દુનિયામાં છેલ્લા ત્રણ નંબરમાં આ ઍરલાઇન્સ આવતી. દર વર્ષે સરકાર ખૂબ જ મોટી ખાધ કરતી અને આખરે તાતા ગ્રૂપને ૨૦૨૨માં વેચી દીધી. જે. આર. ડી. તાતા તાતા ગ્રૂપે શરૂ કરેલી તાતા એરલાઇન્સમાં મુસાફરી કરતા હતા. તેમની નજરમાં ટૉયલેટના ઉપરનું ઢાંકણું બરાબર સાફ ન હોઈને જાતે જ

બરાબર સાફ કર્યું. એ જ પ્રમાણે એરલાઇનના કાઉન્ટર ઉપર ધૂળ હતી. જાતે ગાભો શોધી કાઢીને કાઉન્ટર ટૉપ બરાબર સાફ કરી દીધું.

જે. આર. ડી. તાતાની ઑફિસના પડદાઓ અને ફર્નિચર પ્રમાણમાં ઘણાં જૂનાં હતાં. જે. આર.ડી. તાતાને મળવા ઘણા અસામાન્ય માણસો આવતા. આથી ઑફિસના સ્ટાફે આ બધું બદલવા માટે વિનંતી કરી. ઑફિસના સ્ટાફનું માન રાખીને તેમની સેક્રેટરી સાથે પડદાઓ અને ફર્નિચર ખરીદવા નીકળ્યા. ચાર કલાક બધે ફર્યા અને બધા ખર્ચનો સરવાળો કર્યો. જે. આર. ડી. તાતા તેમની જાતને માટે શૅરહોલ્ડરનો નફો ન વાપરી શક્યા. જીવ્યા ત્યાં સુધી તે જ પડદાઓ અને તે જ ફર્નિચર. દુનિયાના તવંગરોમાંના એક, બીજાને કરોડો રૂપિયા દાનમાં આપે, પણ પોતાના માટે સમાજના પૈસા વાપરતા જીવ ન ચાલે.

જે. આર. ડી. તાતા તેમની કંપનીઓ માટે કામ કરનારાઓની ખૂબ જ કાળજી રાખતા. આથી તાતાની કંપનીઓ માટે નીચેના નિયમો દાખલ કરેલા :

(૧) કામના દિવસનું કામ આઠ કલાક રહેશે.

(૨) પાછલી ઉંમરમાં તકલીફ ન પડે તે માટે પ્રોવિડન્ડ ફંડની વ્યવસ્થા કરી.

(૩) દરેકને કુટુંબ સાથે દવા-દારૂ મળશે.

(૪) ગુણના આધારે જ નોકરીમાં લેવાશે.

(૫) માનવતાના કામ બદલ ઇનામ અપાશે.

આ કાર્યપદ્ધતિ જોઈને સરકારે પણ આ જાતના નિયમો દાખલ કર્યા.

૧૯૪૫માં તાતા મોટર્સ સ્થાપી.

નૅશનલ કાઉન્સિલ ઑફ એપ્લાઇડ ઇકોનોમિક રિસર્ચ, ન્યૂ દિલ્હીના ગવર્નિંગ બોર્ડના સભ્ય હતા. આના ઉપરથી તેમણે ૧૯૬૮માં તાતા કન્સલ્ટન્ટસી સર્વિસ સેન્ટર સ્થાપ્યું. તાતા ગ્રૂપની અને ભારતની આ એક અગત્યની કંપની છે.

૧૯૮૭માં જે. આર. ડી. તાતાએ ટાઇટન (Titan) કંપનીની સ્થાપના કરી. આ કંપની ખરેખર અદ્‌ભુત ઘડિયાળો બનાવે છે.

જમશેદપુરમાં જમશેદજીની જન્મ તારીખ માર્ચ ૩ દબદબાથી ઉજવવામાં આવે છે. જે. આર. ડી. તાતા પ્રસંગમાં ભાગ લેવા માટે ૧ માર્ચના રોજ નીકળવાના હતા પણ એ જ સવારના anginal pain થયું પણ painkilerની મદદથી જમશેદપુર ગયા અને જમશેદજીની જન્મતિથિ ઉજવવામાં ભાગ લઈને પાછા આવ્યા. ડૉક્ટરે તેમને બ્રીચ કૅન્ડી હૉસ્પિટલમાં અઠવાડિયું આરામ કરવા જણાવ્યું. રતન તાતા સ્ટુટગાર્ટથી (જર્મની) પાછા આવ્યા હતા. તે હૉસ્પિટલમાં જે. આર. ડી.ને મળ્યા. ઔપચારિક વાતો થઈ. જે. આર. ડી. તાતા ૧૮મી માર્ચના રોજ તેમની ઑફિસમાં આવ્યા. રતન તાતા તેમને મળ્યા. જે. આર. ડી.એ ઔપચારિક રીતે પૂછ્યું, ''કંઈ નવા જૂની ?'' રતન તાતાએ જણાવ્યું, ''તમને હૉસ્પિટલમાં મળ્યા પછી કંઈ ખાસ નવીનતા નથી.'' જે. આર. ડી.એ જણાવ્યું, ''હા, મારે તમને સમાચાર આપવાના છે. મેં નિવૃત્ત થવાનો નિર્ણય કર્યો છે અને તાતા સન્સના ચૅરમેન માટે તમારું નામ સૂચવીશ.'' જે. આર. ડી. તાતાએ જણાવ્યું, ''કોઈને કહેશો નહિ. સારો દિવસ જોઈને મારે જ આ કામ કરવાનું છે.'' ૨૫મી માર્ચની તાતા સન્સની બૉર્ડ મિટિંગનાં જે. આર. ડી. તાતાએ તાતા સન્સના નવા ચૅરમૅન તરીકે રતન તાતાનું નામ સૂચવ્યું અને પાલોન્જિ શપૂર્જિ મિસ્ત્રીએ ટેકો આપ્યો અને સર્વાનુમતે રતન તાતા તાતા સન્સના ચૅરમૅન તરીકે ચૂંટાયા.

**રતન નવલ તાતાયુગ**

અત્યાર સુધી તાતાની બધી જ કંપનીઓ દરેકે-દરેક જુદી હોય તે રીતે વર્તતી. આ બધી કંપનીઓના ચૅરમેન કે મૅનેજિંગ ડિરેક્ટર ઘણી મહેનત કરીને તે હોદ્દાએ પહોંચેલા. મિટિંગોમાં તેમને ઊભા કરવા કે બેસાડવા મદદની જરૂર પડે જ. આ બધું જોતાં જ રતન તાતાએ નિવૃત્તિની ઉંમર નક્કી કરી. ચૅરમૅનની નિવૃત્તિની ઉંમર ૭૫ વર્ષ અને મૅનેજિંગ ડિરેક્ટરની નિવૃત્તિની ઉંમર ૬૫ વર્ષ રાખી.

આ ઉપરાંત ભારત દેશમાં ધંધાઓ માટે નવી જ જાતની વિચારસરણીની શરૂઆત થઈ. આપણે બધાની હરીફાઈમાં આપણો માલસામાન વેચવાનો છે. આથી બિનજરૂરી નિયમો અને કાયદાઓને તિલાંજલિ આપવી રહી. રતન તાતાએ આ બધું આવતું જોયું. આના કારણે 'તાતા સન્સ'ના રોકાણોમાં નીચે પ્રમાણે ફેરફાર કર્યા :

તાતા સ્ટીલ ૮ ટકા ને વધારીને ૨૬ ટકા લઈ ગયા. તે જ રીતે Telco ૧૭ ટકાથી વધારીને ૩૨ ટકા લઈ ગયા, વૉલ્ટાસમાં ૨૨ ટકાને વધારીને ૨૫ ટકા લઈ ગયા. તાતા

કેમિકલ્સ, તાતા-ટી વગેરેમાં ખાસ ફેરફાર ન કર્યા. આ બધા ફેરફારો કરવા ઘણી કંપનીઓએ તેમના શૅરો વેચી દીધા. આ ઉપરાંત તેમણે પરદેશની કંપનીઓ પણ ખરીદવા માંડી. રતન તાતાએ તાતા ટી દ્વારા બ્રિટનની ટી-બૅગ બનાવતી કંપની Tetley ખરીદી. તે જ રીતે તાતા સ્ટીલ કંપનીએ Corus સ્ટીલ કંપની ખરીદી. તાતા મોટર્સ દ્વારા Jaguar Land Rover ખરીદ્યું. પરદેશની કંપનીઓ ખરીદી તે યોગ્ય છે ? આનો જવાબ રતન તાતાએ આપ્યો, ''I don't belive in taking the right decisions. I take decisions and then make them right.''

કોઈ સિગ્નલે Green Signal થવાની રાહ જોતા હતા અને થોડોક ઝરમર વરસાદ પણ પડતો હતો. મોટર સાઇકલ ઉપર બેસીને પસાર થતાં પતિ-પત્ની અને નાનાં બે બાળકો એમ ચાર માણસો જોયાં. ત્યારથી ભારતનો સામાન્ય માણસ ખરીદી શકે તેવી ગાડી બજારમાં લાવવા માટેનો મોટો પ્રયત્ન રતન તાતાએ કરેલો. ઘણા પ્રયત્ને ગાડી નેનો બજારમાં રતન તાતા મૂકી શક્યા તે આપણા બધા માટે ગૌરવની વાત છે.

રતન તાતા ૭૫ વર્ષના થયા. તેમણે તાતા સન્સના ચૅરમૅન તરીકે ૨૮ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ રાજીનામું આપ્યું. બૉર્ડ ઑફ ગવર્નસે સાયરસ મિસ્ત્રીને તાતા સન્સના ચૅરમૅન નીમ્યા.

### રતન તાતાની પરોપકાર વૃત્તિ

(૧) રતન તાતા કૉર્નેલ યુનિવર્સિટીમાં ભણેલા હોઈને ૨.૮ કરોડ ડૉલર (૨૮૦ લાખ) તાતા સ્કૉલરશિપ માટે કૉર્નેલ યુનિવર્સિટીને આપ્યા. ભારતમાંથી સ્નાતક થવા આવનારા ૨૦ વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે તાતા સ્કૉલરશિપ અપાશે.

(૨) હાર્વર્ડ યુનિવર્સિટીને કારોબારી કેન્દ્ર (Executive Center) બાંધવા માટે તાતા ગ્રૂપની કંપનીઓએ અને તાતા ચૅરિટીએ ૨૦૧૦માં ૫ કરોડ ડૉલર (૫૦૦ લાખ) હાર્વર્ડ બિઝનેસ સ્કૂલને આપ્યા.

(૩) તાતા ગ્રૂપે ૯૫ કરોડ રૂપિયા Indian Institute of Technology, Bombayને ૨૦૧૪માં ટેક્નૉલૉજી અને ડિઝાઇનનું તાતા કેન્દ્ર બનાવવા આપ્યા.

(૪) તાતા ટ્રસ્ટે ૭૫ કરોડ રૂપિયા Indian Institute of Sciencesના ન્યૂરો સાયન્સ કેન્દ્રને અલઝાઇમર રોગનાં કારણો શોધવા અને વહેલા રોગનું નિદાન કરીને સારવાર શોધવા માટે આપ્યા.

રતન તાતાની પોતાની માલમિલકત ૬૦૦૦ કરોડ રૂપિયાની છે અને તેમણે તેમની બચત Snapdeal, Teabox અને Cashkaro.comમાં રોકી છે. આ ઉપરાંત તેમણે Ola Cabs, Xiaoમાં અને Nebtwy, Dospotમાં પણ રોક્યા છે.

ઑફિસે જવા-આવવા માટે જાતે જ ગાડી ચલાવીને જાય છે. ભારતમાં તેઓ જાતે જ પ્લેન ચલાવે છે. તેઓ હોશિયાર પાયલટ છે. તેમની હાથ નીચે કામ કરનારને સ્નેહાળથી જુએ છે અને તેમના હાથ નીચે કામ કરનારાઓ પણ તેમને પ્રેમ અને માનથી જુએ છે. તેઓ કોઈ પણ જાતના ડર વગરના છે અને ડર જોઈને રસ્તો બદલે તેવા નથી.

તાતાના વેચાણનો ૭૫ ટકા ભાગ તાતા સ્ટીલ, તાતા મોટર્સ અને તાતા કન્સલ્ટન્સી આ ત્રણે કંપનીઓનો છે.

૨૧ વર્ષના રતન તાતાના વહીવટ દરમિયાન વેચાણ ૪૦ ઘણું અને નફો ૫૦ ઘણો થયો છે. તાતા ટીએ Tetley ખરીદી, તાતા મોટર્સે જગુઆર લૅન્ડ રોવર અને તાતા સ્ટીલે કોરસ ખરીદીને રતન તાતાએ ઇતિહાસ રચ્યો છે. તાતા ગ્રૂપ ભારતનું ગણાવવાના બદલે વિશ્વનું ગ્રૂપ ગણાતું થયું છે.

### તાતા ગ્રૂપ

૧૮૬૮માં જમશેદજીએ શરૂ કર્યું અને તાતા સન્સ માલિક છે. મુખ્ય ઑફિસ : Bombay House, 24 Homi Mody Street, Bombay

આવક કે ઉપજ : 103 અબજ (અમેરિકન બિલિયન)

માલિક : તાતા સન્સ (100 ટકા)

પગારદારો : 8,00,000

તાતા સન્સ : પરોપકાર વૃત્તિવાળાં ટ્રસ્ટો ૬૬ ટકા માલિક છે.

કંપનીઓ : સો કરતા વધારે કંપનીઓ છે. કોઈ પોતાની છે. કોઈમાં ભાગીદારી છે. અગત્યની કંપનીઓ : Air India, તાતા કેમિકલ્સ, તાતા મોટર્સ, તાતા સ્ટીલ, તાતા કન્સલટન્સી સર્વિસિઝ, ટાઇટન, તનિસ્ક, તાતા પાવર, ઇન્ડિયન હોટેલ્સ કંપની લિમિટેડ વગેરે... ૨૧ કંપનીઓ મુંબઈ સ્ટોક એક્સચેન્જમાં નોંધાયેલી છે.

જાપાનીઝ કંપની ડોકોમો (Docomo) જોડેના વ્યવહારમાં સાયરસ મિસ્ત્રી તાતા ગ્રૂપના ઉચ્ચ


પ્રમાણિકતાના નિયમો ન સાચવતાં રતન તાતા અને ગવર્નિંગ બૉર્ડે મૂંગા બેસી રહેવાના બદલે ૨૪ ઑક્ટોબર ૨૦૧૬ની સભામાં સાયરસ મિસ્ત્રીને તાતા સન્સના ચૅરમૅન પદેથી છૂટા કર્યા અને રતન તાતાને તાતા સન્સના ચૅરમૅન પદે કામચલાઉ નીમ્યા. આ સમાચાર એટમ બૉમ્બ ફૂટ્યો હોય તેવા હતા. ફરીથી તાતા પરિવાર અને તાતા ગ્રૂપ પ્રમાણિકતા સાથે જરાયે બાંધછોડ કરતું નથી. આ જ આપણા ભારત માટે ગૌરવ લેવા જેવું છે.

આ લેખ ગૂગલ, વિકિપીડિયા અને નીચેના પુસ્તકોના આધારે લખાયો છે.


(1) Gandhi, A. k., Ratan Tata : A Complete Biography. Prabhat Paperbacks, 2021.

(2) Shah, Shashenk, The Tata Group An imprint of Penguin Random House, 2018.


## તાતા વંશવૃક્ષ





**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

'સ્વરાજ', નરસિંહજી મંદિર પાસે,

ઉવારસદ રોડ, મુ. પો. શેરથા, તા. જિ. ગાંધીનગર

મોબાઇલ : ૯૪૨૮૦૧૯૦૪૨

# અમેરિકાની સુપ્રીમ કોર્ટના પહેલા નીગ્રો ન્યાયમૂર્તિ થુરગુડ માર્શલ

શરદભાઈ શાહ

થુરગુડ માર્શલની કથા એક ભરપૂર સંઘર્ષની કથા છે. એક હબસી છોકરો, જેના પૂર્વજો ગુલામ હતા, તેણે સખત મહેનત અને તપશ્ચર્યાના બળથી એક ઇતિહાસ રચી દીધો.

અમેરિકામાં ૨૦મી સદીની શરૂઆતમાં કાળા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ અભ્યાસ કરવો મુશ્કેલ હતો ત્યારે તેણે સંકલ્પ કર્યો કે વકીલ બનવું છે. તેના અભ્યાસની કથા ભરપૂર તકલીફોવાળી કથા છે, પણ તે હિંમત ન હાર્યો. વકીલ બન્યો. જ્યારે કાળા વકીલને ગોરા ન્યાયાધીશો અને ગોરા વકીલો સાથે વકીલાત કરવાનું અને સફળ થવાનું બહુ જ મુશ્કેલ હતું, ત્યારે તેણે રાત-દિવસ મહેનત કરી વકીલાતમાં નામના પ્રાપ્ત કરી. કોઈએ કદી વિચાર્યું નહોતું કે એક હબસી વકીલ અમેરીકાની ફેડરલ સુપ્રીમ કોર્ટનો ન્યાયાધીશ બની શકે, ત્યારે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જ્હોન્સને તેમને સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નીમ્યા. અમેરિકાની સુપ્રીમ કોર્ટની રચના થયાના ૧૭૭ વર્ષ બાદ પ્રથમ હબસી ન્યાયાધીશ તરીકે નિમણૂક પામ્યો. થુરગુડ માર્શલે ૨૪ વર્ષની લાંબી કારકિર્દી દરમિયાન ઘણા નોંધપાત્ર ચુકાદાઓ આપ્યા. તેમણે રંગભેદની નીતિને દૂર કરવા સંન્નિષ્ઠ પ્રયત્નો કર્યા. ગોરા અને કાળા લોકો એકબીજાની સાથે રહીને, સમાનતાથી અને સન્માનથી જીવન જીવી શકે તેવા વિચારો તેમણે વ્યક્ત કર્યા.

અમેરિકાના ઇતિહાસમાં ત્રણ હબસી વ્યક્તિઓ અમર થઈ ગઈ છે. આ પૈકી એક થુરગુડ માર્શલ છે. સૌ કોઈ માર્ટીન લ્યૂથર કિંગ અને માલ્કમ એક્સને જાણે છે. તે બંનેએ હબસીઓના હક્કો માટે પોતાના જીવનની આહુતિ આપી. તેઓ નાની ઉંમરમાં ગોળીએ વિંધાયા, શહીદ થયા. નામના પ્રાપ્ત કરી. અમર થઈ ગયા. થુરગુડ માર્શલ લાંબું જીવ્યા. ૮૨ વર્ષની ઉંમર સુધી સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે કામ કર્યું. રંગભેદની નીતિના સંદર્ભમાં ક્રાંતિકારી કદમો ઉઠાવ્યા. જાહેર જીવનથી દૂર રહ્યા પણ બે શહીદોના જેટલું જ યોગદાન તેમણે આપ્યું.

થુરગુડ માર્શલની કથા એક ક્રાંતિકારીની કથા છે, જે વાંચતા એમ લાગે છે કે આ કોઈ કાલ્પનિક કથા તો નથી ને ? પરંતુ વાસ્તવિકતા એ છે કે એ સંપૂર્ણ સત્ય ગાથા છે.

આપણે મહાન ન્યાયાધીશની જીવનકથા ટૂંકમાં જોઈએ.

સને ૧૯૦૮ની ૨જી જુલાઈના રોજ અમેરિકાના બાલ્ટીમોરમાં થુરગુડ માર્શલનો જન્મ થયો. તેમના પરદાદાનું નામ Thoroughgood હતું. તે પરથી ટૂંકાવીને તેમનું નામ Thurgood પાડ્યું. તેમના પિતા વિલિમય કેન ફીલ્ટ માર્શલ રેલરોડ પોર્ટર તરીકે કામ કરતા હતા. તેમની માતા નોટમાં એરીકલ વિલિયમ્સ શિક્ષિકા તરીકે કામ કરતાં હતાં. તે બન્ને તેમના બાળકોને સારા સંસ્કાર આપતાં. તે હંમેશાં કહેતાં કે કાયદાનું પાલન કરવું જોઈએ અને અમેરિકન બંધારણ અને Rule of lawનો આદર કરવો જોઈએ. થુરગુડ માર્શલના પિતા તેમને અને તેમના ભાઈને કોર્ટની કાર્યવાહી જોવા લઈ જતા. પછી ઘેર આવી સામસામી દલીલો કરતા. આમ પિતા પાસેથી વક્તૃત્વ કળાની અને પોતાનું દષ્ટિબિંદુ રજૂ કરવાની કળા પ્રાપ્ત થઈ. બાળપણમાં તેમના મનમાં વકીલ બનવાનાં બીજ રોપાયાં.

થુરગુડનો જન્મ થયો ત્યારે ૧૯૦૮ના અરસામાં બાલ્ટીમોરમાં ગોરા અને કાળા વચ્ચે કોઈ સમન્વય નહોતો. તેમનાં રહેઠાણ, તેમની સંસ્થાઓ, તેમની શાળાઓ બધું અલગ હતું. ગોરા વિસ્તારમાં કાળાઓની પ્રવેશબંધી હતી. ગોરાઓની શાળામાં કાળાઓને પ્રવેશ પણ ન મળે. ૬ વર્ષની ઉંમરે થુરગુડ કાળાઓની શાળામાં

દાખલ થયા. ત્રણ માળનું મકાન હતું. પાર્ટિશન દ્વારા એક ક્લાસના બે ક્લાસ બનાવ્યા હતા. ટાંચાં સાધનો હતાં. લાંબાં વૅકેશન આપવામાં આવતાં. જેથી વિદ્યાર્થીઓ મજૂરી કરીને તેમનાં મા-બાપને મદદ કરી શકે.

થુરગુડ બાળપણથી જ ચપળ અને તેજસ્વી હતા. તેમનાં મા-બાપ પણ તેમનું વિશેષ ધ્યાન કરતાં હતાં. થુરગુડને ગોરા બાળકોના વર્તનથી ખૂબ ચીડ ચડતી અને તેમને કોઈ નીગર કહે તો ઝઘડી પડતાં. પરંતુ મા-બાપ તેમને સંયમ રાખવા સલાહ આપતાં. બાળપણથી જ થુરગુડ અન્યાય સહન કરી શકતા નહીં.

થુરગુડ યુવાન થતા ગયા તેમ તેમણે જોયું કે ગોરા પોલીસ દ્વારા કાળાઓની ધરપકડ થાય છે, તેમને મારવામાં આવે છે. તેમના પર જુલમ થાય છે. આ બધું જોઈ થુરગુડ અકળાતા. તેમના મનમાં એવી દઢ ભાવના પેદા થઈ કે ઉચ્ચ અભ્યાસ કરી અન્યાયનો સામનો કરવો છે.

થુરગુડની શાળાની કારકિર્દી ઉજ્જ્વળ રહી. તે અભ્યાસમાં ખૂબ ધ્યાન આપતાં. વકતૃત્વકળામાં પારંગત હતા. વાર્તાઓ કહેવામાં માહેર હતા. સને ૧૯૨૫ માં શાળાનો અભ્યાસ સારી રીતે પૂર્ણ કરી તે કૉલેજમાં દાખલ થયા. કૉલેજના અભ્યાસ દરમિયાન તે લડાયક મૂડમાં રહેતા. આંદોલનોમાં પણ ભાગ લેતા, પરંતુ ૧૯૨૯ માં તેમનુ લગ્ન વીવીયન સાથે થયું. ત્યાર પછી તેમની જવાબદારી વધી ગઈ. માત્ર અભ્યાસમાં ધ્યાન આપી તેઓ ૧૯૩૦માં ગ્રેજ્યુએટ થયા હતા.

થુરગુડે વકીલ બનવાનુ નક્કી કર્યુ હતું; પરંતુ સંજોગો વિકટ હતા. પિતાની આર્થિક સ્થિતિ નબળી હતી. વળી પોતે લગ્ન કરી દીધાં હતાં. તેથી નોકરી સાથે જ અભ્યાસ કરવો પડે તેમ હતો. અમેરિકામાં મોટા ભાગની લૉ કોલેજો કાળા લોકોને પ્રવેશ આપતી નહીં. બાલ્ટીમોરની લૉ કૉલેજ પણ કાળાઓને પ્રવેશ આપતી નહીં. આવા સંજોગોમાં કોઈ પણ માણસ નોકરી સ્વીકારી ગૃહસ્થાશ્રમમાં જોડાઈ જાય; પરંતુ થુરગુડના હૃદયમાં આગ પ્રજ્વલિત હતી. અભ્યાસ કરવા માટેનું, વકીલ બનવા માટેનુ ગાંડપણ મનમાં સવાર હતું.

બાલ્ટીમોરમાં પ્રવેશ ન મળતાં થુરગુડ અકળાયા, પણ નિરાશ ન થયા. હિંમત ન હાર્યા. તપાસ કરતાં માલૂમ પડ્યું કે નજીકમાં વૉશિંગ્ટન ડી.સી.માં લૉ કૉલેજમાં પ્રવેશ મળી શકે તેમ છે. વહેલા ઊઠવું પડે, અપડાઉન કરવું પડે, ખર્ચ પણ વધુ થાય. છતાં થુરગુડે ત્યાં પ્રવેશ મેળવી લીધો. તે સવારે પાંચ વાગે ઊઠે. તૈયાર થઈ બે-ત્રણ માઈલ દૂર ચાલતા સ્ટેશને જાય. ટ્રેઈન પકડે. વૉશિંગ્ટન સ્ટેશને ઊતરી ચાલતા કૉલેજ જાય. ત્રણ કલાક કૉલેજ ભરે. પછી લાઇબ્રેરીમાં નોકરી કરે. નોકરીના ૮ કલાક દરમિયાન વાંચવાનો, અભ્યાસનો પૂરતો સમય મળે. રાતે ૯-૦૦ વાગે ઘરે આવીને જમે. સવારના ૫-૦૦થી રાતના ૯-૦૦ની એ તપશ્ચર્યા હતી. માત્ર જમવા, સૂવા ઘરે આવે, પણ મનમાં એક જ ધૂન. વકીલ બનવું છે.

કૉલેજમાં પહેલે દિવસે જ પ્રોફેસરે કહ્યું આવતી સાલ તમારામાંથી ૧/૩ વિદ્યાર્થીઓ જ બીજા વર્ષમાં જશે. માટે કાળજીપૂર્વક અભ્યાસ કરજો. થુરગુડે ખૂબ મહેનત કરી. દરેક વર્ષે અવ્વલ ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા. ૧૯૩૩માં તે વકીલ બન્યા. પરંતુ ખરી મૂંઝવણ હવે શરૂ થઈ. વકીલ તો બન્યા, પણ વકીલાત કરવા માટે કોઈ પૈસા નહોતા, કોઈ ગોરા વકીલ જુનિયર તરીકે રાખતા નહોતા. એક કાળા વકીલને મળ્યા તો તેમણે કહ્યું ‘‘તારી શક્તિ અને હોશિયારી જોતાં તું સ્વતંત્રપણે કાર્ય કર. તું ખીલી ઊઠીશ’’ થુરગુડ ને માઠું લાગ્યું. પણ તે વકીલની વાત સાચી થઈ પડી.

તે વકીલે એક સલાહ આપી હતી. ‘‘બધા વકીલો ગોરા છે, ન્યાયાધીશો ગોરા છે, જૂરીના સભ્યો ગોરા છે, તને અન્યાય થતો લાગશે; પરંતુ અકળાતો નહીં, ધીરજ રાખજે, વકીલ તરીકે ગોરા વકીલોની મૅનર્સ કરતાં ડબલ સારી મૅનર્સ રાખજે. સફળ થવાનો આ જ માર્ગ છે.’’

થુરગુડે તે સલાહ સ્વીકારી અને તેમને આખી જિંદગી કામ લાગી. વકીલાતની શરૂઆતનાં વર્ષો વિકટ રહ્યાં. ખાસ વકીલાત ચાલે નહીં. લગ્ન થઈ ગયાં હતાં. પિતાશ્રીનું ઘર નાનું હતું. બધાં સાથે રહી શકાય તેમ નહોતું. આર્થિક મૂંઝવણ એટલી બધી હતી કે કોઈ પણ વ્યક્તિ ભાંગી પડે; પરંતુ થુરગુડે ખંત અને ધીરજથી કામ લીધું. તકલીફો વેઠી પણ હિંમત હાર્યા નહી. ધીરેધીરે કામ મળવા લાગ્યું. ખાસ કરીને હબસીઓના કેસ મળવા લાગ્યા. મોટા ભાગના કેસો ખોટી રીતે હબસીઓ પર થતા હતા. થુરગુડ આ બધા કેસો ખૂબ મહેનત કરી અને

મક્કમતાથી લડતા હતા. નિષ્ફળતા મળે તોપણ હિંમત હારતા નહીં, પણ તેમની મહેનત, અભ્યાસ. રજૂઆત રંગ લાવવા માંડી. નાની ઉમરે તે સુપ્રીમ કોર્ટમાં જઈ કેસો લડવા માંડ્યા. ઘણા કેસોમાં તેમને સફળતા મળવા લાગી. ૩૨માંથી ૨૪ કેસમાં સફળતા મળી; પરંતુ 'બ્રાઉન વિ. બોર્ડ ઑફ એજ્યુકેશન'ના કેસ દ્વારા તેમની ખ્યાતિ આખા અમેરિકામાં પ્રસરી ગઈ. તે પ્રથમ પંક્તિના વકીલ તરીકે પ્રસ્થાપિત થયા.

બ્રાઉન વિ. બોર્ડ ઑફ એજ્યુકેશનના કેસમાં ગોરા અને કાળાઓની જુદી સ્કૂલનો મુદો હતો. પ્રશ્ન એ હતો કે પબ્લિક સ્કૂલમાં માત્ર જાતિના આધાર ઉપર ભેદભાવ કરવો વાજબી ગણાય કે નહીં ? થુરગુડ માર્શલનું કહેવું એ હતું કે જાહેર શાળામાં કાળા વિદ્યાર્થીને પ્રવેશ ન આપવાનો અર્થ એ થયો કે તમે એ સ્વીકારો છો કે ગોરા અને કાળા સમાન નથી; પરંતુ કાળા ઊતરતા છે. તેમણે કહ્યું કે બાળકોનું ફરજિયાત વિભાજન એ બંધારણના ચૌદમા સુધારામાં સ્થાપિત કરેલ **Equal right** ના ભંગ સમાન છે. થુરગુડ માર્શલે કેસની દલીલો માટે મહિનાઓ સુધી તૈયારી કરી. અનેક જ્યુરીસ્ટ સાથે ચર્ચા પણ કરી. રિસર્ચ કર્યું. છેલ્લે દલીલો કરતાં પહેલા એક અઠવાડિયાં સુધી ઘણા વકીલો સાથે Conference કરી ચર્ચા પણ કરી. અંતે તેમણે ધારદાર રજૂઆત કરી. જેના આધારે તેઓ ન્યાયાધીશોને પોતાના દૃષ્ટિબિંદુ તરફ ઢાળી શક્યા. બ્રાઉનનો કેસ ૨૦મી સદીનો યાદગાર કેસ બની રહ્યો.

૧૭મી મે ૧૯૫૪ના રોજ અમેરિકાની સુપ્રીમ કોર્ટે થુરગુડ માર્શલના લાભમાં ચુકાદો આપ્યો. ચુકાદો સાંભળી તે અત્યંત પ્રસન્ન થયા. તેનું કારણ એ હતું કે તમામ ૯ ન્યાયાધીશોએ સર્વાનુમતે તે ચુકાદો આપ્યો હતો. ત્યારપછી તો થુરગુડ માર્શલની કીર્તિ ચોમેર પ્રસરવા લાગી. સંખ્યાબંધ કેસોમાં તેમને વિજય મળવા લાગ્યો. લોકોએ તેમને **Mr. Civil Rights**નું બિરુદ પણ આપ્યું.

## સામાજિક જીવન :

તેમના સાંસારિક જીવનમાં પહેલાં પત્ની વિવિયન બુરે સાથે ૧૯૨૯થી ૧૯૫૫ સુધીની તેમનું લગ્નજીવન સુખી અને આંનદમય હતું; પરંતુ વિવિયનને ફેફસાંનું કેન્સર થયું અને તેમનું સને ૧૯૫૫માં અવસાન થયું. પછી તેમણે બીજું લગ્ન શેશીલા સુમાર માર્શલ સાથે ૧૯૫૫માં કર્યુ. તેમની સાથે પણ જીવન આનંદમય હતું. તેમનાં બીજા પત્ની ૧૯૯૩માં અવસાન પામ્યાં. તેમને બે સંતાનો હતાં, થુરગુડ માર્શલ જુનિયર અને જ્હૉન ડબલ્યુ માર્શલ. તેમનુ સાંસારિક જીવન ખૂબ જ સુખી હતું.

## ન્યાયાધીશ તરીકે નિમણૂક :

સને ૧૯૬૧માં પ્રેસિડન્ટ જ્હૉન એફ. કેનેડીએ થુરગુડ માર્શલની નિમણૂક કોર્ટ ઑફ અપીલ્સના ન્યાયમૂર્તિ તરીકે કરી. ત્યાં તેમણે ૪ વર્ષ સુંદર કામગીરી કરી. ૧૯૬૫માં પ્રેસિડન્ટ જ્હૉન્સને તેમની નિમણૂક સૉલિસિટર જનરલ તરીકે કરી. આ પદ પર પહોંચનાર તે પહેલા હબસી હતા. તેમને સોલીસીટર જનરલ તરીકે બે વર્ષમાં ખૂબ જ અગત્યના ૧૯ કેસો ચલાવ્યા. જેમાંથી ૧૪માં સફળતા પ્રાપ્ત કરી. તેમની કામગીરીની કદર કરી પ્રેસિડન્ટ જ્હૉન્સને તેમને ઑક્ટોબર ૧૯૬૭માં અમેરિકાની સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક કરી. સુપ્રીમ કોર્ટના ઇતિહાસમાં સુપ્રીમ કોર્ટની સ્થાપનાનાં ૧૭૭ વર્ષ પછી પ્રથમ વખત હબસી ન્યાયાધીશની નિમણૂક થઈ. અમેરિકાના એક અખબારમાં એવુ કાર્ટૂન પ્રસિદ્ધ થયું કે પ્રમુખ જ્હૉન્સન, થુરગુડ માર્શલને ગાઉન પહેરાવતાં પૂછે છે કે ''Should be a good fit - it took us 177 years to make''.

અમેરિકાની સુપ્રીમ કોર્ટના ૯ ન્યાયમૂર્તિઓ હોય છે. તેઓ મૃત્યુ પામે અગર રાજીનામું આપી નિવૃત્ત થાય ત્યાં સુધી કાર્ય કરે છે. થુરગુડ માર્શલે ૨૪ વર્ષની સેવાઓ આપી ૧૯૯૧માં તબિયતના કારણસર રાજીનામું આપી નિવૃત્તિ લીધી. તે વખતે તેમની ઉમર ૮૨ વર્ષની હતી.

ઑક્ટોબર ૧૯૬૭થી માર્ચ ૧૯૯૧ સુધી થુરગુડ માર્શલે સુપ્રીમ કોર્ટમાં ઘણા ક્ષેત્રોમાં ચુકાદાઓ આપ્યા; પરંતુ સિવિલ રાઇટ્સ સંદર્ભે અને ક્રિમિનલ જૂરીસ્પ્રુડન્સ સંબંધે તેમના ચુકાદાઓ અને અભિપ્રાયો હંમેશાં યાદ રહેશે. તેમના વક્તવ્યો, લેખો, દલીલો અને અભિપ્રાયો ઘણાં વખણાયાં છે.

થુરગુડ માર્શલની બીજી મહત્ત્વની બાબત એ છે કે તેમની ૨૪ વર્ષની ન્યાયાધીશ તરીકેની કારકિર્દીમાં જે

જે લૉ ક્લાર્કસ સાથે તેમને કામ કરવાનું આવ્યું તેમની પ્રત્યે થુરગુડે સારો ભાવ રાખી યોગ્ય માર્ગદર્શન આપ્યું. પરિણામે તેમના ઘણા લૉ ક્લાર્કસ કોર્ટ ઑફ અપીલ્સમાં નિમાયા, પ્રોફેસર તરીકે નિમાયા કે સુપ્રીમ કોર્ટમાં પણ નિમાયા.

થુરગુડ માર્શલ સુપ્રીમ કોર્ટમાં જોડાયા ત્યારે અમેરિકાની સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અર્લ વૉરેન હતા. તે મહાન ન્યાયાધીશ હતા અને તેમની સાથે કામ કરવાનો આનંદ પણ અનેરો હતો. ન્યાયમૂર્તિ તરીકે થુરગુડ માર્શલે યશસ્વી કામગીરી કરી. તેઓ દેહાંતદંડના વિરોધી હતા. તેમના મતને માન્યતા મળી અને દેહાંતદંડ માટેની ચોક્કસ માર્ગદર્શિકા નક્કી થઈ. લઘુમતીને થતા અન્યાય, શોષણ, રંગભેદની નીતિ વગેરે અનેક બાબતોમાં તેમણે અસરકારક રજૂઆત કરી. થુરગુડ માર્શલ પોતાનો મુદ્દો સ્પષ્ટ કરવા વાર્તાનો આશરો લેતા અને તે દ્વારા પોતાની વાત રજૂ કરતાં.

સુપ્રીમ કોર્ટના સ્ત્રી ન્યાયમૂર્તિ સાન્દ્રા ઓ કોનોર એક ઉદાહરણ આપી થુરગુડ માર્શલની સ્ટાઇલનું સરસ વર્ણન કરે છે. તેમણે લખ્યુ છે : ''મેં ૧૦ વર્ષ સુધી થુરગુડ માર્શલ સાથે સુપ્રીમ કોર્ટના ન્યાયમૂતિ તરીકે કામ કર્યું છે. તેમની વાત અસરકારક રીતે રજૂ કરવાની તેમની પાસે અદ્‌ભુત કળા હતી. તે હંમેશાં પોતાની વાત રજૂ કરવા એક વાર્તા કહેતા. શરૂઆતમાં મને લાગતું કે કાયદાના ગંભીર પ્રશ્નોની ચર્ચામાં વાર્તા શા માટે રજૂ કરે છે ? પરંતુ ધીરેધીરે મને સ્પષ્ટ સમજાયું કે વાર્તામાં સંદેશો પણ છે અને દર્દ પણ છે. એક વખત દેહાંતદંડની સજા અંગેની ચર્ચામાં થુરગુડ માર્શલે કહ્યું કે મારે એક વાર્તા કહેવી છે. એક વખત હું એક નિર્દોષ માણસનો કેસ લડતો હતો. તેની પર આક્ષેપ હતો કે તેણે એક ગોરી સ્ત્રી પર બળાત્કાર કર્યો છે. તે નીગ્રો હતો. મેં તેને કહ્યું કે તું ગુનો કબૂલ કરી લે તો દેહાંતદંડ ને બદલે જન્મટીપની સજા થઈ શકે. તે મારી સામે તાકી રહ્યો પછી બોલ્યો, તમે શું વાત કરો છો ? મેં જે કર્યું નથી તે હું કબૂલ કરું ? ગમે તે થાય તમે કેસ લડો. મેં મારી પૂરી ક્ષમતાથી કેસ ચલાવ્યો. ન્યાયાધીશ ગોરા હતા. જૂરીના તમામ સભ્યો પણ ગોરા હતા. ન્યાયાધીશે કેસનું સમાપન કરતાં જૂરીને કહ્યું : 'તમારી પાસે ત્રણ વિકલ્પ છે : Guilty, Not guilty અથવા Guilty with Mercy.' જૂરીના સભ્યો બીજી રૂમમાં ગયા. પછી ન્યાયાધીશે લોકોને કહ્યું, 'બેલીફ આરોપીને લઈ ન જાય ત્યાં સુધી કોર્ટરૂમમાં બેસજો' થુરગુડ માર્શલે કહ્યું કે તે વખતે હું અકળાયો. મને થયું તેનો અર્થ એ થયો કે આરોપીને સજા કરવાનું નક્કી છે. તો જ બેલીફ લઈ જાય ત્યાં સુધી એવા શબ્દો વપરાયા છે. મેં ન્યાયાધીશને કહ્યું. ''How about not guilty ?'' ન્યાયાધીશ કંઈ બોલ્યા નહીં. થોડી વારે જૂરીએ આવી દેહાંતદંડની સજા જાહેર કરી. મારા અસીલને ફાંસી મળી. Oh, well he was just a negro.

આમ કહી થુરગુડ માર્શલે વાત પૂરી કરી.

ન્યાયમૂર્તિ સાન્દ્રા ઓ કોનોર લખે છે

''Occasionally at conference meeting, I still catch myself looking expectantly for his raised brow and his twinkling eye, hoping to hear, just once more, another story that would, by and by, perhaps change the way I see the world.''

થુરગુડ માર્શલ ન્યાયતંત્રમાં લાંબી ઉપયોગી અને સંતોષકારક સેવા આપી નિવૃત્ત થયા.

નિવૃત્તિ બાદ તેઓ થોડો સમય બીમાર રહ્યા અને સને ૧૯૯૩ની ૨૪મી જાન્યુઆરીએ અવસાન પામ્યા.

થુરગુડ માર્શલના મૃત્યુ પ્રસંગે એક અખબારે શ્રધ્ધાંજલિ આપતાં લખ્યું.

We make movies about Malcom X, we get a holiday to honor Jr. Martin Luther king, but every day we live with the legacy of Justice Thurgood Marshall.

સ્વપ્રયત્ને આગળ વધેલા, સંવેદનશીલ, લડવૈયા, મહેનતુ, વિદ્વાન, અને ક્રાંતિકારી વ્યક્તિત્વને વંદન.

**શરદભાઈ શાહ**
એડવોકેટ, મહેસાણા
મો. ૯૪૨૯૭૩૬૪૬૫

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**માણસાઈના મશાલચી ડૉ. મફતલાલ પટેલ / લેખક - સંપાદક : દધિચી ઠાકર.** અમદાવાદ. અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, (૩૫, ગુણાતીતનગર સોસાયટી, વિવેકાનંદ ચોક, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૧૨), ૨૦૨૨; વિક્રેતા : ગૂર્જર એજન્સી. ૪૬૦ આર્ટ પૃષ્ઠ; ૨૦૧ બહુરંગી ચિત્રો, ૨૯ X ૨૯ સેમિ. કિં. રૂ. ૧૫૦૦.

ડૉ. મફતલાલ પટેલે સમાજજીવનમાં બહુવિધ ક્ષેત્રો, જેમ કે શિક્ષણ, સમાજસેવા, રાજકારણ, ગ્રામવિકાસ, મહિલાવિકાસ, કન્યાશિક્ષણ, વગેરેમાં પોતીકી કાર્યનિષ્ઠા, સમર્પિતતા, અણીશુદ્ધ પ્રામાણિકતા, ઉમદા સેવાભાવના વગેરે ગુણરાશિ થકી રળિયાત કરતાં સાચા અર્થમાં **'વૈષ્ણવજન'** બની રહેતાં બહુજન સમાજમાં ભારે માન-સન્માન અને આદરના અધિકારી બની રહ્યાં છે. આજે ૮૫ વર્ષની વયે પણ તેમનાં ઉત્સાહ, તરોતાજગી અને ક્રિયાશીલતા રોલ-મોડેલ બની રહ્યાં છે. પરિણામે વિવિધ ક્ષેત્રોના પ્રતિભાપુરુષોથી સામાન્ય પરિચિતો સુધીનાંઓએ તેમના આયખાની ૮૫ વર્ષની ઉજવણી નિમિત્તે પ્રકાશિત કરવામાં આવેલ અભિવાદન-ગ્રંથમાં હરખતા હૈયે તેમની સાથેનાં સંસ્મરણો યા પોતાને મન ડૉ. મફતલાલ પટેલ એટલે શું ? તે સંબંધી વાચા આપી છે. આ બધા હૃદયોદ્ગારોને પ્રસ્તુત ગ્રંથ **'માણસાઈના મશાલચી ડૉ. મફતલાલ પટેલ'** માં ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. અહીં પરિવારજનો સહિતનાં કુલ ૧૩૯ સંસ્મરણો/પ્રતિભાવો ગ્રંથસ્થ કરવામાં આવ્યાં છે. આ લખનારાઓ પણ ભિન્ન ભિન્ન વર્ગોના છે, જેમ કે, શિક્ષકો/અધ્યાપકો/ કુલપતિઓ, સાહિત્ય સર્જકો, સંતો, ગાંધીજીવનદર્શન/સર્વોદયીઓ, રાજકારણીઓ, સરકારી ઉચ્ચ અધિકારીઓ, ઉદ્યોગપતિઓ, પત્રકારો, ડૉક્ટરો, એન્જિનિયરો, બિનનિવાસી ભારતીયો, વતનના હમસફર સાથીઓ, પરિવારજનો વગેરે. આ દર્શાવે છે કે તેમનું કાર્યક્ષેત્ર વ્યાપક ફલક ઉપરનું અને તેટલું જ તાદાત્મ્યપૂર્ણ અને અસરકારક રહ્યું છે. આ સાથે જ એક ધ્યાનાર્હ બાબત એ છે કે ગ્રંથસ્થ સંસ્મરણોના લેખકો પૈકી શ્રી શાંતિલાલ ગઢિયા (પૃ. ૩૮૩) અને શ્રી હરેશ ધોળકિયા (પૃ.૪૨૪-૨૫) કે જેઓ ડૉ. મફતલાલ પટેલને ક્યારેય રૂબરૂમાં મળ્યા નથી, છતાં તેમના સાહિત્ય અને 'અચલા'ના માધ્યમથી ચિરપરિચિત અને પ્રભાવિત હોઈ હૃદયનો રાજીપો વ્યકત કરતાં સંસ્મરણો મોકલી આપ્યાં છે.

આ બધાં લખાણોમાંથી સાદ્યંત પસાર થતાં એક વાત સ્પષ્ટ ઉપસી આવે છે કે આ સૌએ મન મૂકીને ડૉ. મફતલાલ પટેલ વિશે લખ્યું છે, જેમાં તેમના વિશેના નિર્વ્યાજ સ્નેહભાવ અને આદરનાં સહજમાં દર્શન થાય છે. ડૉ. મફતલાલ પટેલના સંપર્કમાં આવેલાં વિવિધ ક્ષેત્રોની વિચારશીલ વ્યક્તિઓને શોધીશોધીને તેમનાં સંસ્મરણો મેળવવામાં અને આ પૈકી કેટલાંકની રૂબરૂમાં મુલાકાત લઈને તેમનાં સંસ્મરણોને શબ્દબદ્ધ કરવા માટેનો સંપાદકશ્રીનો ધ્યેયનિષ્ઠ પ્રયાસ અને અભિગમ અભિનંદનીય અને પ્રેરણાદાયી બની રહે છે. પરિણામે ચરિત્રનાયક ડૉ. મફતલાલ પટેલને ઓળખવા/સમજવા માટે આ ગ્રંથ એક મૂલ્યવાન સ્રોત બની રહે છે. આ બધાં લખાણોમાં પ્રાયઃ તેમનાં સેવાકાર્યો, ઉમદા પ્રકૃતિ, શિક્ષણ, 'અચલા', પોતાના વતન કડાના સાર્વજનિક પુસ્તકાલયનો ક્રિયાશીલ જિર્ણોદ્ધાર કરવો વગેરે સંદર્ભે ભરપૂર લખાયું છે. આ સાથે જ તેમનું એક મોટું જમાપાસું એ તેમની લેખન-પ્રવૃત્તિ છે. તેમણે શિક્ષણ, નવી શિક્ષણનીતિ, મનોવિજ્ઞાન, હિન્દી સાહિત્ય, વ્યક્તિત્વ વિકાસ, ચરિત્ર વગેરે વિશે ૬૦થી અધિક કૃતિઓનું સર્જન કર્યું છે અને તેમના વિશે પણ ૮ ગ્રંથો પ્રકાશિત થયા છે. અહીં તેમના સાહિત્ય-સર્જન વિશે પ્રમાણમાં ઓછા લેખોમાં વિચાર-વિમર્શ કરવામાં આવ્યો છે. આ પરિસ્થિતિમાં ડૉ. મફતલાલ પટેલ કૃત અને તેમના વિશેના સાહિત્યની **શાસ્ત્રીય વાઙ્મયસૂચિ** તથા **જીવન ઘટનાક્રમ** આપવામાં આવ્યો હોત તો ડૉ. મફતલાલ પટેલના ભાવિ સાહિત્ય સંશોધકો અને જિજ્ઞાસુઓ માટે બહુવિધ રીતે ઉપકારક બની રહેત.

**ડૉ. મફતલાલ પટેલ વિશેનાં કેટલાંક મંતવ્યો :**

● પૂજ્ય મફતકાકાનું જીવન સંઘર્ષનું સોપાન એટલે ચારિત્ર્યનિર્માણ અને રાષ્ટ્રપ્રેમની નક્કર પીઠિકા ઉપર શિક્ષણની અટ્ટાલિકાનાં નિર્માણનો સંઘર્ષ છે. તેમનો પ્રત્યેક શ્વાસ જીવનઆદર્શ, સૌજન્ય, સંસ્કાર અને સુલેહનાં તાણાંવાણાંમાંથી આવૃત છે... જ્યારે મળવાનું થાય ત્યારે તેમનામાં રહેલી બાળસહજ સરળતા, સહજતા, મૌલિકતા અને તેમનાં પવિત્ર હૃદયનાં જ દર્શન થાય'.

**- સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી**

● સમાજ સુધારાથી માંડીને લોકસેવાનું કાર્ય કરવું, મનોવિજ્ઞાન અને સંસ્કૃતના ઊંડા અધ્યયનની સાથોસાથ કન્યાકેળવણીની હિમાયત કરવી અને સત્યનિષ્ઠા અને પ્રતિબદ્ધતાથી જીવન જીવવું એ ડૉ. મફતલાલ પટેલના જીવનમાં જોવા મળે છે. - **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

● શિક્ષક અને સર્જક મટી 'રાજકારણી' બનવા પ્રેરાયા, એ એમના જીવનની સૌથી મોટી ભૂલ હતી... કળિયુગમાં ભૂલો પડેલો આ સતયુગનો જીવ - એક ઓલિયો કશી જ અપેક્ષા વગર નિરંતર તપ કરી રહ્યો છે. - **ડૉ. કેશુભાઈ દેસાઈ**

● **પ્રા. તુલસીભાઈ પટેલ,** ડૉ. મફતભાઈના વ્યક્તિત્વને ત્રણ વિભાગો : ૧. અંતર્મુખી, ૨. બહિર્મુખી અને ૩. ઉભયમુખી વ્યક્તિત્વમાં વિભાજિત કરીને તેમના ઘડતરમાં ત્રણ મુખ્ય પરિબળો કારણભૂત ગણાવે છે : ૧. સંઘર્ષમય બાલ્યાવસ્થા, ૨. વ્યાપક અધ્યયન તથા ચિંતન અને ૩. મનોવિજ્ઞાનનું ગહન અધ્યયન અને તદ્નુરૂપ આચરણ. આ ઉપરાંત સમાજમાં પ્રવર્તિત અજ્ઞાનનાં અંધારાં ઉલેચવા માટે તેમના ગામના શતાબ્દી પૂર્ણ કરી ચૂકેલ અને પ્રાયઃ મૃતપ્રાય સાર્વજનિક ગ્રંથાલયને યૌવનસમૃદ્ધ અને ક્રિયાશીલ ગ્રંથાલય તરીકે ઉદ્ધાર કરવાના કાર્યની મફતભાઈના શ્રેષ્ઠ ભાવિ સ્મારક તરીકે ગણાવ્યું છે.

● ડૉ. મફતભાઈ પટેલ કોઈ વ્યક્તિ નહીં, પરંતુ હરતી-ફરતી યુનિવર્સિટી છે. તેઓ અધ્યાપક છે. સંશોધક છે. ઇતિહાસકાર છે, અનેક ભાષાઓના વિદ્વાન છે, શ્રેષ્ઠ વક્તા છે, કેળવણીકાર છે અને સૌથી વિશેષ તો તેઓ શ્રેષ્ઠ માનવ છે.... આજે આવી વ્યક્તિઓ દીવો લઈને શોધીએ તા પણ ના મળે. - **પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ**

● કર્મઠ શિક્ષકના વ્યક્તિત્વને શબ્દોથી ન્યાય આપવો શક્ય નથી તેમની સાધના યાત્રાને જેઓએ નજીકથી નિહાળી છે, તે સૌને આશ્ચર્ય થાય છે કે, તેઓએ આટલું વિશાળ કાર્ય કઈ રીતે કર્યું હશે ? - **પ્રવીણ લહેરી**

● 'ગાંધીવાદી ન કહેવાય છતાં ગાંધીજીની વિચારધારાનો રંગ જેમના મન-હૃદયમાં સ્વતઃ રસાઈ ગયો છે, તેવા અચલ કર્મયોગી મફતભાઈ તો જીવનભર 'આત્મનિર્ભર' રહ્યા છે અને તે પણ **'તેન ત્યકતેન ભુંજીથાઃ'** ત્યાગ કરીને ભોગવવાની વૈદિક વિચારધારાને વરેલા છે. - **ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ**

● 'ગાંધી, વિનોબા અને અન્ય મહાપુરુષોના અધ્યયનકર્તા તેમજ એ સૌ કથિત મૂલ્યોને ધરતી ઉપર ઉતારવા પ્રવૃત્ત જીવ' - **મનસુખ સલ્લા**

● ડૉ. મફતભાઈ સદા જાગ્રત અને સતત ચિંતનશીલ એવી એક વિશિષ્ટ પ્રતિભા છે. શિક્ષણનું ક્ષેત્ર હોય કે સમાજસેવાનું, તેઓ વિવિધ ક્ષેત્રોમાં સતત ચિંતન કરતા રહ્યા છે અને એ ક્ષેત્રોમાં રહેલ ક્ષતિઓ પ્રત્યે સમાજને જાગ્રત કરતા રહ્યા છે. ગુજરાતના શિક્ષણની દેખીતી અવદશાથી તેઓ વ્યથિત છે. - **પ્રિ. સોમાભાઈ પટેલ**

● પપ્પા તમારો પ્રેમાળ સથવારો એ જ અમારા જીવનની અનુપમ સિદ્ધિ છે. - **અનાર પટેલ**

સમગ્રતયા પ્રસ્તુત ગ્રંથ એ પૂ. મોરારિબાપુનાં આશીર્વાદ : ''શિક્ષણ અને સમાજસેવાને સમર્પિત માનવતાવાદી પ્રતિભાપુરુષ વિશેની સાચી માહિતી આ ગ્રંથ વડે સૌને ગ્રંથયુકત કરવાનું કામ કરશે. આપ સૌનો આ પ્રયાસ પ્રસાદ બની રહે એવી પ્રાર્થના'' નું તેની મૂલ્યવત્તાને ધ્યાને લેતાં સાચા અર્થમાં સાકાર સ્વરૂપ છે. ગ્રંથસ્થ લેખોની સાથે જ ડૉ. મફતલાલ પટેલ અને તેઓશ્રી જેમની સાથે સંપર્કમાં આવ્યા તે પૈકીના કેટલાકની સાથેના ફોટાઓ તથા પ્રત્યેક સંસ્મરણ-લેખના લેખકનો ફોટો કુલ મળીને ૨૦૧ ફોટાઓ સુલભ કરાવીને ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય વધારી આપવું, ગ્રંથસ્થ સંસ્મરણોના લેખકોના પ્રથમ નામના અકારાદિક્રમમાં બધા જ લેખોની ગોઠવણી, ઉચ્ચ ગુણવત્તાવાળા આર્ટપેપર ઉપરનું પ્રભાવક મુદ્રણ ૬૪ કલાત્મક અને ધ્યાનાકર્ષક ફોટાગ્રાફ અને તેની ગૂંથણી, બાઇન્ડિંગ વગેરે અદ્ભુત અને મનમોહક છે. આવા પ્રેરણાદાયી અને ધ્યાનાકર્ષક ગ્રંથના સંપાદન માટે શ્રી દધિચી ઠાકર અને આ સાથે જ ચરિત્રનાયકના ઉદાહરણસ્વરૂપ ઉમદા વ્યક્તિત્વને ઉજાગર કરવા માટેનો દૂરદર્શી વિચાર અને તેને ક્રિયાન્વિત કરવા માટે તેમનાં પરિવારજનો - સવિશેષતઃ શ્રી હીનાબહેન અને શ્રી સંજયભાઈ તથા શ્રી અનારબહેન અને શ્રી જયેશભાઈ વગેરે સૌ - વિશેષ અભિનંદનનાં અધિકારી બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

●

**અનોખા માનવરત્ન અને સવાયા જીવનશિલ્પી અનિલભાઈ પટેલ / સંપાદક : ભિખેશ ભટ્ટ, રમેશ તન્ના અને અનિતા તન્ના.** મહેસાણા : શારદાબેન અનિલભાઈ પટેલ અને પરિવાર (૩, આદર્શ સોસાયટી, હાઈવે, મહેસાણા-૩૮૪૦૦૨), ૨૦૨૦. xviii+ 344; ૩૧૫ રંગીન ફોટા; ૨૮ X ૧૮.૫ સેમી.

સ્વ. અનિલભાઈ પટેલ (૧૯૪૪-૨૦૧૮) એટલે ઉદ્યોગ, શિક્ષણ, રાજકારણ, સમાજકારણ, ધર્મકારણ વગેરે

ક્ષેત્રોનું ગુજરાતનું અને સવિશેષતઃ મહેસાણા-પાટણ જિલ્લાનું એક પ્રોજ્જવલતમ ગૌરવશિખર અથવા કહીશું કે મહેસાણાના જનનાયક. તેમણે સમાજજીવનનાં જે જે ક્ષેત્રોમાં પ્રવેશ કર્યો તે તે ક્ષેત્રોને તેમનાં ઉમદા સંકલ્પબદ્ધ આચાર-વિચાર થકી અને ખાસ તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને અભિપ્રેત એવી ટ્રસ્ટીશિપની ભાવનાને સાચા અર્થમાં આત્મસાત કરીને રળિયાત કર્યાં છે. આ ઉપરાંત પિતાના આદર્શો-સમાજસેવાના સંસ્કારવારસાને ચરિતાર્થ કરવા તેમજ વતનવાસીઓનું ઋણ અદા કરવા માટે અમેરિકામાં સ્થાયી થવાનો મોહ ત્યજીને વતન પરત થયા અને પોતાના ઉદ્યોગ/વ્યવસાયની સ્થાપના અને કલ્પનાતીત વિકાસ સાધવાની સાથે સાથે સમાજ પ્રત્યે ઉત્તરદાયિત્વની ભાવના સાથે જીવનપર્યંત સમર્પિત બની રહી મૂઠી ઊંચેરું સ્મરણીય પ્રદાન કરતા ગયા. પરિણામસ્વરૂપે તેમની રીતિ-નીતિઓ આજે દીપસ્તંભ સમાન એક પ્રમાણ બની રહી છે. આવા કાલજયી પ્રતિભાસંપન્ન સમાજસેવી અનિલભાઈ પટેલ દિવંગત થતાં તેમનાં આચાર-વિચાર અને સંપન્ન કરેલાં કાર્યો અર્થાત્ તેમના જીવન અને બહુઆયામી પ્રદાનને શબ્દબદ્ધ કરીને – દસ્તાવેજીકરણ કરીને **'અનોખા માનવરત્ન અને સવાયા જીવનશિલ્પી અનિલભાઈ પટેલ'** શીર્ષક હેઠળ પ્રકાશિત કરવાનો શારદાબહેન અનિલભાઈ પટેલ અને પરિવારનો આ દૂરંદેશીતાશીલ ઉદાહરણ સ્વરૂપ પ્રયાસ સર્વથા અભિનંદનીય બની રહે છે. અહીં ખાસ ધ્યાનાર્હ બાબત તો એ છે કે સામાન્યતઃ અભિવાદન કે સ્મૃતિગ્રંથોમાં જોવા મળતાં વ્યક્તિવિશેષનાં રંગદર્શી ગુણગાનની ભરમારના સ્થાને અહીં ચરિત્રનાયકના વ્યક્તિત્વ અને પ્રદાનને વાસ્તવના ધરાતલ પર મૂલવતા/ઉજાગર કરતા લેખો પ્રબુદ્ધ સંપાદકોની ચાળણીમાંથી ચળાઈને રજૂ કરવામાં આવ્યા હોઈ તેના વાચકને વ્યક્તિત્વઘડતર, સમાજઘડતર અને રાષ્ટ્રઘડતર માટે ચિંતનશીલ વિચારભાથું પૂરું પાડવાની સાથે તેને તેમ કરવા ઉદ્યત કરે તેટલા પ્રાણવાન જોવા મળ્યા છે અને તેથી જ લેખક-સંપાદક-ત્રયીનો આ પ્રપત્તિભાવપૂર્વકનો વિદ્યાકીય પુરુષાર્થ શ્લાઘનીય બની રહે છે.

પ્રાપ્ત સંસ્મરણ-લેખોને 'પરિવારજનોની ભાવવંદના' અને 'મિત્રો-સ્વજનોની ભાવવંદના' વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. **પરિવારજનોની ભાવવંદના** અંતર્ગત પોતાનાં કુટુંબીજનો કૃત ૧૭ લેખો સમાવિષ્ટ છે, જેમાં પ્રથમ દૃષ્ટિએ જ કુટુંબમાં જીવાતા 'રામાયણ'ના આદર્શની સહજમાં અનુભૂતિ થાય છે. પ્રત્યેક ચરિત્રએ અનિલભાઈ પ્રતિ સંવેદનાને જે વાચા આપી છે, પોતાના વિકાસમાં તેમના ફાળા વિશે હૃદય ખોલીને જે વાતો ઉજાગર કરી આપી છે, ગદ્ગદિત હૈયે અને ભીનીઆંખે જે ભાવવંદના કરી છે તે તેના વાચકને પણ ભીંજવી જાય તેટલી ભાવપ્રવણ છે. કોઈ સંવેદનશીલ વાચક અનિલભાઈને રોલ-મોડેલ સ્વીકારીને પોતાનામાં પડઘો સાંભળશે કે 'અલ્યા તેં કુટુંબ માટે શું કર્યું ? કુટુંબમાં તારું સ્થાન શું ?', વગેરે. આ સાથે જ આપણે વિવિધ સંસ્મરણોના માધ્યમથી કુટુંબની આર્થિક, સામાજિક સ્થિતિ, પિતા ત્રિભોવનભાઈ અને મોટા બાપુજી વીરચંદભાઈની સમાજાભિમુખતા અને સમાજ માટે કરી છૂટવાની ભાવના, ગામ અને સમાજનો પ્રાપ્ત સહયોગ, ઍપોલો ઉદ્યોગગૃહની વિકાસયાત્રા, કુટુંબના વડા તરીકે અનિલભાઈ, અનિલભાઈના વ્યક્તિત્વની લાક્ષણિકતાઓ વગેરે સંબંધી વૈવિધ્યસભર માહિતી મળી રહે છે. તેમના પરિવારના સૌથી મોટાભાઈ (પિતરાઈભાઈ) મણિભાઈએ અનિલભાઈને આપેલ ભાવસભર શ્રદ્ધાંજલિમાં નોંધેલ શબ્દો છે ''તેઓ મારો એક પણ બોલ ક્યારેય ઉથાપે નહીં. મને ખૂબ માન અને આદર આપે. તેમણે એપોલોને એક ફૅક્ટરીમાંથી કંપની બનાવી દીધી... એમનામાં એવી ભાવના હતી કે અમદાવાદમાં શિક્ષણ ક્ષેત્રમાં જે કામ ત્યાંના મહાજનોએ કર્યું છે એવું કામ આપણે મહેસાણા વિસ્તારમાં કરવાનું છે''માં અનિલભાઈનાં ઉમદા ચરિત્ર, ક્ષમતાઓ અને સમાજહિતનાં સ્વપ્નાંનો પડઘો સંભળાય છે. આ વિભાગમાં સર્વાંશે કુટુંબના મોભી તરીકે અનિલભાઈએ સહજતાથી – કોઈ જાતના ભાર સિવાય - સંપન્ન કરેલ ફરજો અને અન્ય આનુષંગિક બાબતો વિશે સરસ માહિતી મળી રહે છે. આ ઉપરાંત આ લેખો થકી તેમના બૃહદ કુટુંબનો પણ પરિચય મળી રહે છે.

**મિત્રો-સ્વજનોની ભાવવંદના** અંતર્ગત સમાજજીવનનાં વિવિધ-ક્ષેત્રોની પ્રતિભાઓ, સહકાર્યકરો/સમાજયજ્ઞના ઋત્વિજો વગેરેના ૩૮ સંસ્મરણાત્મક લેખો કે જેમાં અનિલભાઈ સાથેના કાર્યાનુભવો, બુદ્ધિ-પ્રતિભા, સમાજનિષ્ઠા, ઉત્તરદાયિત્વના નિર્વાહની સભાનતા વગેરે અને આ સાથે જ માનવીય સંવેદનશીલતા વગેરે ઉજાગર કરવામાં આવી છે, જે તેમને જનનાયક તરીકે ઓળખવા પર્યાપ્ત બની રહે છે. જેમાં વિશેષ ઉલ્લેખનીય છે પ્રબુદ્ધચિંતક અને કર્મયોગી સંત સ્વામી સચ્ચિદાનંદજી, ગણપત યુનિવર્સિટીના અસ્તિત્વના સહયોગી, મોટા દાનવીર તથા પ્રથિતયશના અધિકારી શ્રી ગણપતભાઈ પટેલ, ઉત્તર ગુજરાતનું ગૌરવ એવા વૈજ્ઞાનિક અને દાતા શ્રી દશરથભાઈ પટેલ, દાતાશ્રી અંબુભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને કુશળ પ્રશાસક શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, ઉમિયા માતાજી સંસ્થાનને સમર્પિત સમાજસેવક શ્રી

મણિભાઈ પટેલ 'મમ્મી', મહેસાણાની કૉમર્સ કૉલેજના વિચક્ષણ આચાર્ય શ્રી માધુભાઈ પટેલ, પ્રખર બૌદ્ધિક અને ઉચ્ચ સનદી અધિકારીઓ સર્વશ્રી પ્રવીણ લહેરી અને ડી. રાજગોપાલન, સહકાર્યકર જનાર્દન રાવલ અને ધર્મેશ મશરૂ, સહપાઠી અને મિત્રવર્ય દેવ ચૌધરી (યુએસએ) વગેરેએ અનિલભાઈને જે નજીદીકથી ઓળખ્યા છે, તેમની પ્રતિભાને પિછાણીને મુક્તકંઠે સરાહના કરી છે તે ખરે જ દૃષ્ટવ્ય બની રહે છે. અહી ગ્રંથસ્થ પ્રત્યેક સંસ્મરણ-લેખ અનિલભાઈની ઓળખના દસ્તાવેજ સમાન છે. અહીં અનિલભાઈ સાથેના સંબંધો અને તેમની ખાસિયતો વર્ણવવાની સાથે સાથે મહેસાણા જિલ્લામાં શિક્ષણની સ્થિતિ, શિક્ષણધામ સર્વ વિદ્યાલય, કડી, વિદ્યાનગરની બી વી એસ, મહેસાણાનો ઔદ્યોગિક વિકાસ, અર્બન બૅંકની સ્થાપના, ગણપત યુનિવર્સિટીની સ્થાપનાનો ઇતિહાસ, મહેસાણાનું રાજકારણ, મંત્રીશ્રીઓની માનસિકતા વગેરે વિશેની અલપ-ઝલપ માહિતી આડપેદાશ તરીકે સુલભ થાય છે, જે પ્રત્યક્ષદર્શી હોઈ દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે.

ગણપત યુનિવર્સિટીની સ્થાપનાથી શરૂ કરી આજદિન સુધી રૂ. ૪૦ કરોડનું દાન આપનાર અને આવશ્યકતાનુસાર આ દાનની રકમ રૂ. ૧૦૦ કરોડ સુધી લઈ જવાની ખેવના ધરાવનાર અમેરિકા સ્થિત (ગણપત યુનિવર્સિટીને તપોભૂમિ તરીકે આત્મસાત કરીને પ્રાયઃ યુનિવર્સિટીમાં જ નિવાસ કરતા) ઉદ્યોગપતિ, દાતાવર્ય અને આ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ **શ્રી ગણપતભાઈ પટેલે** અનિલભાઈ સાથેના સંબંધોના માધુર્યની વિકાસગાથા મોકળાશથી વર્ણવતાં તેમના બહુઆયામી વ્યક્તિત્વને ઉજાગર કરી આપતાં નોંધેલ શબ્દો : ''અનિલભાઈની લોકો જોડે કામ કરવાની ટૅક્નિક જબરજસ્ત હતી. એમનો ટીમ સ્પિરિટ જસ્ટ અમેઝિંગ. એ સતત વિચારતા હતા કે ગામડાંના લોકોએ જે પૈસા આપ્યા છે એ પરત કરવા જોઈએ. એ ભાવના જ તેમને અમેરિકાથી ભારત લઈ આવી હતી. જો મને અનિલભાઈ ના મળ્યા હોત તો હું ના કરી શકત. હું તો કહું છું કે આ યુનિવર્સિટીનું સાચું નામ 'અનિલ યુનિવર્સિટી' હોવું જોઈએ. આખા મહેસાણા જિલ્લાનો – સમગ્ર ઉત્તર ગુજરાતનો જો વિકાસ થયો હોય તો અનિલભાઈને લીધે. અનિલભાઈ હોય તો જ મહેસાણામાં અર્બન બૅંક થાય. અનિલભાઈ મારા સૌથી નજીકના સ્પેશિયલ મિત્ર છે.'' અનિલભાઈને ઓળખવા પર્યાપ્ત બની રહે છે. આવો, કેટલાક વિચારશીલ પુરુષોએ અનિલભાઈને કઈ રીતે ઓળખ્યા છે તે જોઈએ :

● મારી કારકિર્દીમાં આટલો હોશિયાર અને આદર્શ વિદ્યાર્થી મેં જોયો નથી. - **વિશ્વનાથ જેઠાલાલ રાવલ,** પ્રાથમિક શાળાના શિક્ષક

● અનિલભાઈ અમેરિકા ગયા ભણવા માટે. ભણીને પરત વતનમાં આવ્યા અને સમગ્ર સમાજનું ઋણ અદા કર્યું. એન્જિનિયર અને ઉદ્યોગપતિ તરીકે સફળ થયા. રાષ્ટ્રને ફાયદો થાય તેવી નવી નવી શોધ કરી અને ઉદ્યોગપતિ તરીકે પણ સેંકડો લોકોને રોજગારી આપી. તેમણે વારસામાં મેળવેલા સમાજસેવાના સંસ્કારને દીપાવ્યા.

**- સ્વામી સચ્ચિદાનંદ**

● Anilbhai Patel was an outstanding public servant who loved Gujarat. He contributed greatly towards the state's growth as a Minister, MLA, Industrialist and Educationist. His affable personality will always be remembered.

**- Narendra Modi,**
Prime Minister of India

● Though we meet many people in life, only few of them touch our hearts with their sincerity, simplicity and strength. Shri Anilbhai was one such rare person. As a respresentative of the people, Shri Anilbhai was always conscious of the fact that such high public office is a trusteeship of the people. In fact, he combined tradition and technology to create value in whatever he did. **- Pravin Laheri**

● Anilbhai stood out to be a politician with a difference, primarily because of his desire to give importance to public good over his personal political benefit. Initially while framing the Industrail, Mining, and Tourism Policies, I realized the richness of his knowledge, the depth of understanding of the problems of these sectors and his active interaction and interactive approach with all the stake holders of these sectors.

**- D. Rajgopaln**

● સૌને સાથે રાખવાની એમની આવડતનું એક નાજુક કારણ એમની માણસના સ્વભાવને જાણવા-સમજવાની કુનેહ હતી. અનિલભાઈ જેવા સેવાભાવી, ઉમદા અને દૃષ્ટિવંત માણસની આપણને હંમેશાં ખોટ વર્તાશે.

**- દશરથભાઈ પટેલ**

● પદ, પ્રતિષ્ઠા, મોભો કોઈની તેમને ખેવના નહોતી. શિક્ષણ દ્વારા સમાજ ઉત્કર્ષ એ જ તેમની ઝંખના. જરૂરી હોય તેટલું જ બોલવું એ તેમની પ્રકૃતિ હતી. સાચી વસ્તુ સમજવી અને તેનું યોગ્ય નિવારણ લાવવું તે તેમનો જીવનમંત્ર હતો.

**- વલ્લભભાઈ એમ. પટેલ**

આગળ ઉપર નિર્દેશ કર્યા મુજબનાં સંસ્મરણોમાં ક્વચિત્ અપવાદ બાદ કરતાં પ્રત્યેકે પ્રાયઃ અનિલભાઈના વ્યક્તિત્વ/કાર્યક્ષેત્રનાં કોઈ એક અથવા કેટલાંક પાસાંઓ વિશે પોતે જેવા અનુભવ્યા તે વિશે નોંધ્યું છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ બધાં સંસ્મરણોનું આગવું મૂલ્ય છે જ. આમ છતાં જનનાયક અનિલભાઈના અખંડ જીવનચરિત્રની આવશ્યકતાને ધ્યાને લઈને લેખક-સંપાદકો દ્વારા અનિલભાઈનું દસ્તાવેજી ચરિત્ર ગ્રંથારંભે 'જીવનયાત્રા' શીર્ષક હેઠળ કાળક્રમાનુસાર ૯ પ્રકરણોમાં વિભાજિત કરીને ૮૯ પૃષ્ઠોમાં આપવામાં આવ્યું છે, જેમાં સંપાદકોની દીર્ઘદૃષ્ટિ અને ખોજી પ્રકૃતિનાં દર્શન થાય છે. આ સ્વાભાવિક પણ છે, કારણ કે આ ત્રણેય વ્યવસાયે પત્રકાર છે, તેમજ સાહિત્ય-સર્જકો પણ છે. જીવનચરિત્ર એ લલિતસાહિત્યનું સ્વરૂપ હોવાની સાથે ઇતિહાસ પણ છે, તેની સભાનતા સાથે આ ચરિત્ર તૈયાર કર્યું છે. વળી, આ સંપાદકો પૈકીના ભિખેશ ભટ્ટ તો ગણપત યુનિવર્સિટીના સ્થાપનાકાળથી જ જોડાયેલા હોવાથી અનિલભાઈના જીવનના બહુઆયામી પાસાંથી સુપરિચિત પણ રહ્યા છે, જેની પ્રતીતિ આ ચરિત્રમાંથી પસાર થતાં થાય છે. અનિલભાઈની હયાતી દરમિયાન તેમની સાથે થયેલા સંવાદો અને અન્ય સંબંધિતોને મળીને અનિલભાઈ વિશે તારવેલ અને સારવેલ દસ્તાવેજી માહિતી ઉપરાંત અનિલભાઈના પિતાશ્રી વીર શહીદ ત્રિભોવનદાસ પટેલના જીવન અને તત્કાલીન આર્થિક - સામાજિક - શૈક્ષણિક - રાજકીય પરિવેશનું આલેખન પણ સંપાદકોની સૂઝ-બૂજ અને નિષ્ઠાનું દ્યોતક બની રહે છે. આ સાથે જ પ્રત્યક્ષ પ્રમાણ પૂરું પાડતા ૩૧૫ જેટલા ફોટોગ્રાફ્સની ગૂંથણી પણ ધ્યાનાર્હ બની રહે છે.

સમગ્રતયા જનનાયક અનિલભાઈનાં જીવન અને કાર્યોને પ્રસ્તુત સ્મૃતિગ્રંથ – Commemoation volumeના માધ્યમથી ઉજાગર કરવા માટે અનિલભાઈનાં પરિવારજનો અને સંપાદકો અભિનંદનનાં અધિકારી બની રહે છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

### ઔદ્યોગિક મુલાકાત

● વીપીએમપી પોલિટેક્નિકના ઇલેક્ટ્રોનિક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા તા. ૨/૫/૨૦૨૨ ના રોજ ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને ગેલોપ્સ ઇડસ્ટ્રિઅલ એસ્ટેટ, ચાંગોદર ખાતે સ્થિત AC Drives Private Limitedની એક દિવસીય મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ મુલાકાતનો હેતુ Steeper Motor, PWM Technique, PLC અને AC drives ની સમજ કેળવવાનો હતો. કાર્યક્રમ દરમિયાન કંપનીના ઇજનેર શ્રી જયસુખ ભોજાણીનો હાર્દિક સહકાર પ્રાપ્ત થયો હતો.

### છાત્રાલય

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગરની તમામ હોસ્ટેલોના ૫૦ જેટલા ગૃહપતિઓ - ગૃહમાતાઓ ઉપરાંત સેકટર-૭ ખાતે આવેલા શ્રી જે. એમ. ચૌધરી શિક્ષણ સંકુલની બે પ્રતિનિધિ ગૃહમાતાઓ સહિતનો પરિસંવાદ તા. ૧/૫/૨૦૨૨ ના રોજ ગાંધીનગરના સેકટર-૨૩ ના કેમ્પસમાં યોજાઈ ગયો. જેમાં મુખ્ય વકતા તરીકે ગાંધી વિચાર પ્રેરિત સંસ્થાઓ - જેવી કે ગ્રામભારતી - અમરાપુર, ગુજરાત વિદ્યાપીઠ ઈત્યાદિ સંસ્થાઓમાં શિક્ષણ અને છાત્રાલય સંચાલનનું ઉત્તમોત્તમ કાર્ય કરી અનુભવ સમૃદ્ધ પૂર્વ પ્રાચાર્ય શ્રી સરતાનભાઈ દેસાઈએ છાત્રાલય સંચાલન અને છાત્રાલય વ્યવસ્થાના અનુભવો રજૂ કર્યા હતા. સંસ્થાના સંયુકત કેમ્પસ ડાયરેકટર ડૉ. કેયુરભાઈ શાહ અને સેકટર-૨૩ ના કુમાર છાત્રાલયના સંયુકત હોસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ શ્રી દશરથભાઈ પટેલની ઉપસ્થિતિમાં સંસ્થાના અન્ય વકતાઓ શ્રી કૌશલ્યાબહેન પરીખ, ડૉ.

વીણાબેન પટેલ, શ્રી કુમારભાઈ પંડ્યા અને કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલે છાત્રાલય વ્યવસ્થાના પોતપોતાના અનુભવો વર્ણવ્યા હતા.

### થેલેસેમિયા ટેસ્ટ

● યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશન, નવી દિલ્હી અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદની માર્ગદર્શિકા અનુસાર વીપીએમપી પોલિટેક્નિક દ્વારા દર વર્ષે પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓ માટે નિ:શુલ્ક થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવે છે. આ અંતર્ગત તા. ૫/૫/૨૦૨૨ ના રોજ રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદના સહયોગથી બીજા સેમેસ્ટરના વિદ્યાર્થીઓનો થેલેસેમીયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે આ ટેસ્ટનું શુલ્ક સંસ્થા દ્વારા ચૂકવવામાં આવે છે. ટેસ્ટના રીપોર્ટ બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે કાઉન્સેલિંગ પણ રાખવામાં આવે છે.

### પ્રવેશોત્સવ

● શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિરનાં ભૂલકાંઓનું તા. ૧૩ જૂનના રોજ પ્રવેશોત્સવનું આયોજન કરી સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાની દેવી માતા સરસ્વતીનું પૂજન કરીને બાળકોને કુમકુમ તિલક કરવામાં આવ્યું. શ્રીમતી આર. જી. કન્યા હાઈસ્કૂલના આચાર્યશ્રી ગીતેશભાઈ પટેલ દ્વારા રિબીન કાપીને બાળકોને શાળામાં આવકાર્યાં. આ પ્રસંગે એક બાલિકાએ માતા સરસ્વતીની વેશભૂષામાં સજ્જ થઈને આશીર્વાદ પાઠવ્યા. શિક્ષકમિત્રો દ્વારા વેસ્ટમાં બેસ્ટ એવા સરસ મજાના ઘૂઘરા બનાવીને ભેટમાં આપ્યા.

### પ્રિ. પ્રાયમરીની શિક્ષિકાઓ માટે પ્રશિક્ષણ

● કડી તથા ગાંધીનગરની ગુજરાતી મિડિયમની પ્રિ. પ્રાયમરી વિભાગ તથા ક્રિએટિવ ઝોનના સંયુક્ત ઉપક્રમે તા. ૬ થી ૯ જૂન દરમિયાન કડી તથા ગાંધીનગર કૅમ્પસની શિક્ષિકાઓ માટે પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન ગાંધીનગર કૅમ્પસમાં વિભાગનાં ડાયરેક્ટર શ્રી કિરણબહેન પટેલ દ્વારા કરવામાં આવ્યું. આ અંતર્ગત તા. ૬ ના રોજ ડિજિટલયુગમાં બાળકોને ઉત્તમ શિક્ષણ આપી શકે તે હેતુ કમ્પ્યૂટર તાલીમ, તા. ૭ના રોજ વર્ગખંડ જીવંત તથા રસપ્રદ બનાવવા માટે બાળગીત તથા બાળવાર્તા ક્ષેત્રે આગવી ઓળખ બનાવનાર શ્રી રઘુભાઈ રમકડું દ્વારા તાલીમ, તા. ૮ના રોજ શ્રી દીપકભાઈ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓ, સંસ્થા તથા વાલીશ્રીઓ પ્રતિ શિક્ષિકાઓ હકારાત્મક અભિગમ કેળવે તે હેતુસર અને તા. ૮ના રોજ વર્ગખંડમાં સ્માર્ટબોર્ડનો ઉપયોગ કરવા વિશે શ્રી વિપુલભાઈએ સમજાવ્યું હતું.

### રમતગમત

● ખેલમહાકુંભ વર્ષ-૨૦૨૧-૨૨ની સ્પર્ધામાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળાનાં બાળકોએ વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ ગાંધીનગર મહાનગરપાલિકાની શ્રેષ્ઠ પ્રથમ ત્રણ શાળાઓ પૈકી દ્વિતીય ક્રમે પસંદગી પામી. પરિણામસ્વરૂપે આ શાળાને ૧૫,૦૦૦ રૂપિયાથી પુરસ્કૃત કરવમાં આવશે. આ ઉપરાંત જુદી જુદી સ્પર્ધાઓમાં વિજેતા બનેલા આ શાળાના વિદ્યાર્થીઓને પુરસ્કાર પેટે કુલ રૂ. ૨૨,૦૦૦ મળશે.

● આર. એન. લલિતકલા એકેડેમીમાં ચાલતા મમતા સ્પોર્ટ્સ સેન્ટર દ્વારા નોન સ્ટોપ રોલ સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન તા. ૨૨-૫-૨૨ના રોજ સંસ્થાની સ્કેટીંગ રીંક ઉપર કરવામાં આવ્યું. આ સ્પર્ધામાં ગાંધીનગર તથા અમદાવાદની શાળાઓના કે. જી.થી ધોરણ ૧૦ સુધીના ૨૦૦ જેટલાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધાનું નિદર્શન અને કોચિંગ કોચ વસીમ મનસુરી દ્વારા કરવામાં આવ્યું હતું.

### વ્યસન-મુકિત પરિસંવાદ

● બાળ-પ્રવૃત્તિ વિભાગ અક્ષરધામ, ગાંધીનગરના સહયોગથી તા. ૧૬/૫/૨૦૨૨ ના રોજ વીપીએમપી પોલિટેક્નિકના બીજા અને ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે વ્યસન મુકિત અંગેનો પરિસંવાદ હયુમેનિટિઝ એન્ડ સાયન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં બી.એ.પી.એસ., અક્ષરધામ ખાતેથી પરમ પૂજ્ય ઉત્તમ સ્વરૂપ સ્વામી અને પૂજ્ય દિવ્ય સંકલ્પ સ્વામીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. યુવાનોમાં વધતા જતા વ્યસન અને તેનાથી થતી શારીરિક, માનસિક, આર્થિક અને સામાજિક સમસ્યાઓ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બાળ પ્રવૃત્તિ વિભાગનાં બાળકો દ્વારા નાટકની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી.

### સર્કિટ ડિઝાઈન કાર્યશિબિર

● વીપીએમપી પોલિટેક્નિકના ઇલેક્ટ્રોનિકસ ઍન્ડ કમ્યુનિકેશન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા તા. ૨/૫/૨૦૨૨ ના

રોજ ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે સર્કિટ ડિઝાઈન અને પીસીબી ડિઝાઇનિંગ અંગેની કાર્યશિબિર યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓને PCB અને PWB વચ્ચેનો તફાવત, અલગ અલગ તરહના PCB મટિરિઅલ્સ, અને ડેવલપમેન્ટ ટૂલ્સની માહિતી આપવામાં આવી હતી.

### વિશ્વકોશ અને લેક્સિકનના જોડાણ

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં ૧૨ મે, ૨૦૨૨ના રોજ એક ઐતિહાસિક ઘટના બની. ગુજરાત વિશ્વકોશ અને ગુજરાતી લેક્સિકનનાં જોડાણનો શુભઅવસર ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે સંપન્ન થયો. પ્રારંભમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ ગુજરાતી વિશ્વકોશની પ્રવૃત્તિઓ, ભાષાનું મહત્ત્વ વગેરે વિશે વાત કરી. આજે અનોખી વિશ્વસંસ્કૃતિ આકાર લઈ રહી છે, ત્યારે ગિરા ગુર્જરી એ વિશ્વગુર્જરી બની છે અને તેથી ગુજરાતી વિશ્વકોશ (એન્સાઇક્લોપીડિયા) અને ગુજરાતી લેક્સિકન હવે કદમથી કદમ મિલાવીને એક સાથે કામ કરીને ગુજરાતી ભાષાના પ્રસાર, પ્રચાર અને ઉત્કર્ષ માટે પ્રયત્ન કરશે. વિશ્વકોશનાં ૧૭૦ વિષયનાં ૨૬,૦૦૦થી વધુ લખાણો ઑનલાઇન વિશ્વકોશ દ્વારા ઉપલબ્ધ છે અને દર મહિને એક લાખ લોકો એમાંથી માહિતી પ્રાપ્ત કરે છે. વળી આ લખાણો એના શીર્ષકથી, લેખકના નામથી અને વિષયથી સર્ચ કરી શકાય છે. તેમજ કમ્પ્યૂટર, લેપટોપ અને મોબાઇલમાં એ પ્રાપ્ત થાય છે. ગુજરાતી લેક્સિકનના પ્રેરક અને શિલ્પી શ્રી રતિભાઈ ચંદરયાની સ્મૃતિમાં આજે એમના જન્મશતાબ્દીના વર્ષે પ્રતિવર્ષ બે એવોર્ડ આપવાનું જાહેર કરીએ છીએ. જેમાં એક એવોર્ડ ગુજરાતી ભાષા સાહિત્યમાં ડિજિટલ ક્ષેત્રે મહત્ત્વની કામગીરી કરનારને અને બીજો એવોર્ડ ભાષા-બોલી, કોશસર્જન અને ભાષા-વિજ્ઞાનમાં મહત્વનું કાર્ય કરનાર વ્યક્તિ કે સંસ્થાને આપવામાં આવશે. ‘ભાષા રક્ષિતઃ રક્ષિતા’ તમે ભાષાનું રક્ષણ કરો અને ભાષા તમારું રક્ષણ કરશે. જ્યારે જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી મુકેશભાઈ શાહે ગુજરાતી લેક્સિકનના પ્રણેતા શ્રી રતિભાઈ ચંદરયા વિશે આરંભમાં વાત કરી અને કહ્યું કે, રતિભાઈએ જિંદગીનો ભોગ આપીને ભાષાનું કામ કર્યું છે. ગુજરાતી સાહિત્ય માટે વિરલ ઘટના આજે બની કે બે સંસ્થાઓનું જોડાણ થઈ રહ્યું છે. રતિભાઈ ચંદરયા લોકોના હૃદયમાં ઉદ્યોગપતિ નહીં, પણ શબ્દપતિ તરીકે સ્થાન પામ્યા છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પી. કે. લહેરી સાહેબે જ્ઞાન અને શબ્દભંડોળનો આજે સંગમ થઈ રહ્યો છે, તેની વાત કરી. માતૃભાષાના જ્ઞાન વગર જે પેઢી તૈયાર થઈ છે, તે ચિંતાનો વિષય છે એમ તેમણે કહ્યું. ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની હાજરીમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાતી લેક્સિકન એ બંનેનાં MOU સંપન્ન થયાં. તેમણે કહ્યું કે ગુજરાતી ભાષા અને લેક્સિકન આજે બંને ભેગા થાય છે. કોઈ પણ સમાજ કે સંસ્કૃતિના વિકાસમાં ભાષા મહત્ત્વનું સ્થાન છે. ડિજિટલ ક્રાંતિએ બધાંને ભેગા કર્યાં છે. ભાષાસેવાની ધૂણી શ્રી રતિભાઈએ ધખાવી છે. તો ગુજરાતી વિશ્વકોશની ધૂણી શ્રી ધીરુભાઈ ઠાકરે ધખાવી છે. આજના આ MOU ભાષાના સંવર્ધન, સંસ્કૃતિ અને ભાષાને ઉજાગર કરતા MOU છે. માતૃભાષા ભુલાય તો બધું જ ભુલાય. સ્વ-ભાષા અને સ્વ-સંસ્કાર માટે હવે બધાંએ કટિબદ્ધ થવાની જરૂર છે. ભાષાનું શિક્ષણ માતૃભાષામાં જ અપાય એના પર એમણે મહત્ત્વ આપ્યું છે. આ સંસ્થાએ ગુજરાતી વિશ્વકોશ પ્રગટ કરીને ગુજરાતી ભાષાની અમૂલ્ય સેવા કરી છે. ગુજરાતીના ભવ્ય વારસાની જાળવણી કરી છે. ગુજરાતી વિશ્વકોશ અને ગુજરાતી લેક્સિકનના બંને સૂત્રધારોનો તેમણે આભાર માન્યો. કાર્યક્રમનું સંચાલન ડૉ. પ્રીતિ શાહે કર્યું.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૧૨, અંક : ૩, મે-જૂન, ૨૦૨૨, સળંગ અંક : ૬૯**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**





આર. એન. લલિતકલા એકેડેમીની બે વિદ્યાર્થિનીઓ કુ. તપસ્યા બારોટ (શ્રીમતી એમ. બી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ધોરણ - ૯) અને કુ. મહિમા બારોટ (શ્રીમતી આર. જી. ગર્લ્સ હાઈસ્કૂલ, ધોરણ - ૯)ના આરંગેત્રમનો કાર્યક્રમ તા. ૩૧-૫-૨૨ના રોજ ખીમજી વિસરામ એન્ડ સન્સ સંસ્કાર ભવન, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અધ્યક્ષપદે ડૉ. વીણાબહેન પટેલ (ડીન, ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય), મુખ્ય અતિથિ પ્રતિમાબહેન (બી.એ.પી.એસ., મધ્યસ્થ કાર્યાલય, અમદાવાદ), શ્રી મોહનભાઈ ખેતિયા (પ્રમુખશ્રી રાજ્ય પુરોહિત બ્રાહ્મણ જ્ઞાતિ), અને શ્રી પ્રદીપભાઈ રાજગોર (પ્રમુખશ્રી, પાટણ જિલ્લા સોલ્ટ એસોસિએશન, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યાં હતાં. કુ. મહિમા અને તપસ્યાએ અકાદમીનાં સંચાલિકા દિનાબહેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ કલાગુરુ શંકુતલાબહેન ઓઝા પાસેથી તાલીમ મેળવી છે. આરંગેત્રમની પ્રસ્તુતિનાં દ્રશ્યો.











સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત કન્યા છાત્રાલયમાં નિવાસ કરતી વિદ્યાર્થિનીઓના જીવનમાં સ્વચ્છતા - સુવ્યવસ્થાની સારી ટેવો પડે તે હેતુથી રૂમ સ્વચ્છતા-સુવ્યવસ્થા સ્પર્ધા તા. ૧૫ જૂનના રોજ યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં સ્વચ્છતા દ્રષ્ટિએ A ગ્રેડમાં આવતી રૂમોની વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. સોમાભાઈ પટેલ, શ્રી કૌશલ્યાબહેન પટેલ, શ્રી કુમારભાઈ પંડ્યા, શ્રી કિંજલભાઈ પટેલ તથા અન્ય ગૃહપતિ - ગૃહ માતાઓની હાજરી પ્રેરક બની રહી હતી.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly** News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 12, Issue No. 3 May-June 2022
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6




ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજિત વિશ્વકોશ અને લેક્સિકનના જોડાણ અવસરે ઉપસ્થિત મહાનુભાવો ડાબેથી
સર્વશ્રી પ્રવીણ લહેરી, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ શાહ,
શ્રી પ્રકાશ ભગવતી અને શ્રી નીતિન શુક્લ દ્રશ્યમાન થાય છે.

